CMYK CMYK

RNI NO. GUJ/GUJ/2004/15191

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

BHAVNAGAR
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા    બીઝનેસ સેન્ટર, ઘોઘાગેટ, ભાવનગર ફોન : (૦૨૭૮) ૨૫૧૪૫૧૪, ૨૫૧૪૫૧૫ ફેક્સ : ૨૫૧૪૫૧૫

● સંવત ૨૦૮૨ ભાદરવા વદ - ૧૩    શુક્રવાર તા.૦૯-૧૦-૨૦૨૬    અંક : ૨૮૫ વર્ષ : ૨૩    news@aaspassindia.com    કિંમત રૂા. ૨-૫૦    પાના - ૮

# નિદાલ હસનને ફોર્ટ હૂડ ખાતે જાહેરમાં મૃત્યુદંડની સજા અપાશે

## અમેરિકામાં ૨૦૦૯માં અંધાધૂંધ ગોળીબાર કરી ૧૩ સૈનિકોની હત્યા કરેલી, ત્રીજી ડિસેમ્બરે ફાયરિંગ સ્કવોડ દ્વારા મૃત્યુદંડ અને લાઈવ સ્ટ્રીમિંગઃ ડિફેન્સ સેક્રેટરી પીટ હેગસેથે

વોશિંગટન,

અમેરિકાના ઈતિહાસમાં પ્રથમવાર પૂર્વ આર્મી ઓફિસર મેજર નિદાલ મલિક હસનને ૩ ડિસેમ્બરે જાહેરમાં ગોળી મારીને મૃત્યુદંડ અપાશે. આ પ્રક્રિયાનું લાઈવ સ્ટ્રીમિંગ પણ કરાશે. ૯૦ વર્ષ પછી અમેરિકામાં પ્રથમવાર આવી જાહેર સજા જોવા મળશે.,મેજરે ૨૦૦૯માં ફોર્ટ હૂડ લશ્કરી બેઝ પર ૧૩ સૈનિકોની ગોળીબાર કરીને હત્યા કરી હતી.



યુનાઈટેડ સ્ટેટ્સ (પોતાના આધુનિક ઈતિહાસમાં ક્યારેય ન જોયેલી ઘટનાનો સાક્ષી બનવા જઈ રહ્યું છે. વર્ષ ૨૦૦૯માં ટેક્સાસના ફોર્ટ હૂડ લશ્કરી બેઝ પર ૧૩ સૈનિકોની અંધાધૂંધ ગોળીબાર કરીને હત્યા કરનાર પૂર્વ આર્મી ઓફિસર મેજર નિદાલ મલિક હસનને જાહેરમાં ટેલિવિઝન પર 'લાઈવ' મૃત્યુદંડ આપવામાં આવશે. અમેરિકામાં આ પ્રકારની જાહેર ફાંસીની પદ્ધતિ લગભગ એક સદી પહેલાં બંધ કરી દેવામાં આવી હતી, જે હવે અમેરિકન સૈન્ય દ્વારા પુનઃ અમલમાં મૂકવામાં આવી રહી છે.અમેરિકાના ડિફેન્સ સેક્રેટરી પીટ હેગસેથે આ અંગે સત્તાવાર જાહેરાત કરતાં જણાવ્યું હતું કે, 'નિદાલ હસનને આગામી ત્રીજી ડિસેમ્બરના રોજ ફોર્ટ હૂડ ખાતે ફાયરિંગ સ્કવોડ (ગોળીબાર) દ્વારા મૃત્યુદંડ આપવામાં આવશે અને આ સમગ્ર પ્રક્રિયાનું જીવંત પ્રસારણ કરવામાં આવશે.' નોંધનીય છે કે, સામાન્ય રીતે વિશ્વભરમાં આવી સજાઓનું જીવંત પ્રસારણ કરવામાં આવતું નથી. હાલમાં માત્ર ઈરાન, ઉત્તર કોરિયા અને અફઘાનિસ્તાનની તાલિબાન સરકાર જેવા જૂથો કે દેશોમાં જ આવી પ્રથા જોવા મળે છે.દોષિત નિદાલ મલિક હસને ટેક્સાસ સ્થિત ફોર્ટ હૂડ લશ્કરી મથક પર અંધાધૂંધ ગોળીબાર કરીને ૧૩ લોકોની નૃશંસ હત્યા કરી હતી અને ૩૨ જેટલા લોકોને ગંભીર રીતે ઈજાગ્રસ્ત કર્યા હતા. મૃતકોમાં ૧૨ સક્રિય આર્મી સૈનિકો સામેલ હતા. યુએસ લશ્કરી બેઝના ઈતિહાસમાં આ અત્યાર સુધીનો સૌથી ઘાતક અને ભયાનક ગોળીબારનો બનાવ હતો, જેણે સમગ્ર અમેરિકન આર્મી અને વહીવટીતંત્રને હચમચાવી મૂક્યું હતું.

## અમેરિકાના ૮૧ વિમાન-ડ્રોન ઈરાન સાથે યુદ્ધમાં નષ્ટ

વૉશિન્ગટન,

ઈરાન-અમેરિકા યુદ્ધમાંજીને મોટો ફટકો પડ્યો છે. 'કોંગ્રેસનલ રિસર્ચ સર્વિસ'ના રિપોર્ટ મુજબ, ઈરાન સાથેના સંઘર્ષમાં ૮૧ અમેરિકન સૈન્ય વિમાનો અને ડ્રોન નષ્ટ કે ક્ષતિગ્રસ્ત થયા છે. જેમાં 45 MQ-9 રીપર ડ્રોન, ૧૨ F-15E જેટ અને 7 KC-135 સ્ટ્રેટોટેંકરનો સમાવેશ થાય છે. આ નુકસાનને કારણે પ્રમુખ પ્રમુખ ટ્રમ્પે ૩ નવેમ્બરની મિડ-ટર્મ ચૂંટણીઓ સુધી ઈરાન પર નવા હુમલા સ્થગિત કર્યા છે.

ઈરાન અને અમેરિકા વચ્ચે ચાલી રહેલા ભયાનક યુદ્ધમાં યુનાઈટેડ સ્ટેટ્સ (US) ને અકલ્પનીય સૈન્ય અને નાણાકીય ફટકો પડ્યો છે. યુએસ સૈન્યના અત્યાધુનિક પ્લેન અને ડ્રોન ઈરાની સંરક્ષણ પ્રણાલી અને જવાબી કાર્યવાહીનો ભોગ બન્યા છે. યુએસ સંસદની સ્વાયત્ત સંસ્થા 'કાંગ્રેસનલ રિસર્ચ સર્વિસ' ના તાજેતરના અપડેટેડ રિપોર્ટ અનુસાર, ઈરાન સાથેના સંઘર્ષમાં અત્યાર સુધીમાં ઓછામાં ઓછા ૮૧ અમેરિકન સૈન્ય વિમાનો અને ડ્રોન કાં તો સંપૂર્ણ રીતે નષ્ટ થઈ ગયા છે અથવા તો ગંભીર રીતે ક્ષતિગ્રસ્ત થયા છે.બીજી તરફ, આટલા મોટા સૈન્ય નુકસાન અને દેશમાં વધતા રાજકીય દબાણ વચ્ચે અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે મોટો રાજકીય નિર્ણય લીધો છે. ટ્રમ્પે ગુરુવારે સોશિયલ મીડિયા પર જાહેરાત કરી હતી કે, અમેરિકામાં આગામી ૩ નવેમ્બરે યોજાનારી મિડ-ટર્મ (મધ્યાવધિ) ચૂંટણીઓ પૂર્ણ ન થાય ત્યાં સુધી તેઓ ઈરાન પર કોઈ નવા સૈન્ય હુમલાનો આદેશ આપશે નહી.

## ગાંધીનગરમાં ગિફ્ટ સિટી નજીક મેટ્રો ટ્રેન પાટા પરથી ઉતારી ગઈ

### મેટ્રો ટ્રેનની ટ્રાયલ રન દરમિયાન આ દુર્ઘટના સર્જાઈ, સદ્‌નસીબે જાનહાની ટળી

ગાંધીનગર,તા.૦૮

ગાંધીનગરના ગિફ્ટ સિટી નજીક મેટ્રો ટ્રેન પાટા પરથી ઉતરી જવાની ઘટના બની હતી. મેટ્રો ટ્રેનની ટ્રાયલ રન દરમિયાન આ દુર્ઘટના સર્જાઈ હતી. સદનસીબે, આ બનાવમાં કોઈ જાનહાનિ થઈ નથી. ઘટનાની જાણ થતા જ અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને વધુ તપાસ હાથ ધરી હતી.



ગાંધીનગરમાં આવેલા ગિફ્ટ સિટી નજીક મેટ્રોમાં દુર્ઘટના સર્જાઈ હતી. મેટ્રો ટ્રેન અચાનક પાટા પરથી નીચે ઊતરી ગયાની માહિતી મળી છે. જોકે, રાહતની વાત એ રહી કે હજુ સુધી કોઈ જાનહાનિના અહેવાલ સામે આવ્યા નથી. યાત્રીઓ આગામી સ્ટેશને ઉતરી ગયાની માહિતી મળી રહી છે. હાલ કોઈને ત્યાં જવા દેવાયા નથી. આ ઘટના બન્યા બાદ મેટ્રો ટ્રેન અટકાવી દેવામાં આવી હતી. જેના કારણે ગિફ્ટ સિટી જતાં મુસાફરો અટવાઈ પડ્યા હતા. જ્યારે આ મામલે કારણ જાણવાનો પ્રયાસ કરાયો તો માહિતી મળી કે મેટ્રો ટ્રેન સેવા ટેક્નિકલ કારણોસર બંધ કરી દેવામાં આવી છે.

## કચ્છના ખાવડામાં ગોઝારો અકસ્માત, ૭ લોકોના મોત

### ૧૫ શ્રમિકો ભરેલી બોલેરો પિકઅપને ટ્રકે ટક્કર મારી, બોલેરોનો કચ્ચરઘાણ વળ્યો, પંથકમાં અરેરાટી

કચ્છ,

કચ્છના ખાવડા સ્થિત આરી પાર્ક વિસ્તારમાં પોલીસ ચેકપોસ્ટથી આરી પાર્ક તરફ જતા રસ્તા પર કામદારોને ભરીને જઈ રહેલી એક બોલેરો ગાડીને ડમ્પર (બ્લેકર) દ્વારા જોરદાર ટક્કર મારવામાં આવતા એક અત્યંત ગમખ્વાર અકસ્માત સર્જાયો છે, જેમાં બોલેરોમાં સવાર ૧૫ થી વધુ કામદારો પૈકી ૭ શ્રમિકોના કમકમાટીભર્યા મોત નીપજ્યા છે અને અન્ય કેટલાક લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે; આ ભયાનક દુર્ઘટનાને પગલે મૃતદેહોને પીએમ માટે ખાવડાથી ભુજ ખસેડવાની કવાયત હાથ ધરવામાં આવી છે, જ્યારે આરી પાર્ક વિસ્તારમાં બનેલી આ પ્રથમ મોટી દુર્ઘટનાને લઈને પોલીસે અકસ્માતનો ગુનો નોંધીને વધુ તપાસ શરૂ કરી છે.

કચ્છના ખાવડા નજીક આવેલા આરી પાર્ક તરફ જવાના માર્ગ પર ગત મોડી રાત્રે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. શ્રમિકોને લઈ જઈ રહેલી પિકઅપને એક પુરપાટ ઝડપે આવતી ટ્રકે જોરદાર ટક્કર મારતાં સર્જાયેલી આ દુર્ઘટનામાં ૭ જેટલા શ્રમિકોનાં મોત નીપજ્યાં હતા. આરી પાર્ક વિસ્તારમાં આટલી મોટી સંખ્યામાં જાનહાનિ ધરાવતો આ પહેલો અકસ્માત હોવાથી લોકોમાં અરેરાટી વ્યાપી ગઈ છે. પોલીસે અકસ્માત સર્જનાર ટ્રકચાલક સામે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.





મળતી માહિતી અનુસાર, મોડી રાત્રે શ્રમિકોને લઈને જઈ રહેલી પિકઅપ જ્યારે આરી પાર્ક તરફના રસ્તા પરથી પસાર થઈ રહી હતી. ત્યારે સામેથી આવતી ટ્રકે તેને જોરદાર ટક્કર મારી હતી. આ પિકઅપમાં ૧૫થી વધુ શ્રમિકો સવાર હતા. આ અકસ્માતમાં ૭ શ્રમિકોએ પોતાના જીવ ગુમાવ્યા છે, જ્યારે અન્ય કેટલાક શ્રમિકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતાં તેને તાત્કાલિક સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. દુર્ઘટનાની જાણ થતાં જ પોલીસ કાફલો અને ઈમરજન્સી સેવાઓ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગઈ હતી. પોલીસે ઈજાગ્રસ્તોને રેસ્ક્યૂ કરી સારવાર અર્થે પહોંચાડ્યા હતા અને તમામ ૭ મૃતકોના મૃતદેહોને ખાવડાથી ભુજ ખાતે પોસ્ટમોર્ટમ અર્થે મોકલવાની તજવીજ હાથ ધરી હતી. આરી પાર્ક વિસ્તારમાં આટલી મોટી સંખ્યામાં જાનહાનિ ધરાવતો આ પહેલો અકસ્માત હોવાથી લોકોમાં અરેરાટી વ્યાપી ગઈ છે. પોલીસે અકસ્માત સર્જનાર ટ્રક ચાલક સામે ગુનો નોંધી આગળની સઘન તપાસ અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## દિલ્હીમાં આવતીકાલે CJPનું પ્રદર્શન અનેક ટ્રેનો રદ, ૫૭ મેટ્રો સ્ટેશન બંધ

### દિલ્હીના જંતર-મંતર ખાતે મુખ્ય ચૂંટણીના રાજીનામા માટે પ્રદર્શન કરશે

નવીદિલ્હી,

દિલ્હીમાં કોકરોચ જનતા પાર્ટીના આવતીકાલે યોજાનારા પ્રદર્શનને પોલીસે મંજૂરી આપી નથી. પોલીસ તરફથી કહેવામાં આવ્યું કે પ્રદર્શનની જાણકારી મોડેથી આપવામાં આવી છે.આ દરમિયાન નવી દિલ્હી અને હઝરત નિઝામુદ્દીન સ્ટેશન પર આવતી તમામ મેલ અને એક્સપ્રેસ ટ્રેનો આવતીકાલે રદ રહેશે. રેલવેએ આ ટ્રેનોને તેમના પ્રારંભિક સ્ટેશનો પરથી જ રદ્દ કરી દીધી છે.

ખરેખરમાં, ઝત્તૅ અને ડાબેરી સંગઠનોએ દેશભરમાં સમર્થકોને કસ્ટડીમાં લેવાનો આરોપ લગાવ્યો છે. પોલીસે વિરોધ પ્રદર્શન પહેલાં ૫૭ મેટ્રો સ્ટેશનો બંધ કરવાનો અને ૧૦ ડિટેન્શન સેન્ટર બનાવવાનો નિર્ણય લીધો છે. આ પહેલા ગુરુવારે રાત્રે કોકરોચ જનતા પાર્ટીએ જણાવ્યું કે પુણેના વિદ્યાર્થીઓને દિલ્હી જતી વખતે રસ્તામાં જ કસ્ટડીમાં લેવામાં આવ્યા. તેમને બસમાંથી અજાણ્યા સ્થળે લઈ જવામાં આવ્યા. આ દરમિયાન, ઝત્તૅએ મધ્ય પ્રદેશનો એક વીડિયો પણ શેર કર્યો. તેમાં ચાલતી બસમાં યુવાનોને બતાવવામાં આવ્યા છે. એક યુવકે મધ્ય પ્રદેશ પોલીસ દ્વારા કસ્ટડીમાં લેવામાં આવ્યાની વાત કહી.તેમણે કાર્યકર્તાઓના ઘરે જઈને પરિવારોને ડરાવવાનો પણ આરોપ લગાવ્યો. કાલે ૧૦ ઓક્ટોબરે CJP દિલ્હીના જંતર-મંતર ખાતે મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામા માટે પ્રદર્શન કરશે.

### જંતર-મંતર પર પ્રદર્શનની મંજુરી અપાઈ નથીઃ જોઈન્ટ કમિશનર

દિલ્હી પોલીસના જોઈન્ટ કમિશનર નૂપુર પ્રસાએ કહ્યું કે જંતર-મંતર પર ધરણા-પ્રદર્શન માટે મંજુરી આપવામાં આવી નથી. ગાઈડલાઈન મુજબ, આયોજિત વિરોધ પ્રદર્શન માટે ૧૦ દિવસ પહેલાં સૂચના આપવી પડે છે. ત્યાં મ્દ્રજીજીની કલમ ૧૬૩ લાગુ છે, એટલે કે ૫ લોકો ભેગા થઈ શકશે નહીં. જો તેનું પાલન નહીં થાય તો કાર્યવાહી કરવામાં આવશે.

## યુપીના જેવર એરપોર્ટનું નામ હવે નરેન્દ્ર મોદી ઈન્ટરનેશનલ એરપોર્ટઃ CM યોગીની જાહેરાત

### ઉત્તરપ્રદેશ કેબિનેટ બેઠકમાં PM મોદીના ૨૫ વર્ષના જનસેવાના કાર્યકાળ પર અભિનંદન આપતો પ્રસ્તાવ પસાર કર્યો

લખનૌ,

UP સરકારે નોઈડાના જેવર એરપોર્ટનું નામ 'નરેન્દ્ર મોદી ઈન્ટરનેશનલ એરપોર્ટ' કરવાનો નિર્ણય લીધો છે. UP કેબિનેટની બેઠક બાદ CM યોગી આદિત્યનાથે આ જાહેરાત કરી છે. કેબિનેટ બેઠક પછી CM યોગીએ જણાવ્યું કે કેબિનેટમાં આ પ્રસ્તાવ પાસ કરવામાં આવ્યો છે. બેઠકમાં PM મોદીની જાહેર સેવામાં ૨૫ વર્ષ પૂરા થવાના પ્રસંગે અભિનંદન પ્રસ્તાવ પણ પસાર કરવામાં આવ્યો હતો. જેવર એરપોર્ટનું ઉદ્ઘાટન આ જ વર્ષે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કર્યું હતું. તેના પ્રથમ તબક્કાનું ઉદ્ઘાટન થયા બાદ હવે આગળ ચાર તબક્કામાં વિસ્તાર થવાનો છે. UPના CM યોગી આદિત્યનાથે



આ દરમિયાન પોતાની સરકારની આશરે ૯ વર્ષની સિદ્ધિઓ પણ ગણાવી હતી.

UP કેબિનેટે PM મોદીના ૨૫ વર્ષના જનસેવાના કાર્યકાળ પર અભિનંદન આપતાં મોટો પ્રસ્તાવ પસાર કર્યો. તેમણે કહ્યું કે ૭ ઓક્ટોબરનો દિવસ દેશના ઈતિહાસમાં નોંધાયો છે. વડાપ્રધાનની સમર્પિત યાત્રા માટે UP કેબિનેટ PMનું હાર્દિક અભિનંદન કરે છે. CM યોગીએ કહ્યું કે વડાપ્રધાન મોદી સાથે UPનો સંબંધ ખૂબ જ ખાસ છે. PM મોદીએ કહ્યું હતું કે તેમને મા ગંગાએ બોલાવ્યા છે. તેઓ વારાણસીના સાંસદ છે. PMના નેતૃત્વમાં UP પ્રગતિ કરી રહ્યું છે. UPમાં એક્સપ્રેસવેની જાળ પથરાઈ રહી છે. પ્રધાનમંત્રી આવાસ યોજના, આયુષ્યમાન યોજના જેવી યોજનાઓમાં UP મોખરે છે. કરોડો મહિલાઓને ઉજ્જવલા યોજના હેઠળ હોળી અને દિવાળીમાં મફત સિલિન્ડર આપવામાં આવી રહ્યા છે.

## જ્ઞાનેશ કુમાર અને એસઆઈઆરની વિરુદ્ધ વિપક્ષ દ્વારા પ્રદર્શન યથાવત

### PM હાઉસ-રાષ્ટ્રપતિ ભવન સુધી થઈ શકે છે કુચ, ઓફિસની સુરક્ષા વધારાઈ

નવીદિલ્હી,

મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર અને SIR વિરુદ્ધ વિપક્ષના વિરોધ પ્રદર્શનનો શુક્રવારે ચોથો દિવસ છે. INDIA બ્લોકના સાંસદો આજે બપોરે ૩ વાગ્યે સંવિધાન સદનના સેન્ટ્રલ હોલમાં બેઠક કરશે. ત્યારબાદ વિપક્ષી સાંસદો ગૃહમંત્રીના નિવાસસ્થાન, વડાપ્રધાનના આવાસ, સેવા તીર્થ અથવા ઉપરાષ્ટ્રપતિના આવાસ તરફ માર્ચ કરી શકે છે.

વિપક્ષી નેતાઓએ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂને મળવા માટે ૧૦ ઓક્ટોબરનો સમય માંગ્યો છે. કોંગ્રેસના મહાસચિવ કેસી વેણુગોપાલના જણાવ્યા મુજબ, મુલાકાત માટે પ્રથમ વખત ૨ ઓક્ટોબરે સમય માંગવામાં આવ્યો હતો. સમય ન મળતા રાષ્ટ્રપતિ ભવન સુધી વિરોધ પ્રદર્શન કરવામાં આવી શકે છે.

સતત થઈ રહેલા વિરોધ પ્રદર્શનોને ધ્યાનમાં રાખીને દિલ્હી પોલીસે જ્ઞાનેશ કુમારના સરકારી નિવાસસ્થાન અને ચૂંટણી પંચની આસપાસ સુરક્ષા વધારી દીધી છે. બીજી તરફ, દિલ્હીમાં વિરોધ પ્રદર્શન દરમિયાન થયેલી અથડામણોને લઈને રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી વિરુદ્ધ અત્યાર સુધીમાં ૪ FIR નોંધાઈ ચૂકી છે.

## સ્મિત મચ્છરનું પ્રેસિડેન્સિયલ એવોર્ડથી સન્માન કરશે, ઈઝરાયલ

### નાગરિક બહાદુરી માટે આ દેશનો સર્વોચ્ચ પુરસ્કાર,રાષ્ટ્રપતિ આઈઝેક હરઝોગે કરી જાહેરાત

જેરુસલેમ,

ફ્લાયદુબઈ વિમાનના કોકપીટમાં પોતાના સહ-પાઈલટ દ્વારા કરવામાં આવેલા હુમલાનો સામનો કરનાર અને ૧૭૪ મુસાફરો અને ક્રૂ સભ્યોના જીવ બચાવનાર કેપ્ટન સ્મિત માછરને ઈઝરાયલનો 'નાગરિક વીરતા માટે રાષ્ટ્રપતિ પુરસ્કાર' પ્રેસિડેન્સિયલ એવોર્ડ ફોર સિવિલિયન હીરોઈઝમ - પ્રાપ્ત થશે. જેની ઈઝરાઈલના રાષ્ટ્રપતિએ જાહેરાત કરી છે.નાગરિક બહાદુરી માટે આ દેશનો સર્વોચ્ચ પુરસ્કાર છે. ભારત માટે પણ આ ખૂબ જ ગર્વની ક્ષણ કહેવાશે. કારણ કે, વિદેશી ધરતી પર કોઈ ભારતીયને જે તે દેશનું સર્વોચ્ચ સન્માન મળે તે ગર્વની વાત છે.

ઓમાનના વતની હમ્મામ અલ-હમ્મામીએ કોકપીટની અંદર ઈમરજન્સી કુહાડીનો ઉપયોગ કરીને હુમલો કર્યો ત્યારે માછરને ગંભીર ઈજા થઈ હતી. ગંભીર ઈજાઓ અને ભારે ઈજાઓ થઈ હોવા છતાં, ભારતીય પાઈલટ કોકપીટનો દરવાજો ખોલવામાં સફળ રહ્યો. આ કામગીરીથી ઈઝરાયલી મુસાફરો કોકપીટમાં પ્રવેશી શક્યા અને હુમલાખોરને કાબુમાં લઈ શક્યા હતાં. આજે આખા વિશ્વમાં કેપ્ટન સ્મિત



મચ્છરના ખૂબ જ વખાણ થઈ રહ્યાં છે.

અત્યારે ભારતીય પાઈલટ સ્મિત મચ્છરની યુએઈમાં એક હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. ઈઝરાયેલના રાષ્ટ્રપતિ આઈઝેક હરઝોગે જાહેરાત કરી છે કે, જ્યારે કેપ્ટન સ્મિત મચ્છર સંપૂર્ણ રીતે સ્વસ્થ થઈ જશે ત્યારે તેમને સન્માનિત કરીશું.તેમણે કહ્યું કે, આજે આપણે જે ઈઝરાયેલી નાયકોનું સન્માન કરી રહ્યા છીએ તેમની સાથે સાથે, અમે ભારતના કેપ્ટન સ્મિત મચ્છરના સંપૂર્ણ અને ઝડપી સ્વસ્થ થવાની પણ કામના કરીએ છીએ. કેપ્ટન મચ્છરની અસાધારણ બહાદુરી અને ઉત્કૃષ્ટ વ્યાવસાયિકતાએ એક મોટી દુર્ઘટનાને ટાળવામાં મદદ કરી હતી. તેઓ સ્વસ્થ થઈ જાય પછી, ઈઝરાયેલની જનતા વતી તેમને 'પ્રેસિડેન્શિયલ એવોર્ડ ફોર સિવિલિયન હીરોઈઝમ' અર્પણ કરવો એ મારા માટે ગૌરવની વાત હશે.

# વિકસિત ભારત માટે વિકસિત ગુજરાતનો નિર્ધાર ગતિ - ગુણવત્તા અને ગૌરવ અપાવે તેવા સસ્ટેનેબલ ડેવલપમેન્ટથી પાર પાડવા મુખ્યમંત્રીનું આહવાન

## ગતિ-ગુણવત્તા અને ગૌરવ એક્સેલરેટિંગ ઈન્ફાસ્ટ્રક્ચર ફોર વિકસિત ગુજરાત ૨૦૪૭ની થીમ સાથે યોજાઈ રહેલી માર્ગ અને મકાન વિભાગની પ્રથમ ચિંતન શિબિરનો મુખ્યમંત્રીએ પ્રારંભ કરાવ્યો



ગાંધીનગર,

રાજ્યના નાગરિકોને જે શ્રેષ્ઠ રોડ નેટવર્ક અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુવિધાઓ મળી છે તેની ગુણવત્તા જાળવી રાખીને ભવિષ્યમાં વધુ ગૌરવ પૂર્ણ બનાવવાની દિશાની ગતિ માટે સામૂહિક ચિંતન મહત્વપૂર્ણ છે તેવો સ્પષ્ટ મત મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે વ્યક્ત કર્યો છે.

મુખ્યમંત્રીશ્રી રાજ્ય સરકારના માર્ગ-મકાન વિભાગની પ્રથમ દ્વિદિવસીય ચિંતન શિબિરનો ગાંધીનગરમાં પ્રારંભ કરાવતા સંબોધન કરી રહ્યા હતા.

ગતિ, ગુણવત્તા અને ગૌરવ એક્સેલરેટિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફોર વિકસિત ગુજરાત ૨૦૪૭ની થીમ સાથે યોજાઈ રહેલી આ શિબિરમાં વર્ક આસિસ્ટન્ટથી લઈને સચિવ કક્ષાના અધિકારીઓ સામૂહિક મંથન કરવાના છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૨૦૦૩માં શરૂ કરાવેલી ચિંતન શિબિરની પરંપરા નો સંદર્ભ આપતા કહ્યું કે, સાથે આવવું એ શરૂઆત, સાથે વિચારવું એ પ્રગતિ અને સાથે કામ કરવું એ સફળતાનો વિચાર ત્યારે તેમણે આપેલો. મુખ્યમંત્રીશ્રીએ 'મેં નહિ હમ'નો ભાવ તેમજ 'સ્વયં થી વ્યમ'નો ધ્યેય રાખીને આ વિચાર સાકાર કરવામાં ચિંતન શિબીરોની ઉત્તરોત્તર સફળતાની સરાહના કરી હતી. મુખ્યમંત્રીશ્રીએ માર્ગ-મકાન વિભાગને સરકારનો અત્યંત મહત્વનો વિભાગ ગણાવતા જણાવ્યું કે, રોડ-રસ્તાના કામો, પૂલોના કામો કે જાહેર જનતાને સ્પર્શતા કનેક્ટિવિટી ઈન્ફ્રાસ્ટ્રક્ચરના સારા કામોની હંમેશા લોકો પ્રશંસા કરે છે. એટલું જ નહીં, જો ક્યાંય કોઈ ઉણપ દેખાય તો આલોચના પણ તરત કરે છે એટલે આ વિભાગે ક્વોલિટીમાં કોઈ બાંધછોડ ન થાય અને શ્રેષ્ઠ કામ થાય તેની તકેદારી રાખવી ખૂબ જ જરૂરી છે તેમ તેમણે જણાવ્યું હતું. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, અજાણતા ભૂલ થઈ હોય તો તે સુધારી શકાય પરંતુ જાણી જોઈને થયેલી ભૂલચૂક માફ થઈ શકે નહીં. તેમણે ટેન્ડર પ્રક્રિયામાં વિશેષ ધ્યાન આપવા સાથે એસ.ઓ.પી. મુજબ કામ થાય, સમય મર્યાદામાં પૂર્ણ થાય તે બાબતો પર ફોકસ કરીને સહિયારા પ્રયાસો, એફર્ટ્સની જરૂરિયાત સમજાવી હતી. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ચિંતન શિબીરો વ્યક્તિગત જીવનમાં પણ આત્મમંથનથી સુધારા લાવવાનું સક્ષમ માધ્યમ છે તેમ જણાવતા કહ્યું કે સૌએ આ અંગે પણ સિરિયસલી વિચારવું જોઈએ.

# ગિફ્ટ સિટીમાં નવરાત્રિની ભવ્ય ઉજવણી થશે અલગ-અલગ થીમ સાથે 'ગિફ્ટ ગરબા' યોજાશે

## ઉત્સવમાં ગરબા, લાઈવ મ્યુઝિક, કળા સાથેનો અનોખો સંગમ જોવા મળશે

ગાંધીનગર,

ગિફ્ટ સિટી આ નવરાત્રિમાં 'ગિફ્ટ ગરબા' સાથે ખેલૈયાઓને આવકારવા માટે સજ્જ છે. ૧૧થી ૧૯ ઓક્ટોબર, ૨૦૨૬ દરમિયાન ગિફ્ટ સિટી ક્લબ નજીક આવેલા ઈવેન્ટ ગ્રાઉન્ડ ખાતે નવ રાત સુધી ચાલનારા આ ઉત્સવમાં ગરબા, લાઈવ મ્યુઝિક, કળા સાથેનો અનોખો સંગમ જોવા મળશે. આ ઉજવણીમાં ગિફ્ટ સિટીના રહેવાસીઓ, વ્યવસાયિકો, પરિવારો અને મુલાકાતીઓ નવ સાંજ સુધી સંગીત, સંસ્કૃતિ અને સામુદાયિક ઉત્સવનો આનંદ માણી શકશે.

નવે નવ રાતની અલગ-અલગ થીમ હશે અને તે મુજબ સાંજના માહોલને અનુરૂપ સંગીત, રોશની અને સજાવટમાં પણ ફેરફાર કરવામાં આવશે. ૧૧ ઓક્ટોબરે 'શક્તિ' થીમ સાથે હિમાલી વ્યાસ નાયકના સંગીત સાથે ઉજવણીનો પ્રારંભ થશે. ત્યારબાદ ૧૨ ઓક્ટોબરે 'અનુભૂતિ' થીમ હેઠળ મીત જૈન રજૂઆત કરશે.

૧૩ અને ૧૪ ઓક્ટોબરે ત્રીજી અને ચોથી રાતે 'રંગ અને રાગ' થીમ હેઠળ ઓસમાણ મીર પર્ફોર્મ કરશે. ૧૫ અને ૧૬ ઓક્ટોબરે 'આનંદ અને ભક્તિ' થીમ સાથે સાયલી કાંબલે મંચ સંભાળશે. ત્યારબાદ ૧૭ ઓક્ટોબરે 'પરંપરા' થીમ હેઠળ પ્રહર વોરા રજૂઆત કરશે. ૧૮ ઓક્ટોબરે 'ઉત્સવ' થીમ સાથે પ્રિયા સરૈયા પર્ફોર્મ કરશે, જ્યારે ૧૯ ઓક્ટોબરે 'વિશ્વ' થીમ હેઠળ પ્રિયા સરૈયા અને લાઈવ બેન્ડની રજૂઆત સાથે નવરાત્રિની ઉજવણીનું સમાપન થશે.

ગરબા અને લાઈવ પર્ફોર્મન્સીસ ઉપરાંત, ગિફ્ટ ગરબા ખાતે બાળકો માટે કિડ્સ ગરબા ઝોન, આર્ટ કોર્નર, ફૂડ ઝોન, એઆઈ ફોટોબૂથ અને ઈમર્સિવ એક્સપિરિયન્સ ઝોન સહિત અનેક આકર્ષણો ઉપલબ્ધ રહેશે. આ ખાસ આયોજનથી ખેલૈયાઓને અનોખો અનુભવ મળશે.

પરંપરાગત ગરબા, આધુનિક સંગીત, ભોજન, કળા અને ઈન્ટરેક્ટિવ અનુભવોના સંગમ સાથે ગિફ્ટ ગરબાનો હેતુ ગિફ્ટ સિટીમાં વાઈબ્રન્ટ સામાજિક માહોલ ઊભો કરવાનો છે.

# ગુજરાત એસટીમાં હવે રેલવેની માફક એસએમએસ ટિકિટ પણ માન્ય ગણાશે

## મુસાફરી દરમિયાન કાગળની ટિકિટ સાચવવાની ઝંઝટ ખતમ

અમદાવાદ,

ગુજરાત સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન દ્વારા પેસેન્જરોની સુવિધા માટે મહત્ત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. હવે બસ સ્ટેશનના કાઉન્ટર પરથી બુક કરાવેલી ટિકિટ માટે કાગળની ટિકિટ સાચવી રાખવાની જરૂર નહીં પડે. કાઉન્ટર પરથી ટિકિટ બુક કરાવ્યા બાદ પેસેન્જરના મોબાઈલ નંબર પર ટિકિટનો એસએમએસ પણ આવશે. મુસાફરી દરમિયાન આ એસએમએસ મોબાઈલમાં બતાવીને ટિકિટ તરીકે માન્ય કરાવી શકાશે.

રેલવેમાં ઓનલાઈન ટિકિટ બુક કરાવ્યા બાદ મોબાઈલમાં આવતો ટિકિટનો એસએમએસ માન્ય ગણવામાં આવે છે. જોકે, રેલવેની મુસાફરીની જેમ જીએસઆરટીસીમાં પણ એસએમએસના આધારે મુસાફરી કરતી વખતે પેસેન્જરે ઓરિજિનલ ઓળખપત્ર સાથે રાખવું પડશે. ટિકિટ ચેકિંગ દરમિયાન કંડક્ટર એસએમએસની સાથે ઓળખપત્ર પણ ચકાસી શકે છે.

અત્યાર સુધી જીએસઆરટીસીના કાઉન્ટર પરથી ટિકિટ લીધા બાદ પેસેન્જરોએ કાગળની ટિકિટ સાચવીને રાખવી પડતી હતી. મુસાફરી દરમિયાન ટિકિટ ખોવાઈ જાય કે ફાટી જાય તો મુશ્કેલી ઊભી થતી હતી. હવે કાઉન્ટર પરથી ટિકિટ બુક કરાવ્યા બાદ રજિસ્ટર્ડ મોબાઈલ નંબર પર એસએમએસ મોકલવામાં આવશે. મુસાફરી દરમિયાન કંડક્ટર ટિકિટ ચેક કરે ત્યારે પેસેન્જર મોબાઈલમાં આવેલો જીસ્જી બતાવી શકશે. આથી કાગળની ટિકિટ સાચવવાની જરૂરિયાત ઘટશે અને ડિજિટલ માધ્યમથી ટિકિટ બતાવવાની સુવિધા મળશે.

એસએમએસમાં ટિકિટ મળ્યા બાદ પણ પેસેન્જરે મુસાફરી દરમિયાન અસલ ઓળખપત્ર સાથે રાખવું ફરજિયાત રહેશે. કંડક્ટર દ્વારા ટિકિટ ચેકિંગ વખતે એસએમએસ ઉપરાંત ઓરિજિનલ આઈડી પ્રૂફની ચકાસણી કરવામાં આવી શકે છે.

# અમદાવાદ ખાતે કલાગુરુ સ્નેહલ દવેની નૃત્ય સ્નેહ સ્કૂલ ઓફ ડાન્સ પ્રેરિત રંગધારા કાર્યક્રમ યોજાયો






## નૃત્યશાળાની ૩૦ જેટલી વિદ્યાર્થિનીઓએ લોકનૃત્ય, ગરબા સહિતની કૃતિઓ રજૂ કરી

અમદાવાદ,

અમદાવાદના એચ.કે હોલ, આશ્રમ રોડ ખાતે કલાગુરુ સ્નેહલ દવેના 'નૃત્ય સ્નેહ' સ્કૂલ ઓફ ડાન્સ તરફથી એક ભાતીગળ કાર્યક્રમ 'રંગધરા' ઉજવાયો. જેમાં ગુજરાતની લોક સંસ્કૃતિના ભાતીગળ રંગો જેવા લોકગીતો, ગરબા, લોક નૃત્યો અને લોકજીવનની વાતો મઢ્યો જુદા જુદા પ્રકારોમાં તૈયાર કરેલ નૃત્યનો કાર્યક્રમ પ્રસ્તુત થયો.

'નૃત્ય સ્નેહ' સ્કૂલ ઓફ ડાન્સની આશરે ૩૦ જેટલી ચાર વર્ષથી લઈને ૪૦ વર્ષ સુધીની વિદ્યાર્થીનીઓએ આ સુંદર કાર્યક્રમ પ્રસ્તુત કર્યો. આ તમામ કલાકારો તેમના કલા ગુરુ સ્નેહલ દવેના માર્ગદર્શનમાં કલા શિક્ષણ લઈ રહ્યા છે.

આપણી લોક સંસ્કૃતિની ધરોહરને સન્માન કરવાની આદર ભાવના સાથે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કલા ગુરુ કાશ્મીરાબેન ત્રિવેદી, દિનેશભાઈ મજીઠીયા, એડવોકેટ વિમલા ઠક્કર તેમજ જૈમીલ જોશી અતિથિ વિશેષ તરીકે હાજર રહ્યા હતા . આ કાર્યક્રમનું સંચાલન સૂત્રાધાર તરીકે વિરાજ દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમને વાનરસેના દ્વારા સહયોગ આપવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમને માણવા અમદાવાદીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા.

# અમદાવાદના દાણીલીમડામાંથી ૨.૬૮ લાખના એમડી ડ્રગ્સ સાથે આધેડ ઝડપાયો

## નારોલ સર્કલ અને આસપાસના વિસ્તારમાં ડ્રગ્સના બંધાણીઓને છૂટકમાં વેચાણ કરતો હતો

અમદાવાદ,

અમદાવાદ શહેર એસઓજી ક્રાઈમ બ્રાન્ચે દાણીલીમડા વિસ્તારમાં દરોડો પાડીને એક આધેડને ૨.૬૮ લાખ રૂપિયાની કિંમતના ગેરકાયદે મેફેડ્રોન (એમડી) ડ્રગ્સના જથ્થા સાથે ઝડપી પાડ્યો છે. આરોપી રાજસ્થાનના ભીલવાડાથી ડ્રગ્સ લાવીને નારોલ સર્કલ અને આસપાસના વિસ્તારમાં ડ્રગ્સના બંધાણીઓને છૂટકમાં વેચાણ કરતો હોવાનો ઘટસ્ફોટ થયો છે. મળતી માહિતી અનુસાર, એસઓજી ક્રાઈમ બ્રાન્ચને ચોક્કસ બાતમી મળી હતી કે દાણીલીમડા અલીફ કોમ્પ્લેક્સની બાજુમાં આવેલ 'અલ મુબારક રો-હાઉસ'માં રહેતો નાસીર સૈયદ પોતાના ઘરમાં એમડી ડ્રગ્સ રાખીને તેનું વેચાણ કરે છે. આ બાતમીના આધારે પોલીસે તાત્કાલિક દરોડો પાડીને ૪૭ વર્ષીય નાસીર સૈયદને ઝડપી લીધો હતો. પોલીસે આરોપીની અંગજડતી લેતાં તેના ખિસ્સામાંથી કાળા રંગની થેલીમાંથી પ્લાસ્ટિકની ૩૦ નાની બેગ મળી આવી હતી. એફએસએલના પ્રાથમિક પરીક્ષણમાં આ પાવડર મેફેડ્રોન ડ્રગ્સ હોવાનું સ્પષ્ટ થયું હતું. ડિજિટલ વજનકાંટા પર વજન કરાવતાં ૮૯ ગ્રામ ૬૩ મિલીગ્રામ જથ્થો નોંધાયો હતો, જેની આંતરરાષ્ટ્રીય બજાર કિંમત ૨,૬૮,૦૦૦ રૂપિયા આંકવામાં આવી છે.

# સાચી એન્ટરટેઇનમેન્ટ અને પાર્શ્વ જ્વેલરી હાઉસ દ્વારા જીગરદાન ગઢવીના સૂરે 'સાચી નવરાત્રી ૨૦૨૬'નું ભવ્ય આયોજન




અમદાવાદ,

નવરાત્રીના પાવન પર્વને વધુ ભવ્ય, આધ્યાત્મિક અને પ્રીમિયમ અનુભવ સાથે ઉજવવા માટે સાચી એન્ટરટેઈનમેન્ટ અને પાર્શ્વ જ્વેલરી હાઉસ અને દ્વારા 'સાચી નવરાત્રી ૨૦૨૬'નું ભવ્ય આયોજન કરવામાં આવી રહ્યું છે. આ ભવ્ય નવરાત્રી મહોત્સવનું આયોજન ૧૦ ઑક્ટોબરથી ૧૯ ઑક્ટોબર ૨૦૨૬ દરમિયાન ન્યૂ સાયન્સ સિટી રોડ, અમદાવાદ ખાતે કરવામાં આવશે.

'સાચી નવરાત્રી ૨૦૨૬'ની સૌથી વિશેષ વાત એ છે કે જાણીતા ગુજરાતી ગાયક જિગરદાન ગઢવી નવલી નવરાતના ૧૦ દિવસ દરમિયાન માં અંબાના ગરબા ગાઈને શક્તિ અને ભક્તિના રંગમાં રંગાઈને ખેલૈયાઓને ગરબે ઝૂમાવશે, સાચી નવરાત્રિમાં જિગરદાન ગઢવીના સૂર દ્વારા ગરબા પ્રેમીઓને ૧૦ દિવસ સુધી સંગીત અને ગરબાનો ખાસ અનુભવ મળશે.

'સાચી નવરાત્રી ૨૦૨૬'માં ૫૧ શક્તિપીઠ દર્શન ખાસ આધ્યાત્મિક આકર્ષણ તરીકે રજૂ કરવામાં આવશે. નવરાત્રીના પાવન દિવસોમાં ભક્તિ અને શક્તિની અનુભૂતિ કરાવતો આ વિશેષ અનુભવ કાર્યક્રમને અન્ય ગરબા આયોજનો કરતાં અલગ બનાવશે.

ગરબા પ્રેમીઓ માટે અહીં ગુજરાતના સૌથી મોટા સંપૂર્ણ એર-કન્ડિશન્ડ (AC) ડોમ ગરબા અનુભવોમાંનો એક તૈયાર કરવામાં આવી રહ્યો છે. વિશાળ અને પ્રીમિયમ ફુલ્લી છઝ ગરબા ડોમ સાથે ગરબાની મજા આરામદાયક વાતાવરણમાં માણી શકાશે.

આ ઉપરાંત, મુલાકાતીઓ માટે અલગથી સંપૂર્ણ એર-કન્ડિશન્ડ ફૂડ ડોમની પણ વ્યવસ્થા કરવામાં આવશે, જ્યાં વિવિધ પ્રકારના સ્વાદિષ્ટ ફૂડનો આનંદ લઈ શકાશે.

# અમદાવાદ ગ્રામ્યમાં નશાકારક કફ સીરપના કાળા કારોબાર સામે કાર્યવાહી : ૪૫૦ બોટલ ઝડપાઈ



અમદાવાદ,

તહેવારો ટાણે અમદાવાદ ગ્રામ્ય વિસ્તારમાં નશાનો કાળો કારોબાર ફાલીફૂલ્યો છે, ત્યારે નળ સરોવર પોલીસે નશાકારક કફ સીરપના નેટવર્કનો પર્દાફાશ કરીને સપાટો બોલાવ્યો છે. તાજેતરમાં ગાંધીનગર સ્ટેટ મોનિટરિંગ સેલ દ્વારા સાણંદમાંથી દારૂનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યા બાદ, હવે સ્થાનિક એલસીબી અને એસઓજી ટીમની નિષ્ક્રિયતા વચ્ચે નળ સરોવર પોલીસ મથકના પીઆઈ એમ.કે. પિયેજા અને તેની ટીમે ૨૪ કલાકના ટૂંકા ગાળામાં બે અલગ-અલગ સફળ દરોડા પાડીને મોટી કાર્યવાહી આચરી છે.

નળ સરોવર પોલીસે બાતમીના આધારે સાણંદ તાલુકાના ઉપરદળ ગામે દરોડો પાડ્યો હતો. જ્યાંથી શંકાસ્પદ સ્વિફ્ટ કારમાંથી ૮૦ બોટલ નશાકારક કફ સીરપ મળી આવી હતી. પોલીસે કારમાં સવાર હરશન કોળીપટેલ અને કમલેશ સોલંકીને અટકાયતમાં લઈ કફ સીરપ, કાર તથા અન્ય સામગ્રી મળી કુલ ૫.૩૨ લાખ રૂપિયાથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. ઝડપાયેલા બંને આરોપીઓની કડક પૂછપરછ હાથ ધરતાં આ રેકેટના મુખ્ય સપ્લાયર સદ્દામ ખલીફાનું નામ સામે આવ્યું હતું. પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરી સદ્દામ ખલીફાની અટકાયત કરી હતી. તેની સઘન પૂછપરછ બાદ આરોપી સદ્દામે બાવળાના દેવડથલ ગામ નજીક આવેલા ડાંગરના ખેતરમાં સંતાડેલી વધુ ૩૭૦ બોટલ કફ સીરપનો જથ્થો મળ્યો હોતો.

# પંજાબના મેડ સંધુ હત્યા કેસનો આરોપી અમદાવાદથી ઝડપાયો, ક્રાઈમ બ્રાન્ચે પરમિંદર પ્રસાદને દબોચ્યો

## પૂછપરછ બાદ તેને પંજાબ પોલીસને સોંપવાની કાર્યવાહી કરવામાં આવશે

અમદાવાદ,

પંજાબના જાણીતા સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર અને મેકઅપ આર્ટિસ્ટ મેડ સંધુની હત્યા કેસમાં અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે મહત્વની કાર્યવાહી કરી છે. પંજાબમાં થયેલી આ હત્યાના કેસમાં ફાયરિંગ કરનાર આરોપી પરમિંદર કાકા ઉર્ફે પરમિંદર પ્રસાદને અમદાવાદમાંથી ઝડપી લેવામાં આવ્યો છે. પોલીસની પ્રાથમિક માહિતી મુજબ, હત્યા બાદ આરોપી પંજાબમાંથી ફરાર થઈ અમદાવાદ આવ્યો હતો.

મેડ સંધુની હત્યાની જવાબદારી સોશિયલ મીડિયા પર ગોલ્ડી ધિલ્લોન ગેંગ સાથે જોડાયેલા એક પેજ પરથી લેવામાં આવી હોવાનો પોલીસનો દાવો છે. હાલ અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ઝડપાયેલા આરોપીની પૂછપરછ કરવામાં આવી રહી છે.

૩ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ સાંજે અમૃતસરના લોહારકા રોડ વિસ્તારમાં મેડ સંધુ પર ફાયરિંગની ઘટના બની હતી. પોલીસના જણાવ્યા મુજબ, મેડ સંધુ કાર વોશ કરાવવા માટે કાર લઈને ત્યાં પહોંચ્યા હતા અને કારની રાહ જોઈ રહ્યા હતા.આ દરમિયાન બાઈક પર બે શખ્સ ત્યાં આવ્યા હતા. એક વ્યક્તિ બાઈક પર રહ્યો હતો જ્યારે બીજો મેડ સંધુ પાસે પહોંચ્યો હતો. ત્યારબાદ તેના પર ફાયરિંગ કરવામાં આવ્યું હતું.ફાયરિંગમાં મેડ સંધુને ગંભીર ઈજાઓ થઈ હતી. તેમને સારવાર માટે હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા, પરંતુ રસ્તામાં જ તેમનું મોત થયું હતું.

હત્યાની ઘટના બાદ સોશિયલ મીડિયા પર ગોલ્ડી ધિલ્લોન નામના પેજ પરથી આ હત્યાની જવાબદારી લેવામાં આવી હોવાનો ઉલ્લેખ સામે આવ્યો હતો. આ મામલે પંજાબ પોલીસ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી હતી.હત્યાની તપાસ દરમિયાન આરોપીઓની શોધખોળ ચાલી રહી હતી. આ દરમિયાન અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચને પરમિંદર પ્રસાદ અંગે માહિતી મળી હતી.

અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે બાતમીના આધારે પરમિંદર કાકા ઉર્ફે પરમિંદર પ્રસાદને ઝડપી લીધો છે. પોલીસના જણાવ્યા મુજબ, આરોપી હત્યા બાદ પંજાબથી ફરાર થઈ અમદાવાદ આવ્યો હતો.પ્રાથમિક તપાસમાં એવો આરોપ છે કે પરમિંદરે મેડ સંધુ પર ફાયરિંગ કર્યું હતું અને ઘટનાસ્થળે બાઈક લઈને પહોંચેલા બે લોકોમાં તેનો પણ સમાવેશ હતો.

# અમદાવાદ ટ્રાફિક પોલીસની શહેરનાં ૨૯૧ જંક્શનને સિગ્નલ ફ્રી કરવાની દિશામાં કાર્યવાહી

## સૂચિત જંક્શન પર પરંપરાગત ટ્રાફિક સિગ્નલના બદલે કેપ્સૂલ સર્કલ મોડલ અમલમાં મૂકવામાં આવશે

અમદાવાદ,

અમદાવાદમાં વાહનોની સંખ્યા સતત વધી રહી છે ત્યારે ટ્રાફિકની સમસ્યાના ઉકેલ માટે હવે માત્ર રસ્તા પહોળા કરવા, ફ્લાયઓવર કે અંડરપાસ બનાવવા પૂરતું માનવામાં આવતું નથી. ટ્રાફિકને વારંવાર રોક્યા વગર સતત આગળ ધપાવવા માટે અમદાવાદ ટ્રાફિક પોલીસ શહેરનાં ૨૯૧ જંક્શનને સિગ્નલ ફ્રી કરવાની દિશામાં આગળ વધી રહી છે. આ જંક્શન પર પરંપરાગત ટ્રાફિક સિગ્નલના બદલે કેપ્સૂલ સર્કલ મોડલ અમલમાં મૂકવામાં આવશે. ટ્રાફિક ડીસીપી નરેશ કણજરિયાના જણાવ્યા મુજબ અમદાવાદનાં ૨૯૧ જંક્શનને સિગ્નલ દૂર કરીને કેપ્સૂલ મોડલ અપનાવવામાં આવશે. આ યોજના હેઠળ માત્ર સિગ્નલ દૂર કરવામાં આવતા નથી, પરંતુ સમગ્ર જંક્શનને ટ્રાફિક એન્જિનિયરિંગના સિદ્ધાંતો પ્રમાણે ફરીથી ગોઠવવામાં આવે છે. વાહનોની એન્ટ્રી અને એક્ઝિટ, યુ-ટર્ન, ડિવાઈડર, સર્વિસ રોડ અને લેન ડિસિપ્લિનને ધ્યાનમાં રાખીને વ્યવસ્થા તૈયાર કરવામાં આવે છે. ટ્રાફિક પોલીસ છેલ્લા કેટલાક સમયથી વિવિધ જંક્શન પર વાહનોની સંખ્યા, ટ્રાફિક ફ્લો, પીક અવર્સ અને અકસ્માતના ડેટાનો અભ્યાસ કરી રહી છે, જેના આધારે એવાં જંક્શન પસંદ કરવામાં આવે છે, જ્યાં સિગ્નલ કરતાં કેપ્સૂલ સર્કલ વધુ અસરકારક બની શકે. દરેક જંક્શન માટે સ્થાનિક ટ્રાફિકની જરૂરિયાત પ્રમાણે અલગ ડિઝાઈન તૈયાર કરવામાં આવે છે.

આ સમગ્ર કામગીરીમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને ટ્રાફિક પોલીસની સંયુક્ત ભૂમિકા રહે છે. રોડના માળખામાં જરૂરી ફેરફાર, ડિવાઈડર, રોડ માર્કિંગ, સાઈનેજ, સ્ટ્રીટ ફર્નિચર સહિતની સિવિલ કામગીરી મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કરવામાં આવે છે, બીજી તરફ ટ્રાફિકનું સંચાલન અને નવી વ્યવસ્થાનું અમલીકરણ ટ્રાફિક પોલીસ સંભાળે છે. કેપ્સૂલ સર્કલ અને બેરિકેડની મદદથી કેટલાંક જંક્શન પર સિગ્નલ ફ્રી વ્યવસ્થા શરૂ પણ કરવામાં આવી છે. પીરાણા, નારોલ, કમોડ સર્કલ, હાથીજણ સર્કલ, ગરીબનગર, સ્વસ્તિક ચાર રસ્તા, રબારી કોલોની, નિકોલ-કઠવાડા અને દાસ્તાન સર્કલ સહિતના વિસ્તારોમાં આ મોડલ અમલમાં મૂકવામાં આવી રહ્યું છે. સિગ્નલ પર વાહનો લાંબા સમય સુધી ઊભાં રહેતાં હોવાથી એક જ સ્થળે ટ્રાફિકનું દબાણ વધે છે. કેપ્સૂલ સર્કલ મોડલમાં વાહનોને સતત ગતિ આપવાનો પ્રયાસ થાય છે, જેના કારણે ટ્રાફિક જામમાં રાહત સાથે વાહનચાલકોનો સમય બચી શકે છે.

# 'મિશન બાલમન': શાળાઓ-કોલેજોમાં મુકાશે 'કષ્ટબિન', મોરારિબાપુની ઉપસ્થિતિમાં પ્રારંભ

## વિદ્યાર્થીઓ મનની મૂંઝવણ નિ:સંકોચ વ્યક્ત કરી શકશે; ૫૦૦ શાળાઓમાં પારદર્શક પેટીઓ મુકાશે, મોરારિબાપુએ કહ્યું- 'સમસ્યાઓને આહુતિ રૂપે કષ્ટબિનમાં અર્પણ કરજો'




ભાવનગર,તા.૯

ભાવનગર જિલ્લા વહીવટી તંત્ર અને શિક્ષણ વિભાગના સંયુક્ત ઉપક્રમે વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્યને મજબૂત બનાવવા માટે 'મિશન બાલમન' પ્રોજેક્ટ અંતર્ગત એક અનોખો પ્રયોગ હાથ ધરવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટ હેઠળ જિલ્લાની તમામ મોટી શાળાઓ અને કોલેજોમાં "કષ્ટબિન" મૂકવાનું આયોજન કરાયું છે. ઝવેરચંદ મેઘાણી ઓડીટોરીયમ ખાતેથી પૂજ્ય મોરારિબાપુની વિશેષ ઉપસ્થિતિમાં આ સરાહનીય પહેલનો વિધિવત પ્રારંભ કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે પૂજ્ય મોરારિબાપુએ 'કષ્ટબિન'ને એક ઉજળી પહેલ ગણાવતા વિદ્યાર્થીઓને પ્રેરણા આપતાં જણાવ્યું હતું કે, "તમારી જે કોઈ મૂંઝવણ કે સમસ્યા હોય તે આ પેટીમાં આહુતિરૂપે નાખજો. આ એક યજ્ઞ છે અને તમારી સામે આ યજ્ઞકુંડ છે. તેમાં નિ:સંકોચપણે પોતાની સમસ્યાઓની આહુતિ આપજો જેથી મનનો બોજ હળવો થઈ શકે."

કલેકટર ડૉ. મનીષકુમાર બંસલે જણાવ્યું હતું કે, 'મિશન બાલમન' અંતર્ગત છેલ્લા એક વર્ષથી સાયકોલોજિસ્ટ અને સાયકિયાટ્રિસ્ટ જેવા નિષ્ણાતો દ્વારા વિદ્યાર્થીઓ સાથે સંવાદ સાધવામાં આવી રહ્યો છે. આ દરમ્યાન જાણવા મળ્યું હતું કે ઘણા વિદ્યાર્થીઓ પોતાની સમસ્યા કે લાગણીઓ વ્યક્ત કરવામાં સંકોચ અનુભવે છે. આથી, વિદ્યાર્થીઓ પોતાની વાત ગુપ્ત રીતે રજૂ કરી શકે તે માટે ૫૦૦ શાળાઓમાં પારદર્શક 'કષ્ટબિન' મૂકવામાં આવશે, જેમાં તેઓ ચિઠ્ઠી લખીને મનની વાત જણાવી શકશે.

ડૉ. કેયૂર પરમારે ઉમેર્યું હતું કે 'કષ્ટબિન'માં મળતી ચિઠ્ઠીઓ બાળકના માનસિક સ્વાસ્થ્યને સુધારવામાં માર્ગદર્શક બનશે. કાર્યક્રમમાં ડૉ. નિમિત્ત ઓઝાએ વાલીઓ અને શિક્ષકોને અપીલ કરી હતી કે, બાળકોને માત્ર માર્ક્સ, પરીક્ષા કે હોમવર્ક અંગે પૂછવાને બદલે "તું કેમ છે?", "તારો દિવસ કેવો ગયો?", કે "તને કોઈ હેરાન તો નથી કરતું ને?" જેવા સંવેદનશીલ પ્રશ્નો પૂછવા જોઈએ. તેમણે ભારપૂર્વક કહ્યું કે સંવાદ એ જ શ્રેષ્ઠ સારવાર છે અને મદદ માગવી એ નબળાઈ નહીં પણ હિંમત છે.

નેહલબેન ગઢવીએ જણાવ્યું હતું કે, માનસિક તકલીફ પણ અન્ય શારીરિક બીમારીઓની જેમ સામાન્ય ગણવી જોઈએ. કષ્ટબિનમાં કોઈ વિદ્યાર્થી પોતાની વાત રજૂ કરે ત્યારે તેની મજાક કે ઉપહાસ ન થાય અને તેની ઓળખ સંપૂર્ણ ગુપ્ત રહે તે બાબત પર ખાસ ભાર મૂકવામાં આવ્યો હતો.

આ પ્રસંગે રેન્જ આઈ. જી. રાજેન્દ્ર અસારી, નિવાસી અધિક કલેકટર એન. ડી. ગોવાણી, તથા જિલ્લા શિક્ષણાધિકારી હિતેન્દ્રસિંહ પઢેરીયા સમેત અનેક ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ત્રાપજ ગમખ્વાર અકસ્માત: પુત્રના વિયોગમાં ઝૂરતી માતાનું કલાકોમાં પ્રાણપંખેરું ઉડી ગયું

## પુત્રના બેસણામાં જ માતાને હાર્ટ એટેક આવતા મૃત્યુ, પરિવાર પર દુ:ખનો પહાડ તૂટી પડ્યો

ભાવનગર,તા.૯

ત્રાપજ ગામ નજીક ગત ૬ ઓક્ટોબરના રોજ સવારે સર્જાયેલા ગમખ્વાર માર્ગ અકસ્માતમાં ૪૯ વર્ષીય પ્રિતેશભાઈ બિપિનચંદ્ર ભાયાણીનું અકાળે અવસાન થયું હતું. પુત્રના આકસ્મિક અવસાનથી પરિવાર ઘેરા શોકમાં ગરકાવ થઈ ગયો હતો, ખાસ કરીને તેમની ૭૧ વર્ષીય માતા જ્યોત્સનાબેન (જયશ્રીબેન) માટે આ આઘાત અસહ્ય બની રહ્યો હતો.

પુત્ર ગુમાવ્યાના આઘાતમાં ૫૬ કલાક સુધી સતત પળે પળે પીડાતા માતા જ્યોત્સનાબેનનું ગુરૂવારે પુત્રના બેસણા દરમ્યાન જ હૃદયરોગના તીવ્ર હુમલાથી કરૂણ મોત નીપજતાં ભાયાણી પરિવાર પર વધુ એક આઘાતનો પહાડ તૂટી પડ્યો છે.

મૃતક પ્રિતેશભાઈના ભાઈ ભાવેશભાઈ બીપીનચંદ્ર ભાયાણીના જણાવ્યા અનુસાર, ઘોઘાગેટ ખાતે આવેલી દશાશ્રીમાળી કંઠીબંધ જ્ઞાતિની વાડીમાં સાંજે ૪:૦૦ વાગ્યે પ્રિતેશભાઈનું બેસણું શરૂ કરવામાં આવ્યું હતું. બેસણું શરૂ થયાના માત્ર ૧૦ જ મિનિટ બાદ, એટલે કે સાંજે ૪:૧૦ વાગ્યે જ્યોત્સનાબેનની તબિયત અચાનક બગડી હતી અને તેમને હાર્ટ એટેક આવ્યો હતો.

ઘટના સ્થળે જ તેમને તાત્કાલિક CPR આપવા સહિતના પ્રાથમિક સારવારના પ્રયાસો કરવામાં આવ્યા હતા અને તુરંત ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે હોસ્પિટલ ખસેડવાની તજવીજ હાથ ધરાઈ હતી. જોકે, કુદરતને કંઈક બીજું જ મંજૂર હોય તેમ, હોસ્પિટલ પહોંચે તે પહેલાં જ રસ્તામાં જ્યોત્સનાબેને અંતિમ શ્વાસ લીધા હતા. પુત્ર બાદ માતાના પણ આવી રીતે અચાનક વિદાય લેવાથી સમગ્ર વિસ્તાર અને સમાજમાં ભારે અરેરાટી સાથે શોકની કાલીમા છવાઈ ગઈ છે.

# પેન્શનર મંડળની માસિક બેઠક કાલે યોજાશે

ભાવનગર,તા.૯

ભાવનગર પેન્શનર મંડળની માસિક મહત્વપૂર્ણ મીટીંગ આગામી તા. ૧૦/૧૦/૨૦૨૬ ને શનિવારના રોજ સવારે ૧૦:૦૦ કલાકે યોજવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ બેઠક ઔદિચ્ય સત્તર તાલુકા ઝાલાવાડી બોડીંગ, સરદાર નગર, ભાવનગર ખાતે યોજાશે. આ બેઠકમાં ૩૦/૬ ની કોર્ટ મેટર સંદર્ભે પેન્શનરોને આપવામાં આવેલા ફોર્મ અંગેની મહત્વની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. મંડળના તમામ સભ્યોને જણાવવામાં આવ્યું છે કે તેમણે જે તે કચેરીમાં જમા કરાવેલા ફોર્મની સહીવાળી એક કોપી (પહોંચ) આ મીટીંગમાં અચૂક સાથે લઈને આવવું અને મંડળ સમક્ષ જમા કરાવવી, જેથી આગળની કાનૂની અને વહીવટી કાર્યવાહી ઝડપથી આગળ ધપાવી શકાય.મંડળના તમામ હોદ્દેદારો અને પેન્શનર સભ્યોને સમયસર અને મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેવા આહ્વાન કરવામાં આવ્યું છે.

# ઘોઘા તાલુકા અને ગ્રામ કક્ષાનો સ્વાગત ફરિયાદ નિવારણ ૨૧મીએ યોજાશે

ભાવનગર,તા.૯

ઘોઘા તાલુકા-ગ્રામ કક્ષાનો ઓક્ટોબર - ૨૦૨૬નો તાલુકા/ગ્રામ ફરીયાદ નિવારણ કાર્યક્રમ તા.૨૧ને બુધવારનાં રોજ સવારનાં ૧૧ કલાકે મામલતદાર કચેરી, ઘોઘા ખાતે પ્રાંત અધિકારી, ભાવનગર(ગ્રામ્ય)નાં અધ્યક્ષ પદે યોજાનાર છે.આ ફરીયાદ નિવારણ કાર્યક્રમમાં તાલુકા/ગ્રામ કક્ષાના પ્રશ્નો માટેની અરજીઓ બે નકલોમાં તા.૧૭/૧૦/૨૦૨૬ સુધીમાં રજાનાં દિવસો સિવાય ગ્રામ્ય કક્ષાનાં પ્રશ્નો સંબંધિત તલાટી કમ મંત્રીને તથા તાલુકા કક્ષાનાં પ્રશ્નો મામલતદાર કચેરી, ઘોઘા ખાતે સ્વીકારવામાં આવશે.

આ ફરીયાદ નિવારણ કાર્યક્રમમાં સર્વિસ મેટર તથા કોર્ટ મેટરની સિવાયની બાબતો તેમજ અરજદાર જાતે રૂબરૂ પોતાનાં પ્રશ્નની જ આધાર-પુરાવાઓ સાથેની અને એક જ વિષયને લગતા પ્રશ્નની રજુઆતની અરજીઓ સ્વીકારવામાં આવશે. સામુહિક રજુઆતો કરી શકશે નહી તેમ મામલતદાર શ્રી ઘોઘા ની યાદીમાં જણાવાયું છે.

# શિક્ષણ સમિતિની ચૂંટણી પૂર્વે વહીવટી ફેરફાર: શાસનાધિકારી જાનીની બદલી

## બોડી બરખાસ્તના છ મહિના બાદ ઉમેદવારી પત્ર ભરવાની પ્રક્રિયા શરૂ; ચાર્જ સંભાળ્યાના એક જ મહિનામાં બદલી માગનાર જાનીને માજીરાજ હાઈસ્કૂલમાં મુકાયા

ભાવનગર,તા.૯

ભાવનગર નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની બોડી બરખાસ્ત થયાના છ મહિના બાદ આજથી નવી ચૂંટણીની પ્રક્રિયા શરૂ થઈ રહી છે. આજે ઉમેદવારી પત્રો ભરાવાની સાથે જ શિક્ષણ સમિતિના નવા સભ્યોનું ચિત્ર સ્પષ્ટ થઈ જશે. જોકે, આ ચૂંટણી પ્રક્રિયા શરૂ થાય તે પૂર્વે જ શિક્ષણ વિભાગ દ્વારા વહીવટી મોરચે મોટો ફેરફાર કરીને ભાવનગરના શાસનાધિકારીની બદલીનો હુકમ કરવામાં આવ્યો છે.

ગુજરાત રાજયના શિક્ષણ વિભાગ દ્વારા વર્ગ-૨ ના ૧૩ આચાર્યો અને શાસનાધિકારીઓની બદલીના આદેશો કરવામાં આવ્યા છે. જે અંતર્ગત ભાવનગરના શાસનાધિકારી સમીરભાઈ જાનીની બદલી માજીરાજ ગર્લ્સ હાઈસ્કૂલમાં આચાર્ય તરીકે કરવામાં આવી છે.

તેમના સ્થાને તળાજાની પીએમશ્રી મોડેલ સ્કૂલના આચાર્ય પ્રતાપસંગ દાદુભાઈ મોરીને ભાવનગરના નવા શાસનાધિકારી તરીકે નીમવામાં આવ્યા છે.

આ ઉપરાંત, જિલ્લામાં અન્ય બદલીઓ હેઠળ મહુવા તાલુકાની તરેડ સરકારી હાઈસ્કૂલના આચાર્ય માયાબેન મહેતાની વલભીપુર ગંભીરસિંહજી સરકારી હાઈસ્કૂલમાં અને વલભીપુરના આચાર્ય મર્ચન્ટ શબ્બીરઅલી હુસૈનઅલીની તરેડ હાઈસ્કૂલમાં બદલી કરાઈ છે.

ઉલ્લેખનીય છે કે, ડિસેમ્બર ૨૦૨૫ માં બદલી પામીને ૩૦મી ડિસેમ્બર ૨૦૨૫ના રોજ ભાવનગરના શાસનાધિકારી તરીકે ચાર્જ સંભાળનાર સમીરભાઈ જાનીને શિક્ષણના બજેટ અંગેની સ્ટેન્ડિંગ કમિટીની ચર્ચામાં મુશ્કેલી પડી હતી. ચાર્જ સંભાળ્યાના એક જ મહિનામાં તેમણે પોતે વહીવટી કાર્યકુશળતાના અભાવનું કારણ દર્શાવી મુખ્ય શિક્ષક તરીકે અન્ય જવાબદારી સોંપવા શિક્ષણ વિભાગમાં લેખિત માગણી કરી હતી, જેના પગલે આ ફેરફાર કરવામાં આવ્યો છે.

### મહી-પરીએજ લાઈન પર મેન્ટેનન્સ કામગીરી હાથ ધરાશે

# શહેરમાં કાલે તરસમીયા ફિલ્ટર આધારિત અનેક વિસ્તારોમાં પાણી કાપ

## બુધેલ સંપથી આવતું રો-વોટર ૮ થી ૯ કલાક બંધ રહેતાં દિલબહાર, વર્ધમાનનગર અને બાલયોગીનગર ESR હેઠળના ડઝનબંધ વિસ્તારોમાં પાણી પુરવઠો ખોરવાશે; અન્ય વિસ્તારોમાં સપ્લાય રાબેતા મુજબ ચાલુ રહેશે

ભાવનગર,તા.૯

ભાવનગર શહેરને પાણી પૂરો પાડતા બુધેલ સંપથી તરસમીયા ફિલ્ટર તરફ જતી મહી-પરીએજ (GWIL)ની મુખ્ય પાઈપલાઈન પર આગામી તા. ૧૦ ઓક્ટોબરને શનિવારના રોજ વોટરવર્કસ અને ફિલ્ટર વિભાગ દ્વારા અગત્યની મેન્ટેનન્સની કામગીરી હાથ ધરવામાં આવનાર છે. આ કામગીરીના કારણે મહી-પરીએજ બુધેલ સંપમાંથી ભાવનગર શહેરને મળતું રો-વોટર આશરે ૮ થી ૯ કલાક સુધી બંધ રહે તેમ હોવાથી તરસમીયા ફિલ્ટર પ્લાન્ટ આધારિત પાણી સપ્લાયમાં આંશિક અસર પડશે.

આ કારણે શહેરના અનેક વિસ્તારોમાં પાણી વિતરણ સંપૂર્ણ બંધ રહેશે. જેમાં દિલબહાર ઈજીઇ આધારિત વિસ્તારોમાં સવારે ૧૦.૦૦ થી બપોરે ૪.૦૦ વાગ્યા દરમિયાન કાળીયાબીડ-ડી, સાગવાડી, કેસરીયા હનુમાન આસપાસના વિસ્તારો, રામનગર, અવધનગર અને વિરાણી સ્કૂલ રોડ પર પાણી પુરવઠો બંધ રહેશે, જ્યારે વર્ધમાનનગર ઈજીઇ હેઠળ આવતા મહાવીરનગર, દેવરાજનગર, ભાગ્યોદય, માલધારી, જલારામ, કામીનીયાનગર, શિક્ષક સોસાયટી, અધેવાડા ગામ, તરસમીયા ગામ, અધેવાડા સોસાયટી, તળાજા રોડ, શેત્રુંજી રેસિડેન્શિયલ ૧ થી ૪ અને તખ્તેશ્વર હાઈટ્સમાં સવારે ૧૦.૦૦ થી રાત્રિના ૯.૩૦ વાગ્યા સુધી પાણી બંધ રહેશે. આ ઉપરાંત બાલયોગીનગર ઈજીઇ આધારિત વિસ્તારોમાં સવારે ૧૦.૦૦ થી રાત્રિના ૧૧.૦૦ કલાક સુધી અખિલેશ સર્કલ, લાખાવાડ, મીની હીરા બજાર, શહેર ફરતી સડક, પંચવટી ચોક, શ્રમજીવી, દેવ પાર્ક, પીપલ્સ/ભોળાનાથ સોસાયટી, ઘોઘા રોડ, સુમેરૂ ટાઉનશીપ, કૃણાલ સોસાયટી, લક્ષ્મીનગર, સોમનાથ રેસીડેન્સી, શીતળામાના મંદિર આસપાસનો વિસ્તાર, રૂવા ગામ, અકવાડા ગામ, સુભાષનગર, એરપોર્ટ રોડ, વી.પી. સોસાયટી, સંતોષ સોસાયટી, બેંક કોલોની, વિજય કોલોની, લક્ષ્મી સોસાયટી, રજપૂત વાડા, કંસારા કાંઠા અને વાઘેલા મંડપ વાળા વિસ્તાર સહિતના ભાગોમાં પાણી વિતરણ બંધ રહેશે, જોકે તરસમીયા ફિલ્ટર ઉપરના અન્ય તમામ તેમજ શહેરના બાકીના વિસ્તારોમાં પાણી સપ્લાય રાબેતા મુજબ ચાલુ રહેશે તેમ મહાપાલિકાના વોટર વર્ક્સ વિભાગના અધિકારીએ જણાવ્યું છે.

# રક્તદાન જાગૃતિ યાત્રા ભાવનગર પહોંચી

## સાબરમતી આશ્રમથી શરૂ થયેલી યાત્રા રાજ્યના તમામ ૩૪ જિલ્લાઓને આવરી લઈ ૩૧ ઓક્ટોબરે સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે સંપન્ન થશે

ભાવનગર,તા.૯

ગુજરાતમાં સ્વૈચ્છિક રક્તદાન અંગે વ્યાપક જાગૃતિ ફેલાવવાના ઉદ્દેશથી 'ફેડરેશન ઓફ બ્લડ બેંક ગુજરાત' દ્વારા આયોજિત વિશેષ જાગૃતિ યાત્રા તેના ૮મા દિવસે ભાવનગર આવી પહોંચી હતી. ગત ૧ ઓક્ટોબરે ગાંધી બાપુની જન્મજયંતીની પૂર્વસંધ્યાએ સાબરમતી આશ્રમથી શરૂ થયેલી આ યાત્રા રાજ્યના તમામ ૩૪ જિલ્લાઓમાં ફરીને ૩૧ ઓક્ટોબરે સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે પૂર્ણ થશે.યાત્રાનું નેતૃત્વ કરી રહેલા ફેડરેશનના પ્રેસિડેન્ટ ડૉ. મનીષ વીરજા અને સેન્ચુરિયન ડોનર્સે ભાવનગરમાં સ્થાનિક આયોજકો તથા સિંગલ ડોનર પ્લેટલેટ્સ ડોનર્સ સાથે મુલાકાત કરી હતી. ડૉ. વીરજાએ "મેં ભી રક્તદાતા, હર ઘર રક્તદાતા" ના સૂત્ર સાથે દરેક ઘરમાંથી એક સ્વૈચ્છિક રક્તદાતા તૈયાર કરવા આહ્વાન કર્યું હતું. સાથોસાથ, દરેક નાગરિક પોતાના બ્લડ ગ્રુપ અને બ્લડ બેંકોની માહિતી રાખે તેમજ ભારત સરકારની 'ઈ-રક્તકોષ' (e-RaktKosh) એપનો ઉપયોગ કરે તે અંગે ખાસ માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

### લોકશાહી બચાવો આંદોલન: દિલ્હીમાં વિપક્ષી નેતાઓ સાથેના વર્તનના વિરોધમાં

# ભાવનગર કોંગ્રેસના કાળી ટી-શર્ટ અને વિરોધી નારા સાથે ઉગ્ર ધરણાં

## પોલીસે કાર્યકરોની ટીંગાટોળી કરી અટકાયત કરી; પ્રદર્શનમાં બે જ ચૂંટાયેલા સભ્યો હાજર રહેતાં સંગઠન અને ચૂંટાયેલી પાંખ વચ્ચે તિરાડની ચર્ચા



ભાવનગર,તા.૯

કેન્દ્રની ભાજપ સરકાર દ્વારા લોકશાહી અને બંધારણીય મૂલ્યો પર થઈ રહેલા કથિત હુમલાઓ તેમજ દિલ્હીમાં રાહુલ ગાંધી, મલ્લિકાર્જુન ખડગે અને

આભાર - નિહારીકા રવિયા

પ્રિયંકા ગાંધી સહિત 'INDIA' ગઠબંધનના સાંસદો સાથે કરાયેલા બળજબરીભર્યા વર્તનના વિરોધમાં ભાવનગર શહેર અને જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા ગીગુરૂવારના દિવસને "કાળો દિવસ" ગણાવી ઉગ્ર રોષ વ્યક્ત કરાયો હતો.

આ રોષ પ્રદર્શન અંતર્ગત શહેરના હલુરીયા ચોક સ્થિત શહીદ સ્મારક ખાતે એકઠા થયેલા કોંગ્રેસી આગેવાનોએ શહીદોને પુષ્પાંજલિ અર્પણ કર્યા બાદ ઘોઘા ગેટ ચોક સુધી પગપાળા યાત્રા યોજી હતી, જેમાં કાર્યકરોએ "હું લોકશાહી હત્યારો છું", "હું મત લૂંટારો છું" અને "હું વિશ્વાસઘાતી છું" જેવા આકરા સ્લોગન લખેલા ટી-શર્ટ પહેરી અનોખો વિરોધ નોંધાવ્યો હતો.

આ તકે પોલીસે વિરોધ પ્રદર્શન કરી રહેલા કોંગ્રેસ કાર્યકરોની ટીંગાટોળી કરીને અટકાયત કરી હતી, જ્યારે બીજી તરફ કાર્યક્રમમાં કોંગ્રેસના ચૂંટાયેલા પ્રતિનિધિઓમાંથી માત્ર બે જ સભ્યો હાજર રહેતાં પક્ષના સંગઠન અને પદાધિકારીઓ વચ્ચે આંતરિક તિરાડ પડી હોવાની ચર્ચાઓએ જોર પકડ્યું હતું.

આ તકે શહેર કોંગ્રેસ પ્રમુખ લાલભા ગોહિલે ભાજપ સરકાર અને ચૂંટણી પંચ સામે સીધો પ્રહાર કરતા જણાવ્યું હતું કે વિપક્ષના શીર્ષ નેતાઓ સાથે થયેલી બર્બરતા સહન કરવામાં નહીં આવે અને જયાં સુધી ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર રાજીનામું ન આપે તેમજ તેમની સામે એફ.આઈ.આર. દાખલ ન થાય ત્યાં સુધી સમગ્ર ભાવનગરમાં આના કરતાં પણ વધુ આક્રમક આંદોલન ચાલુ રાખવામાં આવશે.

# સિદસરમાં આનંદ વાટીકા ફાર્મ ખાતે રવિવારે યોજાશે ફ્રી મેગા મેડિકલ કેમ્પ

## રાજકીય અને સહકારી અગ્રણી જગદીશ જાજડીયાના જન્મદિવસ નિમિત્તે આયોજન

ભાવનગર,તા.૯

ભાવનગરના સીદસર રોડ સ્થિત "આનંદ વાટીકા" ફાર્મ ખાતે આગામી તા. ૧૧/૧૦/૨૦૨૬ ને રવિવારના રોજ સવારે ૯:૦૦ થી બપોરે ૧:૦૦ કલાક દરમિયાન ફ્રી મેગા મેડિકલ કેમ્પનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

સિવિલ એન્જીનીયર, એડવોકેટ અને માર્કેટ યાર્ડ ભાવનગરના પૂર્વ ઉપપ્રમુખ જગદીશ જાજડીયાના જન્મદિવસ નિમિત્તે યોજાનાર આ કેમ્પનું દીપ પ્રાગટ્ય અક્ષરવાડી (BAPS) ના પૂ.સોમ પ્રકાશ સ્વામીના હસ્તે કરવામાં આવશે. આ કેમ્પમાં ફિઝિશિયન ડો. સેજલ ચૌહાણ, ગાયનેકોલોજિસ્ટ ડો. જલ્પા ભટ્ટ, બાળરોગ નિષ્ણાત ડો. મેહુલ પટેલિયા અને ડેન્ટીસ્ટ ડો. હર્ષ ભાયાણી જેવા તજજ્ઞ ડોક્ટરો ઉપસ્થિત રહી દર્દીઓની નિ:શુલ્ક તપાસ કરશે.

કેમ્પ દરમિયાન દર્દીઓ માટે ફ્રી સુગર, ફ્રી ઈઝ્રય અને બ્લડ પ્રેશર ચકાસણીની સુવિધા રાખવામાં આવી છે.

આ ઉપરાંત તમામ લાભાર્થીઓ માટે ભોજનની પણ વિશેષ વ્યવસ્થા કરાઈ છે. કેમ્પમાં આવનાર દર્દીઓને પોતાના જૂના રિપોર્ટ્સ સાથે લાવવા જણાવાયું છે.

# ડો.અંજલીબેનના એલિસન એસેન્શિયલ બ્રાન્ડને મળ્યો ગુજરાત બિઝનેસ એક્સેલંસ એવોર્ડ ૨૦૨૬

ભાવનગર:

ગુજરાતની અગ્રણી સ્કિનકેર બ્રાન્ડ 'એલિસન એસેન્શિયલ' ને 'ગુજરાત બિઝનેસ એક્સેલન્સ એવોર્ડ ૨૦૨૬'થી સન્માનિત કરવામાં આવી છે. આ ગૌરવપૂર્ણ સમારોહમાં બ્રાન્ડને "બેસ્ટ સાયન્સ ડ્રાઈવન સ્કિન કેર બ્રાન્ડ" તરીકે નવાજવામાં આવી છે.



આ સંસ્થાની સ્થાપના ડૉ. અંજલિબેન ત્રિવેદી દ્વારા કરવામાં આવી છે. બ્રાન્ડનો મુખ્ય ઉદ્દેશ વિજ્ઞાન આધારિત ફોર્મ્યુલેશન, કુદરતી ઘટકો અને અસરકારક સ્કિનકેર સોલ્યુશન્સને એકસાથે લાવીને ગ્રાહકોને ગુણવત્તાસભર સ્કિનકેર પ્રોડક્ટ્સ ઉપલબ્ધ કરાવવાનો છે. આ બ્રાન્ડ કુદરત સાથે આધુનિક વિજ્ઞાનના સંયોજનને હંમેશાં કેન્દ્રસ્થાને રાખે છે.

આ સન્માન અંગે સંસ્થાએ જણાવ્યું હતું કે, "આ એવોર્ડ અમારા માટે ગૌરવની સાથે એક મોટી જવાબદારી પણ છે. વિજ્ઞાન, સંશોધન અને ગુણવત્તા આધારિત સ્કિનકેર દ્વારા ગ્રાહકોના વિશ્વાસને સતત મજબૂત બનાવવાનો અમારો પ્રયાસ રહેશે." આ રાષ્ટ્રીય સ્તરનું સન્માન બ્રાન્ડના વૈજ્ઞાનિક અભિગમ અને નવીનતાની દિશામાં આગળ વધવાની પ્રતિબદ્ધતાને વધુ પ્રોત્સાહન પૂરું પાડે છે. ભાવનગરની આ બ્રાન્ડની સિદ્ધિથી સમગ્ર વિસ્તારમાં ખુશીની લહેર ફેલાઈ ગઈ છે.

સૌરાષ્ટ્ર આસપાસ Owner : Leela News Network Private Limited, Printer & Publisher Shri Komalkant Fakirchand Sharma On behalf of Leela News Network Private Limited Printed At : Old Bunder Road, Bhavnagar Published at : T/6, Third Floor Business Centre Ghogha Gate Bhavnagar Editor : Rajesh Kiritbhai Dave * (Responsible for News Editing as per PRB Act)

સૌરાષ્ટ્ર આસપાસ

## વિકસિત ભારતનો સંકલ્પઃ ૨૫ વર્ષની સફર અને આગળનો રાહ

ભારત આજે વિશ્વના સૌથી ઝડપથી આગળ વધતા દેશોમાં સ્થાન મેળવી રહ્યું છે. સ્વતંત્રતાના અમૃતકાળમાં ભારતે ૨૦૪૭ સુધીમાં વિકસિત રાષ્ટ્ર બનવાનું લક્ષ્ય નક્કી કર્યું છે. વિકસિત ભારતનો અર્થ માત્ર મોટી અર્થવ્યવસ્થા કે ઊંચી આવક ધરાવતો દેશ નથી. સાચું વિકસિત ભારત એવું હશે જ્યાં દરેક નાગરિકને શિક્ષણ, આરોગ્ય, રોજગાર, સુરક્ષા અને સન્માન સાથે જીવન જીવવાની તક મળે.વિકસિત ભારત માટે મજબૂત અર્થવ્યવસ્થા સૌથી મહત્વપૂર્ણ આધાર છે. દેશમાં ઉદ્યોગો, વેપાર, ખેતી અને સેવા ક્ષેત્રનો સતત વિકાસ થવો જરૂરી છે. નવા ઉદ્યોગો અને નાના-મધ્યમ વ્યવસાયોને પ્રોત્સાહન મળે તો રોજગારીની નવી તકો ઊભી થઈ શકે. ભારતના યુવાનોમાં કૌશલ્ય અને પ્રતિભાની કોઈ કમી નથી. તેમને યોગ્ય તાલીમ અને તક મળે તો તેઓ દેશના આર્થિક વિકાસના સૌથી મોટા શક્તિસ્રોત બની શકે છે.કૃષિ ક્ષેત્ર પણ વિકસિત ભારત માટે એટલું જ મહત્વનું છે. ખેડૂતોની આવક વધે, આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ થાય, સિંચાઈની સુવિધા વિસ્તરે અને ખેતી સાથે ખાદ્યપ્રક્રિયા તથા સંગ્રહની વ્યવસ્થા મજબૂત બને તે જરૂરી છે. ગામડાંનો વિકાસ થયા વિના ભારતનો સર્વાંગી વિકાસ શક્ય નથી. સારા રસ્તા, વીજળી, પીવાનું પાણી, આરોગ્ય કેન્દ્રો અને ડિજિટલ સુવિધાઓ ગામડાં સુધી પહોંચવી જોઈએ.

શિક્ષણ વિકસિત ભારતની સૌથી મજબૂત પાયાની ઈંટ છે. દરેક બાળકને ગુણવત્તાયુક્ત શિક્ષણ મળે અને શિક્ષણ માત્ર નોકરી મેળવવાનું સાધન ન રહે, પરંતુ વિચારશક્તિ, સર્જનાત્મકતા અને જવાબદારી વિકસાવવાનું માધ્યમ બને તે જરૂરી છે. ઉચ્ચ શિક્ષણ સાથે કૌશલ્ય આધારિત શિક્ષણને પણ મહત્વ આપવું પડશે.આરોગ્ય ક્ષેત્રમાં પણ ભારતે મોટી પ્રગતિ કરવી પડશે. સામાન્ય નાગરિકને સસ્તી અને સારી સારવાર મળે, ગામડાં સુધી આરોગ્યસેવાઓ પહોંચે અને રોગો સામે જાગૃતિ વધે તે વિકસિત સમાજની ઓળખ છે. સ્વચ્છતા, પોષણ અને શુદ્ધ પાણી પર પણ વિશેષ ધ્યાન આપવું જરૂરી છે.ડિજિટલ ટેકનોલોજી અને કૃત્રિમ બુદ્ધિ ભારતના વિકાસને નવી ગતિ આપી શકે છે. ડિજિટલ સેવાઓથી સરકારી કામકાજ સરળ બન્યું છે. પરંતુ ટેકનોલોજીનો લાભ દરેક વર્ગ સુધી પહોંચે અને સાયબર છેતરપિંડીથી લોકો સુરક્ષિત રહે તે પણ એટલું જ જરૂરી છે.વિકસિત ભારત માટે પર્યાવરણનું રક્ષણ પણ અનિવાર્ય છે. વિકાસ એવો હોવો જોઈએ કે જેમાં પ્રકૃતિનો વિનાશ ન થાય. સૌર ઊર્જા, પવન ઊર્જા, સ્વચ્છ પરિવહન, પાણી બચત અને વૃક્ષારોપણ દ્વારા ભારત આર્થિક વિકાસ સાથે પર્યાવરણનું સંતુલન જાળવી શકે છે.સૌથી મહત્વનું એ છે કે વિકસિત ભારત માત્ર સરકાર બનાવી શકે નહીં. તેમાં દરેક નાગરિકની ભાગીદારી જરૂરી છે. પ્રામાણિકતા, કર્તવ્યનિષ્ઠા, સ્વચ્છતા, કાયદાનું પાલન અને દેશ પ્રત્યેની જવાબદારી જેવી નાગરિક ભાવનાઓ મજબૂત બનવી જોઈએ. જ્યારે દેશનો દરેક નાગરિક પોતાના કાર્યને રાષ્ટ્રનિર્માણ સાથે જોડશે ત્યારે ૨૦૪૭નું વિકસિત ભારતનું સ્વપ્ન માત્ર સ્વપ્ન નહીં રહે, પરંતુ વાસ્તવિકતા બનશે. ભારતની યુવા શક્તિ, જ્ઞાન, સંસ્કૃતિ અને લોકશાહી મૂલ્યો તેની સૌથી મોટી તાકાત છે.

## જુના પાદર ખાતે સૂર્યાસ્ત સમયે રંગો અને રશ્મિઓનું રંગ રંજન...



ફ્રાઈડે ફોટો સ્ટોરી - જયદીપ એ. દવે.

ભાવનગરની ભાગોળે વાળુકડની નજીકના જુના પાદરની આ મોહિની તસ્વીર આપણા મનને એક અલગ ડાઈમેન્શનમાં લઈ જાય છે.એક તરફ પશ્ચિમ દિશાના નભમાં રવી રાજ જાણે ભગવા વસ્ત્રો પહેરી ને સંસારને ત્યાગવાની તૈયારી કરી રહ્યા છે તો સંધ્યા ગેરુઆ અને વિવિધ રંગોની ફુલઝરીની પુષ્પાંજલિ દ્વારા સૂર્ય દેવતાને પુષ્કળ પૃષ્ટિ અર્પણ કરી એમના આથમવાનો સમય લંબાવવા પ્રયત્નશીલ છે.તેમાં પણ શરમાળ બાળક જેમ માતાના પાલવમાં સંતાય એમ ડુંગરમાળા પર લપાતા સૂર્યના ઓજસ્વી કિરણો આકાશ અને લીલી સમૃદ્ધ ધરા પર રેલાતા પ્રાકૃતિક સૌંદર્યનું અનિમેષ દ્રશ્ય સર્જન થયું છે.

# શક્તિની ઓળખ સંઘર્ષ થકી થાય

વિશેષ

જે સામર્થ્ય આપણામાં રહેલું છે તેને જાણી, તેના પર શ્રદ્ધા રાખી તેનો ઉપયોગ કરવાથી સર્જનશીલતા પ્રગટે છે. વિજેતા કોઈ જુદી માટીનો નથી હોતો. આપણા જેવો સામાન્ય જ હોય છે. પણ તેનામાં આપણા કરતાં વધારે ઉત્સાહ અને ધ્યેય સુધી પહોંચવાની ચપળતા હોય છે.

મહાભારતના ઉદ્યોગપર્વમાં આત્મવિશ્વાસ ભંગની એક કથા આવે છે. એકવાર વિદુલા નામની ક્ષત્રિયાણીનો પુત્ર સંજય દુશ્મનો સામે લડતા લડતા જીવલેણ હુમલાથી ગભરાઈને ઘરે પાછો આવતો રહ્યો. તે ડરેલો હતો. હિંસક વાઘ જોઈ માણસ થરથર કાંપે એમ કાંપતો હતો. તેને જોઈને માતા સ્તબ્ધ થઈ ગઈ. તેને ઉભો કર્યો. થોડીવાર મૌન રહી પછી ક્ષત્રિયાણીને છાજે એમ તેને ફટકાર્યો. 'પુત્ર, તુ ક્ષત્રિય છે. આમ મેદાન છોડીને કેમ ભાગી આવ્યો ? ઊઠ, કાયર ના બન. (ન હિ શૌર્યાત પર કિંચિત) શૂરવીરતાથી ચઢિયાતું બીજું કશું નથી. સંજય, તારા નામમાં જ જય છે. મનથી હારી ના જા. જીવનમાં જ્યારે અડચણ આવે. કટોકટી આવે દુઃખ આવે ત્યારે જ પરિસ્થિતિ સામે ટટ્ટાર ઉભા રહી ઝઝૂમવાનું હોય છે. (આપ દિ શક્તિપરીક્ષા) આપત્તિમાં જ તાકાતની પરીક્ષા થાય છે. પુત્ર, તારે જીતવાનું જ છે એવો દૃઢ સંકલ્પ કર. તારા લોહીમાં હણહણતા ઘોડાની ગરમી રહેલી છે. ડરીને ખૂણામાં બેસી રહેવાથી યુદ્ધ ટળવાનું નથી. આ રાજ્ય જતું રહેશે. હારી જઈશ તો તારી બદનામી થશે ! તારામાં રહેલી તાકાતને ઓળખ અને જા !! દુશ્મનોના દાંત ખાટા કરીને જ પાછો આવ.' માતાની તેજ-જોશીલી વાણી સાંભળી પુત્રના રૂવાંટા ઉભાં થઈ ગયાં. તે બેઠો થયો. શૌર્ય જાગૃત થયું. સામર્થ્યના ધગધગતા અંગાર પર પડેલી ડરની રાખ હટી ગઈ. માતાના આશીર્વાદ લઈ યુદ્ધ કરવા ગયો. જીવની પરવા કર્યા વગર લડયો, અને દુશ્મનોને હરાવી તેમના રાજ્ય પર અધિકાર પ્રાપ્ત કરી હસતા ચહેરે પાછો ફર્યો. માતા તેના ચહેરા પર વિજયીનૂર જોઈ ગદ્‌ગદ્ થઈ ગઈ. પુત્રની હતાશા ખંખેરી તેની શક્તિ જગાડવા બદલ તેને સંતોષ થયો.

'ગીતા'માં શ્રીકૃષ્ણએ કહ્યું છે 'ઉધ્ધરેદાત્મનાત્માનંપ' માણસે પોતાના વડે જ પોતાનો ઉધ્ધાર કરવાનો હોય છે. ખુદનું પતન ના થાય તેનું ધ્યાન રાખવાનું હોય છે. કારણકે માણસ જાતે જ પોતાનો મિત્ર છે અને પોતાનો શત્રુ પણ છે. 'આ સંસારમાં એવું કોઈ નથી જેને ઈશ્વરે હિંમત ઉત્સાહ અને શક્તિ ના આપ્યાં હોય. આપણે જ તેની હાજરીની નોંધ લેતાં નથી.ફળ કદી રસ વગરનું હોતું નથી. દરેકમાં રસ હોય છે. જાણકાર તો લાકડી જેવા શેરડીના સાંઠામાંથીય રસ કાઢી લે છે. તો આપણે માણસ તરીકે રસહીન કેવી રીતે હોઈ શકીએ.'

વિશ્વવિખ્યાત પ્લેયર વોલ્ટર ડેવીસ નાનો હતો ત્યારે તેને બાળલકવો થયો હતો. તેની માતા તેને જોઈને દુઃખી થતી. તે વોલ્ટરને ખૂબ ચાહતી. માતાએ તેનામાં આત્મવિશ્વાસ જગાડયો. વોલ્ટર ધીરે ધીરે પગ પર ઉભા રહેતા શીખ્યો. માતાએ તેનો ડર દૂર કરી તેને ચાલતા શીખવાડયું. દિવસો પસાર થતા ગયા. વોલ્ટર હવે જાતે બેઠો થતો, ચાલતો. એક વખત એવો આવ્યો કે તે 'હાઈ જમ્પ' માટે ઊંચા કૂદવાની પ્રેક્ટિસ કરવા લાગ્યો. નાની-નાની સ્પર્ધામાં ભાગ લેવાનું શરૂ કર્યું. તેના લગ્ન બાદ તેની પત્નીએ તેની અંદર રહેલી સંભાવનાને બરાબર ઝંઝોડી. તેનો ઉત્સાહ અને હિંમત વધારી. 'વોલ્ટર, હજુ તારામાં અપૂર્વ શક્તિ પડેલી છે. કમ ઓન, તેને બહાર આવવા દે ! 'આત્મવિશ્વાસ, શ્રદ્ધા કુટુંબનો અખૂટ પ્રેમ અને અથાક મહેનત કામ કરી ગઈ. એક દિવસ તે છ ફૂટ બાર ઈંચનો હાઈજમ્પ કરી વર્લ્ડચેમ્પિયન બની ગયો. વિચાર કરો. એક લકવાગ્રસ્ત છોકરો- વર્લ્ડચેમ્પિયન!!

જે સામર્થ્ય આપણામાં રહેલું છે તેને જાણી, તેના પર શ્રદ્ધા રાખી તેનો ઉપયોગ કરવાથી સર્જનશીલતા પ્રગટે છે. વિજેતા કોઈ જુદી માટીનો નથી હોતો. આપણા જેવો સામાન્ય જ હોય છે. પણ તેનામાં આપણા કરતાં વધારે ઉત્સાહ થનગનાટ અને ધ્યેય સુધી પહોંચવાની ચપળતા હોય છે. માણસમાં જ્યારે લક્ષ્ય પ્રાપ્ત કરવાની તીવ્રતા વધે ત્યારે તેનામાં રહેલી શક્તિ ઝરણાની જેમ ફૂટી નીકળે છે. સંઘર્ષ વગર સંકલ્પ પેદા થતો નથી. સંકલ્પ વગર સમર્પણ પેદા થતું નથી. અને સમર્પણ વગર ભીતરી શક્તિ પ્રગટ થતી નથી. કંઈક અલગ કરવાની લગની માણસને ભીડમાંથી રસ્તો કાઢી આગળ વધવાની પ્રેરણા આપે છે.જ્યોર્જ નામનો એક માણસ ફાઉન્ટનપેનની દુકાને કલાર્ક તરીકે નોકરી કરતો હતો. ઓછા પગારમાં માંડમાંડ તેનો ગુજારો થતો. તેનું કામ ફક્ત હિસાબ રાખવાનું હતું. તે વખતે પેન નવી નવી આવી હતી તેથી ઘણીવાર બગડી જતી. લોકો પેન પાછી લાવી ફરિયાદ કરતા. જો કે કંપની કોઈ ગેરંટી આપતી નહોતી અને દુકાનદારની પણ કોઈ જવાબદારી નહોતી.

# પદ્મપુરાણ : દિવ્ય કમળથી ભક્તિના અમૃત સુધી

ભારતીય ધર્મ અને આધ્યાત્મિક પરંપરામાં પુરાણોનું વિશિષ્ટ સ્થાન છે. પુરાણો માત્ર પ્રાચીન કથાઓનો સંગ્રહ નથી. તેમાં ધર્મ, સંસ્કૃતિ, જીવનમૂલ્યો, ભક્તિ, જ્ઞાન અને માનવજીવનને યોગ્ય દિશા આપતા અનેક વિચારો સમાયેલા છે. આવાં મહત્ત્વપૂર્ણ પુરાણોમાં પદ્મપુરાણનું સ્થાન વિશેષ છે. 'પદ્મપુરાણ' નામ પડવા પાછળ ભગવાન વિષ્ણુની નાભિમાંથી પ્રગટેલા દિવ્ય કમળની કથા જોડાયેલી છે. આ કમળ માત્ર એક ફૂલ નથી, પરંતુ સૃષ્ટિના આરંભ, પવિત્રતા, જ્ઞાન અને દિવ્ય સર્જનનું પ્રતીક છે.

**જીવનમાં ભૌતિક સુખસગવડો વધતી જાય છે, પરંતુ મનની શાંતિ અને આંતરિક સંતોષ મેળવવો મુશ્કેલ બનતો જાય છે. આવી સ્થિતિમાં ભક્તિ, સદાચાર, સમદૃષ્ટિ અને નિર્મળ જીવનમૂલ્યોનું મહત્ત્વ વધારે છે, પદ્મપુરાણ આપણને યાદ અપાવે છે કે સાચી આધ્યાત્મિકતા માત્ર ધાર્મિક વિધિમાં નથી, તે આપણા વિચારોની શુદ્ધિ, વર્તનની પવિત્રતા અને હૃદયમાં રહેલા પ્રેમમાં છે. કમળની જેમ સંસારના કાદવમાં રહીને પણ નિર્મળ રહેવું અને ભક્તિના પ્રકાશથી અંતરાત્માને ઉજાસથી ભરવું.**

ક્ષીરસાગરમાં શેષનાગની શય્યા પર ભગવાન વિષ્ણુ યોગનિદ્રામાં પોઢેલા છે. જગતજનની લક્ષ્મીજી તેમના ચરણોની સેવા કરી રહ્યાં છે અને દેવર્ષિ નારદ ભગવાનની સ્તુતિ કરી રહ્યા છે. સમગ્ર બ્રહ્માંડ જાણે શાંત છે. સૃષ્ટિનું કોઈ પ્રગટ સ્વરૂપ દેખાતું નથી. ત્યારે ભગવાન નારાયણના મનમાં સૃષ્ટિ રચવાની ઈચ્છા જાગે છે. આ દિવ્ય સંકલ્પ સાથે તેમની નાભિમાંથી એક અદભુત કમળ પ્રગટ થાય છે. તે સામાન્ય કમળ નથી. તે દિવ્ય તેજથી ઝળહળતું છે અને તેની અંદર જાણે સમગ્ર સૃષ્ટિના ભાવિ વિકાસનું બીજ સમાયેલું છે.

આ દિવ્ય કમળ પર ચતુર્મુખ બ્રહ્માજી પ્રગટ થાય છે. બ્રહ્માજી સામે સમગ્ર સૃષ્ટિના સર્જનની જવાબદારી આવે છે. તેઓ સ્થાવર અને જંગમ, જડ અને ચેતન, દૃશ્ય અને અદૃશ્ય એવા સમગ્ર વિશ્વની રચના કરે છે. પર્વતો, નદીઓ, સમુદ્રો, વનસ્પતિ, પ્રાણીઓ, મનુષ્યો, દેવતાઓ અને અન્ય અનેક જીવસૃષ્ટિથી બ્રહ્માંડનું વિસ્તરણ થાય છે. આમ, કમળ સૃષ્ટિના આરંભનું પ્રથમ આસન બને છે અને તેના પર પ્રગટ થયેલા બ્રહ્માજી સર્જનહાર તરીકે કાર્ય કરે છે.

આ દિવ્ય કથાને કારણે પદ્મપુરાણનું નામ કમળ સાથે જોડાયું હોવાનું માનવામાં આવે છે. 'પદ્મ' એટલે કમળ. ભારતીય સંસ્કૃતિમાં કમળને પવિત્રતા અને નિર્મળતાનું પ્રતીક માનવામાં આવે છે. કમળ કાદવમાં ઊગે છે, પરંતુ કાદવ તેની પાંખડીઓને મલિન કરી શકતો નથી. તેની આ વિશેષતા માનવજીવન માટે પણ એક સુંદર સંદેશ આપે છે. મનુષ્ય સંસારની અનેક મુશ્કેલીઓ અને વિકારોની વચ્ચે રહેતો હોવા છતાં પોતાના વિચારો અને આચરણને શુદ્ધ રાખી શકે છે. કમળની જેમ સંસારમાં રહીને પણ નિષ્કલંક રહેવું એ ભારતીય આધ્યાત્મિક જીવનનો એક મહત્ત્વનો સંદેશ છે.કમળ સૂર્યના પ્રકાશ સાથે ખીલે છે. આ દૃશ્ય પણ આધ્યાત્મિક રીતે ખૂબ અર્થપૂર્ણ છે. જેમ સૂર્યપ્રકાશ મળતાં કમળ ખીલે છે, તેમ જ્ઞાન અને ભક્તિનો પ્રકાશ મળતાં માનવહૃદય ખીલી ઊઠે છે. અજ્ઞાનનું અંધકાર દૂર થાય છે અને જીવનમાં સત્યની અનુભૂતિ થવા લાગે છે. તેથી પદ્મપુરાણમાં રહેલું 'પદ્મ' માત્ર નામ પૂરતું નથી. તે માનવજીવનને અંધકારમાંથી પ્રકાશ તરફ અને અશુદ્ધિમાંથી પવિત્રતા તરફ લઈ જતું પ્રતીક પણ બની જાય છે.

પદ્મપુરાણમાં ભગવાન વિષ્ણુ અને બ્રહ્મા બંનેનું વિશેષ મહત્ત્વ જોવા મળે છે. ભગવાન વિષ્ણુ સૃષ્ટિના પાલનહાર છે અને બ્રહ્માજી સર્જનહાર છે. વિષ્ણુની નાભિમાંથી કમળ પ્રગટે છે અને તેના પર બ્રહ્માજી પ્રગટ થઈને સૃષ્ટિનું સર્જન કરે છે. આ રીતે સર્જન અને પાલન બંને એક જ દિવ્ય પરંપરામાં જોડાઈ જાય છે. એક તરફ સર્જનની શક્તિ છે અને બીજી તરફ સમગ્ર સૃષ્ટિનું પાલન કરનારી શક્તિ છે. પદ્મપુરાણ આ બંને તત્ત્વોને એકબીજાથી જોડીને ભારતીય આધ્યાત્મિક વિચારધારાની એક સુંદર છબી રજૂ કરે છે.

પદ્મપુરાણનું બીજું મહત્ત્વ તેના વૈષ્ણવધર્મના નિરૂપણમાં જોવા મળે છે. તેને વૈષ્ણવ પરંપરાના મહત્વપૂર્ણ ગ્રંથ તરીકે માનવામાં આવે છે. તેમાં વૈષ્ણવ ધર્મનું સ્વરૂપ, વૈષ્ણવના લક્ષણો, ભગવાન પ્રત્યેની ભક્તિ અને સદાચાર વિશે વિગતપૂર્વક સમજાવવામાં આવ્યું છે. સાચો વૈષ્ણવ કોણ કહેવાય, તેનો જવાબ માત્ર ધાર્મિક વેશ કે બાહ્ય ચિહ્નોમાં નથી. સાચો વૈષ્ણવ પોતાના આચરણથી ઓળખાય છે. જે સત્યને સ્વીકારે, પવિત્ર જીવન જીવે, રાગ અને દ્વેષથી દૂર રહે અને આધ્યાત્મિક જ્ઞાન મેળવવાનો પ્રયત્ન કરે, તે સાચા

આસપાસ ચોપાસ - સુરેશ ભટ્ટ

વૈષ્ણવના માર્ગ પર ચાલે છે.

આ વિચાર મહાત્મા ગાંધીજીના પ્રસિદ્ધ ભજન 'વૈષ્ણવ જન તો તેને કહીએ'માં પણ અત્યંત સુંદર રીતે વ્યક્ત થયો છે. પરદુઃખે ઉપકાર કરવો, મનમાં અભિમાન ન રાખવો, સૌને સમદૃષ્ટિથી જોવું અને નિંદા તથા દ્વેષથી દૂર રહેવું એ સાચા વૈષ્ણવના ગુણો છે. પદ્મપુરાણના વિચારોમાં પણ ભક્તના જીવનમાં આવા જ ગુણોને મહત્ત્વ આપવામાં આવ્યું છે. એટલે વૈષ્ણવ બનવું માત્ર કોઈ એક સંપ્રદાય સાથે જોડાવાનું નામ નથી. તે એક ઉત્તમ જીવનશૈલી અને માનવતાપૂર્ણ વર્તનનું નામ છે.

સાચા ભક્તની દૃષ્ટિમાં શિવ અને વિષ્ણુ વચ્ચે કોઈ ભેદ રહેતો નથી. તે પોતાના અને પારકામાં પણ અતિશય ભેદભાવ રાખતો નથી. શત્રુ પ્રત્યે પણ દ્વેષ રાખવાને બદલે તેને મિત્ર સમાન જોવાની ભાવના તેના હૃદયમાં વિકસે છે. આવી સમદૃષ્ટિ ભક્તિને સંકુચિત ઉપાસનાથી ઉપર ઉઠાવે છે. ભક્તિ માત્ર મંદિર સુધી સીમિત રહેતી નથી. તે માણસના સ્વભાવમાં, વ્યવહારમાં અને સમગ્ર જીવનમાં પ્રગટ થવા લાગે છે.પદ્મપુરાણમાં ભક્તિના મહિમાને પણ વિશેષ સ્થાન આપવામાં આવ્યું છે. ભક્તિના સ્વરૂપ, તેના વિવિધ પ્રકારો અને તેના આધ્યાત્મિક મહત્ત્વનું સુંદર નિરૂપણ જોવા મળે છે. ભક્તિ અંગે સમયાંતરે વિકસેલા વિવિધ વિચારોનો તેમાં સમન્વય જોવા મળે છે. પદ્મપુરાણના ઉત્તરખંડમાં ભક્તિના મહિમાને સમજાવતું ભક્તિ-રસાયણ પણ જોવા મળે છે. તેમાં એવો ભાવ વ્યક્ત થાય છે કે સત્યયુગ, ત્રેતાયુગ અને દ્વાપરયુગમાં જ્ઞાન અને વૈરાગ્યને મુક્તિના સાધન તરીકે વિશેષ મહત્ત્વ મળ્યું હતું, પરંતુ કળિયુગમાં ભક્તિને વિશેષ સરળ અને શક્તિશાળી સાધન માનવામાં આવી છે.

આ ભક્તિને એક સુંદર કથાના રૂપમાં સમજાવવામાં આવી છે. ભગવાને ભક્તિને જાણે એક જીવંત શક્તિ તરીકે સ્વીકારી છે. ભક્તિ ભગવાનની પ્રિય છે અને તેનું સ્થાન અત્યંત ઊંચું છે. એક પ્રસંગમાં ભક્તિ ભગવાનને પૂછે છે કે હવે તેણે શું કરવું. ભગવાન તેને પોતાના ભક્તોનું પોષણ કરવાની આજ્ઞા આપે છે. ભક્તિ ભગવાનની આજ્ઞાનો સ્વીકાર કરે છે. ભગવાન પ્રસન્ન થઈને મુક્તિને તેની દાસી તરીકે અને જ્ઞાન તથા વૈરાગ્યને તેના પુત્રો તરીકે આપે છે. આ કથાનો આધ્યાત્મિક અર્થ અત્યંત ઊંડો છે. જ્યાં સાચી ભક્તિ હોય છે ત્યાં મુક્તિ, જ્ઞાન અને વૈરાગ્ય પણ જીવનમાં સ્થાન મેળવે છે.આ કથા એ વાતને પણ સમજાવે છે કે માત્ર જ્ઞાનનો અહંકાર, તપસ્યા, વેદાધ્યયન કે કર્મકાંડથી ભગવાનને પ્રાપ્ત કરી શકાય એવું નથી. આ બધાં સાધનોનું પોતાનું મહત્ત્વ છે, પરંતુ ભક્તિ વિના તેમાં પૂર્ણતા આવતી નથી. હૃદયમાં પ્રેમ, શ્રદ્ધા અને સમર્પણ હોય ત્યારે જ ઉપાસના જીવનનો જીવંત અનુભવ બને છે. ભગવાન સાથેનો સંબંધ માત્ર બુદ્ધિનો વિષય નથી. તે હૃદયની અનુભૂતિ પણ છે.

પદ્મપુરાણમાં ભક્તિના આ મહિમાને સમજાવવા માટે ગોપીઓ, પ્રહલાદ અને મીરાં જેવા મહાન ભક્તોના જીવનને યાદ કરી શકાય. ગોપીઓએ શ્રીકૃષ્ણ પ્રત્યે નિષ્કામ પ્રેમ વ્યક્ત કર્યો. પ્રહલાદે પ્રતિકૂળ પરિસ્થિતિઓ વચ્ચે પણ ભગવાન પ્રત્યેની પોતાની શ્રદ્ધા ગુમાવી નહીં. મીરાંએ રાજમહેલની સુખસુવિધાઓ કરતાં કૃષ્ણભક્તિને મહત્ત્વ આપ્યું. તેમના જીવનમાં ભક્તિ માત્ર ઉપાસના નહોતી, પરંતુ જીવનનો શ્વાસ બની ગઈ હતી.

ભક્તિનું સૌથી મોટું સામર્થ્ય એ છે કે તે ભગવાન અને ભક્ત વચ્ચે અંતર રહેવા દેતી નથી. પ્રેમના સંબંધથી બંધાયેલ ભગવાન પોતાના પરમધામથી ભક્તના હૃદયમાં આવીને વસે છે એવી સુંદર ભાવના પદ્મપુરાણમાં વ્યક્ત થાય છે. સાચી ભક્તિમાં માંગ ઓછી અને સમર્પણ વધારે હોય છે. ભક્ત ભગવાન પાસેથી માત્ર સુખ કે સંપત્તિ માગતો નથી. તે ભગવાનને જ જીવનનું અંતિમ ધ્યેય માને છે.

આ રીતે પદ્મપુરાણનું પદ્મ માત્ર ભગવાન વિષ્ણુની નાભિમાંથી પ્રગટેલું દિવ્ય કમળ નથી. તે સમગ્ર ભારતીય



આધ્યાત્મિક વિચારધારાનું એક સુંદર પ્રતીક બની જાય છે. તેની અંદર સર્જન છે, પવિત્રતા છે, જ્ઞાન છે અને ભક્તિ પણ છે. કમળ આપણને સંસારમાં રહીને નિર્મળ રહેવાનો સંદેશ આપે છે. વૈષ્ણવધર્મ આપણને સત્ય, દયા, સમભાવ અને નિષ્કપટ જીવન તરફ દોરી જાય છે. ભક્તિ આપણને અહંકાર છોડીને ભગવાન સાથે પ્રેમનો સંબંધ સ્થાપિત કરવાનું શીખવે છે.આજના સમયમાં પણ પદ્મપુરાણનો આ સંદેશ એટલો જ પ્રાસંગિક છે. જીવનમાં ભૌતિક સુખસગવડો વધતી જાય છે, પરંતુ મનની શાંતિ અને આંતરિક સંતોષ મેળવવો મુશ્કેલ બનતો જાય છે. આવી સ્થિતિમાં ભક્તિ, સદાચાર, સમદૃષ્ટિ અને નિર્મળ જીવનમૂલ્યોનું મહત્ત્વ વધારે છે. પદ્મપુરાણ આપણને યાદ અપાવે છે કે સાચી આધ્યાત્મિકતા માત્ર ધાર્મિક વિધિમાં નથી. તે આપણા વિચારોની શુદ્ધિ, વર્તનની પવિત્રતા અને હૃદયમાં રહેલા પ્રેમમાં છે. કમળની જેમ સંસારના કાદવમાં રહીને પણ નિર્મળ રહેવું અને ભક્તિના પ્રકાશથી અંતરાત્માને ઉજાસથી ભરવું.

# નાના પાટેકરે કારગિલ યુદ્ધમાં સેવા આપવા માટે પોતાની અભિનય કારકિર્દીમાંથી વિરામ લીધો હતો

મુંબઈ,

નાના પાટેકરે કારગિલ યુદ્ધમાં સેવા આપી હતી: ૧૯૯૯ માં, નાના પાટેકરે કારગિલ યુદ્ધમાં સેવા આપવા માટે પોતાની અભિનય કારકિર્દીમાંથી વિરામ લીધો હતો, જેમાં તેમણે સંરક્ષણ પ્રધાનની ખાસ પરવાનગી મેળવી હતી. પોતાની કારકિર્દીની ટોચ પર, નાના પાટેકરે ફિલ્મોમાંથી વિરામ લીધો હતો અને કારગિલ યુદ્ધમાં ભાગ લીધો હતો, જેમાં તેમણે ૨૦ કિલો વજન ઘટાડ્યું હતું.

નાના પાટેકરને દેશની સેવા કરવાનો જોરદાર જુસ્સો અને ઉત્સાહ હતો. બહુ ઓછા લોકો જાણે છે કે ૧૯૯૯ માં કારગિલ યુદ્ધ દરમિયાન તેમણે દેશની સેવા કરી હતી. ત્રણ વખત રાષ્ટ્રીય પુરસ્કાર વિજેતા નાના તેમના ઉત્કૃષ્ટ અભિનય તેમજ તેમની સામાજિક સેવા અને ભારતીય સેના સાથેની તેમની સંડોવણી માટે જાણીતા હતા. તેમણે પ્રાદેશિક સેનામાં સેવા આપી હતી અને વારંવાર નિવૃત્ત સૈનિકો અને તેમના પરિવારો માટે ભંડોળ એકત્ર કર્યું હતું. મોટાભાગના કલાકારોથી વિપરીત, નાનાનો સૈન્ય પ્રત્યેનો પ્રેમ તેમને યુદ્ધ દરમિયાન મોરચા પર લઈ ગયો. આ કારગિલ યુદ્ધની સૌથી અનોખી વાર્તાઓમાંની એક છે.

એક ઉત્તમ શૂટર, નાના પાટેકરે, કારગિલ યુદ્ધમાં સેવા આપવા માટે



પોતાની કારકિર્દીને અસ્થાયી રૂપે મુલતવી રાખી. ૧૯૯૯માં, કારગિલ યુદ્ધ દરમિયાન, ભારતીય સેના કારગિલના મુશ્કેલ પ્રદેશમાં પાકિસ્તાની સેના સામે લડી રહી હતી. તે સમયે, નાના પાટેકરે પોતાની કારકિર્દીમાંથી વિરામ લીધો અને યુદ્ધ મોરચા પર જવા માટે તત્કાલીન અટલ બિહારી વાજપેયી સરકારમાં સંરક્ષણ પ્રધાન જ્યોર્જ ફર્નાન્ડિસ પાસેથી ખાસ પરવાનગી માંગી.

૧૯૯૯માં કારગિલ યુદ્ધ દરમિયાન, નાના પાટેકરે રાષ્ટ્રની સેવા કરવા માટે સંરક્ષણ પ્રધાન જ્યોર્જ ફર્નાન્ડિસ પાસેથી વ્યક્તિગત રીતે ખાસ પરવાનગી માંગી. તેમણે કારગિલ યુદ્ધમાં સેવા આપવા માટે પોતાની અભિનય કારકિર્દીમાંથી વિરામ લીધો.૨૦૨૬ની શરૂઆતમાં, નાના પાટેકર 'કૌન બનેગા કરોડપતિ' શોમાં દેખાયા, જ્યાં તેમણે અમિતાભ બચ્ચનને કહ્યું કે કારગિલ યુદ્ધ દરમિયાન તેઓ કેવી રીતે મોરચા પર સેવા આપી શક્યા.૧૯૯૦ના દાયકાની શરૂઆતમાં તેમની ફિલ્મ 'પ્રહાર' માટે સ્ક્રિપ્ટ લખતી વખતે, નાના પાટેકરે સેનાની મરાઠા લાઈટ ઈન્ફન્ટ્રી સાથે ત્રણ વર્ષ તાલીમ લીધી.

# રમતગમત જગતે પીઢ અભિનેતા નાના પાટેકરને શ્રદ્ધાંજલિ અર્પણ કરી

મુંબઈ,

પીઢ અભિનેતા નાના પાટેકરનું ગુરુવારે સવારે ૫:૨૦ વાગ્યે ગોવામાં તેમના ઘરે હૃદયરોગના હુમલા બાદ નિધન થયું. રમતગમત જગત તેમના નિધનથી દુઃખી છે, અને ખેલાડીઓએ દિગ્ગજ અભિનેતાને શ્રદ્ધાંજલિ આપી છે. ભૂતપૂર્વ ક્રિકેટરો શિખર ધવન અને અજિંક્ય રહાણેએ નાના પાટેકરના નિધન પર શોક વ્યક્ત કર્યો છે.

નાના પાટેકરના નિધન પર શિખર ધવને કહ્યું, "આજે ભારતીય સિનેમાએ એક ખૂબ જ ખાસ કલાકાર ગુમાવ્યો છે. નાના પાટેકર સાહેબ, તમારું કાર્ય પેઢીઓને પ્રેરણા અને મનોરંજન આપતું રહેશે. ઓમ શાંતિ."

ભૂતપૂર્વ ભારતીય કેપ્ટન અજિંક્ય રહાણેએ પાટેકરને એક મહાન અભિનેતા તરીકે વર્ણવ્યું જેમના કાર્યથી પેઢીઓને પ્રેરણા અને મનોરંજન મળતું હતું. રહાણેએ તેમના નિધન પર શોક વ્યક્ત કર્યો. રહાણેએ ઈન્સ્ટાગ્રામ પર લખ્યું, "નાના પાટેકરજી ખરેખર એક મહાન અભિનેતા હતા જેમના કાર્યથી પેઢીઓને પ્રેરણા અને મનોરંજન મળતું હતું. તેમના નિધન વિશે સાંભળીને મને ખૂબ દુઃખ થયું છે." તેમના આત્માને શાંતિ મળે.

યુવરાજ સિંહે એક્સ પર લખ્યું, "સિનેમાએ એક સાચા દંતકથા ગુમાવી છે, જે સર્વકાલીન શ્રેષ્ઠ કલાકારોમાંનો એક છે. મને યાદ છે કે મેં તેમની ઘણી ફિલ્મો જોઈ હતી અને તેમના અવાજ, તેમની હાજરી અને તેમના યાદગાર અભિનયથી મંત્રમુગ્ધ થઈ ગયો હતો. તેમના પરિવાર પ્રત્યે મારી સંવેદના. ઓમ શાંતિ."

પ્રખ્યાત ક્રિકેટ કોમેન્ટેટર હર્ષા ભોગલેએ એક્સ પર લખ્યું, "અરે ના. એક અદ્ભુત અભિનેતા, સ્ક્રીન પર અને જીવનમાં તીવ્ર. સ્ટેજ પર તેજસ્વી અને આવી મનમોહક હાજરી. તેણે બધું જ ૧૦૦% કર્યું. કેવો દુઃખદ દિવસ. નાના પાટેકર."

દંતકથા સમાન ક્રિકેટર સચિન તેંડુલકરે નાના પાટેકરને શ્રદ્ધાંજલિ આપતા લખ્યું, "હું નાના પાટેકરને ખૂબ જ સરળ અને સરળ વ્યક્તિ તરીકે યાદ કરું છું. તે જ પ્રામાણિકતા તેમના કામમાં પ્રતિબિંબિત થતી હતી.

# બળાત્કારના કેસમાં જામીન મળ્યા બાદ અભિષેક પોરેલ બંગાળની રણજી ટ્રોફી ટીમમાં પાછો ફર્યો



કોલકતા,

વિકેટકીપર-બેટ્સમેન અભિષેક પોરેલ બંગાળની રણજી ટ્રોફી ટીમમાં પાછો ફર્યો છે. બળાત્કારના કેસમાં જામીન મળ્યાના થોડા દિવસો પછી, પોરેલનો બંગાળની રણજી ટ્રોફી ટીમમાં સમાવેશ કરવામાં આવ્યો છે. તે દિલ્હી સામે ટુર્નામિન્ટની શરૂઆતની મેચ માટે બંગાળની ટીમનો ભાગ રહેશે.ક્રિકેટ એસોસિએશન ઓફ બંગાળે ૨૦ ઓક્ટોબરે દિલ્હી સામેની મેચ માટે ટીમની જાહેરાત કરી. કલ્યાણીના બંગાળ ક્રિકેટ એકેડેમી ગ્રાઉન્ડ ખાતે એલિટ ગ્રુપ સી મેચમાં બંને ટીમો એકબીજા સામે ટકરાશે. અભિમન્યુ ઈશ્વરનને કેપ્ટન બનાવવામાં આવ્યો છે, જ્યારે સુદીપ કુમાર ઘરામી ઉપ-કેપ્ટન રહેશે.પોરેલને વિકેટકીપર-બેટ્સમેન તરીકે ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે. તેમની પસંદગીના સમાચાર તાજેતરમાં બળાત્કારના કેસમાં જામીન પર મુક્ત થયા બાદ આવ્યા છે. અહેવાલો અનુસાર, કોર્ટ દ્વારા જામીન મળ્યા બાદ તેમને હવે બંગાળની સ્થાનિક ક્રિકેટ ટીમમાં સામેલ કરવામાં આવ્યા છે.બંગાળનું રણજી ટ્રોફી અભિયાન મૂળ કોલકાતાના ઐતિહાસિક ઈડન ગાર્ડન્સ ખાતે શરૂ થવાનું હતું, પરંતુ હવે મેચ કલ્યાણીમાં ખસેડવામાં આવી છે. સ્થળમાં ફેરફાર ૧૦ ઓક્ટોબરે મહાલયાથી શરૂ થતી દુર્ગા પૂજા ઉજવણીની શરૂઆત માટે વડા પ્રધાન નરેન્દ્ર મોદીના ઈડન ગાર્ડન્સની મુલાકાતને કારણે કરવામાં આવ્યો હતો.

# બે વધુ ઓસ્ટ્રેલિયન કોચે ફ્રેન્ચાઈઝી છોડી દેતા પંજાબ કિંગ્સે આઈપીએલ પહેલા ત્રણ નવા કોચ શોધવા પડશે

નવીદિલ્હી,

આઈપીએલ ૨૦૨૭ ની તૈયારીઓ વચ્ચે, પંજાબ કિંગ્સ ટીમને મેદાનમાં ઉતારતા પહેલા પણ એક મોટા પડકારનો સામનો કરી રહી છે. રિકી પોન્ટિંગના નેતૃત્વમાં કોચિંગ સ્ટાફમાં સતત ફેરફાર થઈ રહ્યા છે. સ્પિન બોલિંગ કોચ સાઈરાજ બહુતુલેના ગયા બાદ, બે વધુ ઓસ્ટ્રેલિયન કોચે હવે ફ્રેન્ચાઈઝી છોડી દીધી છે. આવી સ્થિતિમાં, પંજાબ કિંગ્સને આગામી સીઝન પહેલા ઓછામાં ઓછા ત્રણ નવા કોચિંગ સ્ટાફ સભ્યોની શોધ કરવી પડી શકે છે.

ક્રિકબઝના અહેવાલ મુજબ, પંજાબ કિંગ્સના ફિલ્ડિંગ કોચ બ્રેડ



હેડિન અને ફાસ્ટ બોલિંગ કોચ જેમ્સ હોપ્સે તાજેતરમાં ફ્રેન્ચાઈઝીને તેમના નિર્ણયોની જાણ કરી હતી. તેમના ગયા પછી, ટીમ મેનેજમેન્ટે તેમના સ્થાને ખેલાડીઓની શોધ શરૂ કરી દીધી છે. એવું માનવામાં આવે છે કે હેડિન અને હોપ્સ બંનેને બિગ બેશ લીગમાં નવી જવાબદારીઓ મળી શકે છે.

ભૂતપૂર્વ ઓસ્ટ્રેલિયન વિકેટકીપર-બેટ્સમેન બ્રેડ હેડિન પંજાબ કિંગ્સના ફિલ્ડિંગ કોચ હતા, જ્યારે ભૂતપૂર્વ ઓસ્ટ્રેલિયન ફાસ્ટ બોલર જેમ્સ હોપ્સ ટીમના બોલિંગ કોચ તરીકે સેવા આપી હતી. હોપ્સને રિકી પોન્ટિંગની નજીક માનવામાં આવે છે. તે પોન્ટિંગ સાથે દિલ્હી કેપિટલ્સથી પંજાબ કિંગ્સમાં જોડાયો હતો. બીજી તરફ, હેડિન અગાઉના કોચિંગ સેટઅપથી ટીમ સાથે રહ્યો હતો, જ્યારે ટ્રેવર બેલિસ ફ્રેન્ચાઈઝનું નેતૃત્વ કરી રહ્યા હતા.

નવા કોચની નિમણૂક કરવાની જવાબદારી હવે મુખ્યત્વે રિકી પોન્ટિંગ પર રહેશે. સૂત્રોના જણાવ્યા અનુસાર, ફ્રેન્ચાઈઝ મેનેજમેન્ટ પોન્ટિંગના સંપર્કમાં છે અને સંભવિત ઉમેદવારો અંગે ચર્ચા ચાલી રહી છે. મેનેજમેન્ટ કેટલાક નામો સૂચવી શકે છે, પરંતુ અંતિમ નિર્ણય મુખ્ય કોચ પોન્ટિંગ પર રહેશે. એક સૂત્રએ જણાવ્યું હતું કે મુખ્ય કોચ એકમાત્ર નિર્ણય લેનાર હશે.ફ્રેન્ચાઈઝ ડિસેમ્બરમાં આઈપીએલ હરાજી પહેલાં નવા કોચિંગ સ્ટાફને અંતિમ સ્વરૂપ આપવાનું લક્ષ્ય ધરાવે છે. જોકે, પોન્ટિંગ ઉમેદવારોની ચર્ચા અને ઈન્ટરવ્યુ લીધા પછી જ અંતિમ નિર્ણય લેવામાં આવશે. અગાઉ, સાઈરાજ બહુતુલેએ પણ આઈપીએલની ૧૯મી સીઝન પછી પંજાબ કિંગ્સ છોડી દીધું હતું. બહુતુલે અગાઉ રાજસ્થાન રોયલ્સના કોચિંગ સેટઅપનો ભાગ હતા, તેમણે સુનીલ જોશીની જગ્યાએ કામ કર્યું હતું, જે પાછળથી બેંગલુરુ સ્થિત સેન્ટર ઓફ એક્સેલન્સમાં સ્પિન બોલિંગ કોચ બન્યા હતા.

# કન્નડ સુપરસ્ટાર શિવ રાજકુમાર "બેલ" ના પ્રમોશન દરમિયાન ફટાકડાના અકસ્માતમાં માંડ બચી ગયા

મુંબઈ,

કન્નડ સુપરસ્ટાર શિવ રાજકુમાર તાજેતરમાં તેમની ફિલ્મ "બેલ" ના પ્રમોશન માટે એક થિયેટરની મુલાકાત લીધી હતી, જ્યાં તેઓ અકસ્માતમાં માંડ બચી ગયા હતા. અભિનેતા તેમની ફિલ્મના પ્રમોશન માટે કર્ણાટકના ચિત્રદુર્ગમાં હતા. થિયેટરમાં પ્રવેશતાની સાથે જ કંઈક એવું બન્યું જેનાથી હાજર લોકો ડરી ગયા. તેઓ પ્રવેશતાની સાથે જ શિવ રાજકુમારના ચહેરા પાસે ફટાકડા ફૂટ્યા. અભિનેતાની ટીમે તેમને બચાવી લીધા. આ વીડિયો હવે સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે, અને અભિનેતાના ચાહકો ચિંતિત છે. જોકે, રાહતની વાત એ છે કે





અકસ્માતમાં અભિનેતાને કોઈ નુકસાન થયું નથી.

શિવ રાજકુમાર હાલમાં તેમની ફિલ્મ "બેલ" માટે સમાચારમાં છે, જે ૨ ઓક્ટોબરના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થઈ હતી, અને અભિનેતા તેમની ફિલ્મના પ્રમોશનમાં વ્યસ્ત છે. તાજેતરમાં, શિવ રાજકુમાર, "બેલ" ટીમ સાથે, ફિલ્મના પ્રમોશનલ ટૂર માટે બસવેશ્વરા થિયેટરમાં પહોંચ્યા. થિયેટર મેનેજમેન્ટ અને ચાહકોના મોટા ટોળાએ શિવનું સ્વાગત કર્યું. જોકે, અભિનેતાની નજીક ફટાકડા ફૂટતાં વાતાવરણ તંગ બની ગયું, જેનાથી તે અને તેની આસપાસના બધા લોકો ચોંકી ગયા.

શિવ રાજકુમાર થિયેટરમાં પ્રવેશતા જ આ અકસ્માત થયો. તેમની આસપાસ તણખા ઉડ્યા, જેના કારણે શિવે તરત જ તેમનો ચહેરો નીચે કર્યો અને તેને પોતાના હાથથી ઢાંકી દીધો. તેમની ટીમના સભ્યો તરત જ તેમના બચાવ માટે દોડી ગયા. ઘટનાના એક વીડિયોમાં, અભિનેતા ઘટના પછી પોતાનો ચહેરો અને માથું લૂછતો જોઈ શકાય છે, જ્યારે તેમની આસપાસના લોકો તપાસ કરી રહ્યા હતા કે તેઓ ઠીક છે કે નહીં. આ ઘટનાથી ગભરાયેલા હોવા છતાં, શિવ પ્રમોશનલ ઈવેન્ટ ચાલુ રાખ્યો. જતા પહેલા તેમણે ચાહકો અને થિયેટર મેનેજમેન્ટ સાથે વાતચીત કરી.

# માર્ટિન ગુપ્ટિલ-આન્દ્રે એડમ્સ ઓસ્ટ્રેલિયા પ્રવાસ માટે ન્યુઝીલેન્ડ મહિલા કોચિંગ સ્ટાફમાં જોડાયા

નવીદિલ્હી,

ન્યુઝીલેન્ડ મહિલા ક્રિકેટ ટીમે ઓસ્ટ્રેલિયા સામેની ટી ૨૦ શ્રેણી પહેલા બે અનુભવી ભૂતપૂર્વ ક્રિકેટરો ઉમેર્યા છે. ન્યુઝીલેન્ડ ક્રિકેટે આ જાહેરાત કરી હતી. ન્યુઝીલેન્ડ ક્રિકેટ અનુસાર, ભૂતપૂર્વ દિગ્ગજ બેટ્સમેન માર્ટિન ગુપ્ટિલ અને ઓલરાઉન્ડર આન્દ્રે એડમ્સ ઓસ્ટ્રેલિયા પ્રવાસ માટે ટીમના કોચિંગ સ્ટાફનો ભાગ રહેશે. બંને વચગાળાના મુખ્ય કોચ ડીન બ્રાઉનલી સાથે કામ કરશે. ગુપ્ટિલ નિયમિત સહાયક કોચ ક્રેગ મેકમિલનનું સ્થાન લેશે. મેકમિલન તાજેતરમાં પીઠની સર્જરી કરાવી હતી અને હાલમાં તેમાંથી સ્વસ્થ થઈ રહ્યા છે. તેમની ગેરહાજરીમાં, ગુપ્ટિલ નિષ્ણાત બેટિંગ અને



ફિલ્ડિંગ સપોર્ટ તરીકે સેવા આપશે.

૨૦૦૯ થી ૨૦૨૨ સુધી ન્યુઝીલેન્ડ માટે આંતરરાષ્ટ્રીય ક્રિકેટ રમનાર ગુપ્ટિલ ટીમમાં નોંધપાત્ર અનુભવ લાવી શકે છે. તેમણે પોતાની આંતરરાષ્ટ્રીય કારકિર્દીમાં ૩૬૭ મેચ રમી છે. મહિલા ટીમ સાથે કામ કરવા માટે ઉત્સાહિત, ગુપ્ટિલે કહ્યું કે તેઓ ન્યુઝીલેન્ડ મહિલા ક્રિકેટ ટીમમાં જોડાવા અને પ્રતિભાશાળી ખેલાડીઓ સાથે કામ કરવા માટે ઉત્સુક છે.

આન્દ્રે એડમ્સ કાર્યકારી મુખ્ય કોચ ડીન બ્રાઉનલીના સહાયક તરીકે સેવા આપશે. ઓટાગો વોલ્ટ્સના સહાયક કોચ, એડમ્સે અગાઉ ન્યુઝીલેન્ડ મહિલા ટીમ સાથે કામ કર્યું છે, ૨૦૧૭ અને ૨૦૨૩ માં તેમની સાથે પ્રવાસ કર્યો છે. તેમણે તાજેતરમાં મહિલા હંડ્રેડમાં બર્મિંગહામ ફોનિક્સને પણ કોચિંગ આપ્યું છે.૨૦૦૧ થી ૨૦૦૭ દરમિયાન ન્યુઝીલેન્ડ માટે ૪૭ આંતરરાષ્ટ્રીય મેચ રમનાર એડમ્સે કહ્યું કે ન્યુઝીલેન્ડ મહિલા ક્રિકેટ ટીમમાં ફરી જોડાવું તેમના માટે ખાસ હતું. તેમણે કહ્યું કે ટીમ સાથે અગાઉ કામ કર્યા પછી, તેઓ ખાસ વાતાવરણ અને ખેલાડીઓ અને સપોર્ટ સ્ટાફ દ્વારા ન્યૂઝીલેન્ડનું પ્રતિનિધિત્વ કરવા પર કેટલું મહત્વ આપવામાં આવે છે તે સમજે છે.ડીન બ્રાઉનલીને ફક્ત ઓસ્ટ્રેલિયા સામેની ત્રણ મેચની ટી ૨૦ શ્રેણી માટે નિયુક્ત કરવામાં આવ્યા છે.

## શબ્દ શોધો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ભા | ત | ૨ | શિ | બં | અં | ઈ | આ | ચા | મ | ણિ | ફ |
| ૨ | ભા | ભા | ળ | ઓ | સ | ઈ | આ | ક | શ | સ | મ |
| બા | કા | લ | ળ | ધ | દ | મો | સ | ક્રો | ક | ગં | કા |
| લા | અ | મ | ત | બ | શ | દ | બા | ૨ | શિ | ક્ષ | ળ |
| અ | ઊ | કા | કુ | દ | રો | ચા | પ્ર | આ | ત્રિ | કો | ણ |
| અ | ભ | ઈ | અ | સ | ક | ક | ભો | હા | ચા | વા | દ |
| હિ | જ | ધી | ૨ | જ | ૨ | ભો | ક | પ્રા | દ | બ | આ |
| ણ | ક્રો | લ | ણ | ણ | ૨ | મ | ૨ | મ | દ | વ | અ |
| નિ | દ | ૨ | ત્રિ | ક | હા | દુ | ક | બો | ધો | અ | સા |
| ગ | વે | વે | ક્ષ | ળ | ક્ષ | નિ | અઃ | અ | ૨ | ઈ | દ |
| વા | ણી | દ | મો | બ | ક | યા | કી | કા | ણ | ગી | બા |
| લી | અ | સા | ન | દુ | વિ | ધા | ન | ૨ | કે | સ | રી |

શબ્દ શોધો

ત્રિકોણ, ત્રિવેણી, દબદબો, દુનિય,ા દુવિધા, ધીરજ, ધોરણ, નરકેસરી, નિવેદન, પ્રકરણ

# અક્ષય કુમાર, રિતેશ દેશમુખ, રવિ કિશન સહિતના બોલિવૂડના કલાકારોએ અભિનેતા નાના પાટેકરના નિધન પર દુઃખ વ્યક્ત કર્યું

મુંબઈ,

નાના પાટેકરના નિધનના સમાચારથી સમગ્ર દેશ શોકમાં ડૂબી ગયો છે. પીઢ અભિનેતાનું ૭૫ વર્ષની વયે હૃદયરોગના હુમલાને કારણે અવસાન થયું. તેઓ ૮ ઓક્ટોબર, ગુરુવારના રોજ સવારે ૫:૨૦ વાગ્યે તેમના ગોવાના નિવાસસ્થાને બેભાન અવસ્થામાં મળી આવ્યા હતા. સમગ્ર ફિલ્મ ઉદ્યોગ શોકમાં ડૂબી ગયો હતો. ઘણા સ્ટાર્સે સોશિયલ મીડિયા પર સ્વર્ગસ્થ અભિનેતાને શ્રદ્ધાંજલિ આપી અને પોતાનું દુઃખ વ્યક્ત કર્યું. અક્ષય કુમારથી લઈને રિતેશ દેશમુખ સુધી, ઘણા લોકોએ નાના પાટેકરને શ્રદ્ધાંજલિ આપીને શોક વ્યક્ત કર્યો છે.

અક્ષય કુમારે "વેલકમ" ફિલ્મનો પોતાનો અને નાના પાટેકરનો એક ફોટો શેર કર્યો, જેમાં બંને ખુશમિજાજ મૂડમાં જોવા મળે છે. ફોટો શેર કરતા તેમણે લખ્યું, "નાનાજીના નિધન વિશે સાંભળીને મને ખૂબ જ દુઃખ થયું છે. તેઓ એવા થોડા કલાકારોમાંના એક હતા જેમને ધ્યાન આકર્ષિત કરવાની જરૂર નહોતી. તેમનો અવાજ, તેમની ગંભીરતા, દરેક અભિનયમાં તેમની પ્રામાણિકતા... તેમની શૈલી અનોખી અને અનોખી હતી. હું મારી જાતને ભાગ્યશાળી માનું છું કે અમને "વેલકમ" અને તાજેતરમાં જ "હાઉસફુલ ૫" માં સાથે કામ કરવાની તક મળી. મારી પાસે તે સેટ પરથી ઘણી બધી યાદો છે જે હું હંમેશા માટે સાચવીશ. નાનાજી



ખરેખર અજોડ હતા. મને વિશ્વાસ નથી થતો કે તમે હવે અમારી સાથે નથી. તે બધી યાદો માટે આભાર. તમારી યાદ શબ્દોથી પણ આગળ વધી જશે.'

રિતેશ દેશમુખે નાના પાટેકરના નિધન પર શોક વ્યક્ત કરતી એક લાંબી પોસ્ટ પણ શેર કરી. પોતાની પોસ્ટમાં તેમણે લખ્યું, "નાનાજીના નિધનના સમાચારથી મને ખૂબ જ આઘાત અને દુઃખ થયું છે. એવું લાગે છે કે કોઈ ટ્રક મારા પર ફરી ગઈ છે. નાના પાટેકરના નિધન વિશે સાંભળીને મને ખૂબ જ દુઃખ થયું છે. તેઓ એક શાનદાર અભિનેતા હતા, અજોડ. તેમણે પોતાની અનોખી શૈલી અને અભિનય કુશળતાથી લોકોના હૃદયમાં સ્થાન બનાવ્યું. એવું કોઈ પાત્ર કે ભૂમિકા નહોતી જે તેઓ નિભાવી ન શકે." તેમણે દરેક પ્રકારની ભૂમિકા સંપૂર્ણતાથી ભજવી, પછી ભલે તે શક્તિશાળી હીરો હોય, ક્રૂર ખલનાયક હોય, કે પછી તેમની દોષરહિત કોમેડી હોય." તેઓ વાસ્તવિક જીવનમાં પણ એક હીરો હતા અને તેમના સંગઠન દ્વારા લોકોના કલ્યાણ માટે અથાક મહેનત કરી હતી. મને તેમની સાથે 'બ્લફમાસ્ટર' અને 'હાઉસફુલ ૫' માં કામ કરવાની તક મળી, પરંતુ તેમની સાથે મરાઠી ફિલ્મમાં કામ કરવાની મારી ઈચ્છા હંમેશા અધૂરી રહેશે. તેમના પરિવાર, પ્રિયજનો અને લાખો શુભેચ્છકો પ્રત્યે મારી ઊંડી સંવેદના. ખરેખર, એક યુગનો અંત આવ્યો છે. તમારી શાણપણ, અમારી વાતચીત, તમારી પીઠ પર થપથપાવવા, અમારા હાસ્ય અને મને વધુ સારો વ્યક્તિ બનાવવા બદલ આભાર. તમારા આત્માને શાંતિ મળે!!!!

નાના પાટેકરને શ્રદ્ધાંજલિ આપતા રવિ કિશને લખ્યું, "આજે વહેલી સવારે નાના પાટેકરજીના નિધનના ખૂબ જ દુઃખદ સમાચાર સાંભળીને મને ખૂબ દુઃખ થયું છે. નાનાજી, જે સ્ટારડમથી દૂર રહ્યા છતાં સ્ટાર હતા, તેઓ ભારતીય સિનેમાના મહાન કલાકારોમાંના એક હતા, તેમની સાદગી, સહજતા અને સરળ વ્યક્તિત્વ માટે જાણીતા હતા.

## ભાવનગર પોલીસ દ્વારા "હર ઘર, સાયબર સુરક્ષિત ઘર" અભિયાન છેડાયું

# સમાજના છેવાડાના નાગરિક સુધી સાયબર જાગૃતિ પહોંચાડશે પોલીસ

ભાવનગર,તા.૯

ભાવનગર રેન્જ પોલીસ મહાનિરીક્ષક આર.વી. અસારી અને ભાવનગર પોલીસ અધિક્ષક નિતેશ પાંડેયના માર્ગદર્શન હેઠળ ભાવનગર જિલ્લા સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન દ્વારા "અંત્યોદય" ના વિચારને સાકાર કરવાના હેતુથી અટલ ઓડિટોરિયમ, મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી ખાતે "હર ઘર, સાયબર સુરક્ષિત ઘર" શીર્ષક હેઠળ મેગા સાયબર ક્રાઈમ અવેરનેસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.







આ અનોખા અભિયાનનો મુખ્ય ઉદ્દેશ્ય સાયબર જાગૃતિ માત્ર શાળા-કોલેજ સુધી સીમિત ન રાખતાં, ગ્રામ્ય વિસ્તારના અને સમાજના અંતિમ છેવાડાના નાગરિકો સુધી પહોંચાડવાનો છે, જેથી અજ્ઞાનતાના કારણે તેઓ સાયબર ગુનાઓનો ભોગ બનતા અટકે.અંતરિયાળ નાગરિકો સુધી સાયબર જાગૃતિનો સંદેશો સચોટ રીતે પહોંચાડવા માટે તાલુકા અને ગ્રામ્ય કક્ષાએ વિશેષ વોટ્સએપ ગ્રુપ બનાવવામાં આવશે. જેમાં તલાટી-કમ-મંત્રીઓ, શિક્ષકો, ગ્રામ્ય આગેવાનો, દ્દઈ અને સામાજિક સંસ્થાઓ, સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર્સ તથા જવાબદાર નાગરિકોને જોડવામાં આવશે. આ ગ્રુપના માધ્યમથી સાયબર ફ્રોડની નવી-નવી રીતો, સાયબર ગુનાઓથી બચવાના ઉપાયો અને જરૂરી સાવચેતી અંગેની વિગતો નિયમિતપણે શેર કરવામાં આવશે.

આ મેગા કાર્યક્રમમાં પોલીસ અધિકારીઓ સહિત તલાટી કમ મંત્રીઓ, શાળાના આચાર્યો, સામાજિક સંસ્થાઓના પ્રતિનિધિઓ, સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર્સ અને સિનિયર સિટીઝન્સ મળીને કુલ ૭૫૦ જેટલા નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન પોલીસ મહાનિરીક્ષક અને પોલીસ અધિક્ષક દ્વારા નાગરિકો સાથે સીધો સંવાદ સાધીને સાયબર સુરક્ષા સંબંધિત પ્રશ્નોનું રૂબરૂ નિરાકરણ કરવામાં આવ્યું હતું.

અનુ.પાના ૮નું શરૂ...

### તળાજાના ધારડી ગામે કારે

બંનેને મૃત જાહેર કર્યા હતા અકસ્માતની આ ઘટના અંગે મૃતક પંકજભાઈના ભાઈ પોપટભાઈ માધાભાઈ વાસાણીની ફરિયાદના આધારે કાર ચાલક છત્રસિંહ વાળા (રહે. તળાજા) વિરુદ્ધ બી.એન.એસ.ની કલમ ૧૦૬(૧), ૨૮૧, ૧૨૫(એ), ૧૨૫(બી) તથા મોટર વાહન અધિનિયમની કલમ ૧૭૭, ૧૩૪, ૧૮૪ મુજબ અલંગ પોલીસ મથકમાં ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

### રૂપાણી સર્કલથી કેડી માણેક સર્કલ

ધ્યાને લઈને ભાજપા અગ્રણી, પૂર્વ કોર્પોરેટર અને 'વંદે માતરમ સેવા સંઘ'ના પ્રમુખ કિશોર ભટ્ટે ભાવનગર મહાનગરપાલિકાના ડેપ્યુટી કમિશનર તેમજ રોડ એન્જિનિયર અને ઈલેક્ટ્રીક ડિપાર્ટમેન્ટના અધિકારીઓને રૂબરૂ રજૂઆત કરી હતી.તેમણે જણાવ્યું હતું કે, શહેરના આ અત્યંત વ્યસ્ત માર્ગ પરથી દરરોજ હજારો નાગરિકો પસાર થાય છે. અંધારાના કારણે અકસ્માત સર્જાવાની પૂરેપૂરી શક્યતા હોઈ, જાહેર હિતમાં આ સમસ્યાનો ત્વરિત ઉકેલ લાવવો અનિવાર્ય છે. કિશોર ભટ્ટે મનપા તંત્ર પાસે સત્વરે સેન્ટર સ્ટ્રીટ લાઈટની સુવિધા પ્રદાન કરી લાઈટો ચાલુ કરવા માટે યોગ્ય અને સનિષ્ઠ પગલાં ભરવા રજૂઆત કરી છે. ડેપ્યુટી કમિશનર અને સંબંધિત વિભાગો દ્વારા આ અંગે સત્વરે કાર્યવાહી કરવામાં આવે તેવી લોકમાંગ ઉઠી છે.

# સણોસરામાં PGVCL કચેરી સામે ગ્રામજનોનો આક્રોશ





તસવીર : કૌશિક વ્યાસ

### અનિયમિત વીજળીથી ખેડૂતો ત્રાહિમામ, પૂરતો વીજ પુરવઠો આપવા માંગ

સિહોર,તા,૦૯

શિહોર તાલુકાના સણોસરા ગામે ખેતીવાડી વીજ પુરવઠાની અનિયમિતતા અને વારંવાર થતી વીજળીની સમસ્યા સામે રોષે ભરાયેલા ગ્રામજનો તથા ખેડૂતો દ્વારા પીજીવીસીએલ કચેરીનો ઘેરાવ કરવામાં આવ્યો હતો. ખેતી માટે પૂરતો અને નિયમિત વીજ પુરવઠો ન મળતા મોટી સંખ્યામાં ખેડૂતો કચેરી ખાતે એકત્ર થયા હતા અને ભારે સૂત્રોચ્ચાર કર્યા હતા.

ખેડૂતોના જણાવ્યા અનુસાર, હાલના સમયમાં ખેતીના કામકાજ અને પાક સંભાળ માટે વીજળી અત્યંત આવશ્યક છે. પરંતુ વીજ પુરવઠો અનિયમિત રહેવાના કારણે ખેડૂતોને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. સમયસર સિંચાઈ ન થઈ શકવાને કારણે ઊભા પાકને નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે, જેનાથી ખેડૂતોની ચિંતામાં સતત વધારો થઈ રહ્યો છે. આ અગાઉ પણ અનેકવાર રજૂઆતો કરવા છતાં કોઈ નક્કર નિરાકરણ ન આવતા ખેડૂતોમાં રોષ જોવા મળ્યો હતો. આંદોલન બાદ તંત્ર દ્વારા વીજ સમસ્યાનું વહેલી તકે કાયમી નિરાકરણ લાવવામાં આવે તેવી ઉગ્ર માંગ કરવામાં આવી છે.

## જિલ્લામાં માહિતી અધિકાર સપ્તાહની ઉજવણી

# રાજ્ય માહિતી આયોગ કમિશનરના અધ્યક્ષસ્થાને માહિતી અધિકાર અધિનિયમ અંગે તાલીમ યોજાઈ

### કલેક્ટર અને જિલ્લા વિકાસ અધિકારી સાથે જિલ્લાના વિવિધ વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ તાલીમમાં જોડાયા

ભાવનગર,તા.૯

રાજ્યભરમાં માહિતી અધિકાર સપ્તાહ - ૨૦૨૬ની ઉજવણી કરવામાં આવી રહી છે. જે અંતર્ગત આજે ભાવનગર ખાતે પણ તેની ઉજવણી કરવામાં આવી હતી.

આ ઉજવણીના ભાગરૂપે જિલ્લા કલેક્ટર કચેરીના આયોજન હોલ ખાતે રાજ્ય માહિતી આયોગના કમિશનર શ્રી ભરતભાઈ ગણાત્રાએ ઉપસ્થિત રહી જિલ્લાના અધિકારીઓ-કર્મચારીઓને માહિતી અધિકાર અધિનિયમની ઉપયોગી માહિતી અને પ્રાવધાનોથી માહિતગાર કર્યા હતા.

આ કાયદા અંતર્ગત પ્રેઝન્ટેશનના માધ્યમથી માહિતી અધિકાર અધિનિયમની વિવિધ જોગવાઈઓ, ઈ્ અરજીઓનો સમયસર નિકાલ, જાહેર માહિતી અધિકારી (PIO)ની જવાબદારીઓ, માહિતી પૂરી પાડવાની પ્રક્રિયા તથા પ્રથમ અપીલ સંબંધિત કાર્યવાહી અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ ઉપરાંત, જાહેર કરી શકાય તેવી અને મુક્તિ પ્રાપ્ત માહિતી, અરજીઓનો સમય મર્યાદામાં નિકાલ, સંબંધિત રેકોર્ડની જાળવણી તથા પારદર્શક વહીવટ અંગે પણ વિસ્તૃત સમજ આપવામાં આવી હતી.અત્રે ઉલ્લેખનીય છે કે, માહિતીનો અધિકાર અધિનિયમ-૨૦૦૫ને ૨૦ વર્ષ થઈ રહ્યાં છે ત્યારે માહિતી આયોગના સાથ સહયોગ અને માર્ગદર્શનથી આ કાયદાની રાજ્યભરમાં યોગ્ય અમલવારી થઈ રહી છે.

આ તાલીમમાં તાલીમાર્થીઓ દ્વારા પૂછાયેલા પ્રશ્નો અંગે નિષ્ણાતોએ જરૂરી છણાવટ સાથે વિસ્તૃત માહિતી આપી હતી.

આ કાર્યક્રમનો હેતુ સરકારી તંત્રમાં પારદર્શિતા, જવાબદારી અને કાર્યક્ષમતા વધારવા તેમજ ઈ્ અધિનિયમનો અસરકારક અમલ સુનિશ્ચિત કરવાનો હતો.

આ તાલીમમાં જિલ્લા કલેક્ટર ડૉ. મનીષ કુમાર બંસલ, જિલ્લા વિકાસ અધિકારી હનુલ ચૌધરી, નિવાસી અધિક કલેક્ટર એન. ડી. ગોવાણી, પ્રાંત અધિકારીઓ તેમજ જિલ્લાની વિવિધ કચેરીના અધિકારીઓ અને કર્મચારીઓ ઉપરાંત સંબંધિત વિભાગોના જાહેર માહિતી અધિકારીઓ તથા અપીલ અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતા.


**પશ્ચિમ રેલવે**
**ભાવનગર મંડળ**

**સ્ટેશનનું અપગ્રેડેશન**

**ઈ-ટેન્ડર નં.:** 171-2026-27 **કામનું નામ:** વેરાવળ: ફેઝ-II માં સ્ટેશનનું અપગ્રેડેશન. **ટેન્ડર કિંમત (રૂ.):** 8,11,61,037.10 **EMD (રૂ.):** 16,23,200.00 **બિડિંગ શરૂ થવાની તારીખ:** 15/10/2026 **બિડિંગ બંધ થવાની તારીખ:** 29/10/2026 ઉપરોક્ત ટેન્ડર 07/10/2026ના રોજ રેલવેની વેબસાઈટ **www.ireps.gov.in** પર અપલોડ કરવામાં આવ્યું છે.

BVP 146

અમને લાઈક કરો: facebook.com/WesternRly


### -: જાહેર જનતા જોગ :-

અમો દક્ષાબેન અજયભાઈ ઓળકીયા ઠે.એ/૨૦૫, મુખ્યમંત્રી આવાસ યોજના, બાલા હનુમાન મંદિર પાસે, માનસશાંતિ પાર્ક, એરપોર્ટ રોડ, રૂવા ભાવનગરનાની સુચના અનુસાર આ જાહેર જનતા જોગ જાણકારી આપીએ છીએ,

અમોએ રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટના સબ ડીસ્ટ્રીકટ ભાવનગરના મોજે ગામ રુવાની સીમમા આવેલ અને ભાવનગર મહાનગરપાલીકાની હદમા સમાવીષ્ટ થયેલ રે.સ.નં.૯૯ /પૈકી ૧/પૈકી ૨ અને ૯૯/૨ પૈકી / પૈકી ૨ હેઠળ નોધાયેલ જમીન જેનો સમાવેશ પ્રારંભીક ટી.પી.સ્કીમ નં.૩ (રૂવા) મા કરવામા આવેલ છે તેમા સ્કીમ વિગ-ડી ના પાંચમા માળે આવેલ ફલેટ નં.૫૦૨ જેનુ બીલ્ટઅપ ક્ષેત્રફળ ૪૫.૫૩ ચો.મી. થાય છે તથા તેના વરાડે આવતી જમીન અંગે અમોએ ગવુબેન વલ્લભભાઈ ઢાપા સાથે મૌખિક કરાર કરેલ છે અને તેમને આ ફલેટ નં.૫૦૨ અંગે કટકે કટકે તેમજ ફોન પે થી રૂા.૧૧,૯૬,૩૮૯/- ચુકવેલ છે અને રૂા.૮,૮૦,૦૦૦/- પુરાનો મકાનમા ખર્ચ કરાવેલ તે રીતે કુલ રૂા.૨૦,૭૬,૩૮૯/- આપેલ છે, જેથી જાહેર જનતા જોગ જણાવવાનુ કે, સદરહુ વિંગ-ડી મા પાંચમા માળે આવેલ ફલેટ નં.૫૦૨ કોઈએ વેચાણથી કે અન્ય રીતે ખરીદવુ નહી જે અંગેની લીગલ નોટીસ અમોએ આપેલ છે.

ભાવનગર

તા.૨૨/૦૯/૨૦૨૬

દક્ષાબેન અજયભાઈ ઓળકીયા

---

**-:જાહેર નોટીશ :-**

**પાલીતાણાના મહે. એડી. ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં મું.પાલીતાણા.**

**અરજદાર તર્ફે વિ.વ.શ્રી :- આર. પી. વાળા**
**પરચુ. ફોજદારી અરજી નંબરઃ-૩૧૪/૨૦૨૬**
**મુદત તારીખઃ- ૨૩/૧૦/૨૦૨૬**

**કાનજીભાઈ મનજીભાઈ ધામેલીયા**
**રહે. રાણપરડા (ખારા), તા.પાલીતાણા.જી. ભાવનગર**

**... અરજદાર**

**વિરુધ્ધ**

**તલાટી મંત્રીશ્રી,**
**રાણપરડા (ખારા) ગ્રામ પંચાયત, મું- રાણપરડા (ખારા),**
**તા. પાલીતાણા, જી. ભાવનગર.**

**....સામાવાળા**

**બાબત :- જન્મ-મરણ અન્વયે મરણ/અવસાન નોંધણી કરવા અંગેની અરજી...**

આથી જાહેર જનતાને સદરહુ નોટીશથી જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદાર કાનજીભાઈ મનજીભાઈ ધામેલીયા રહે. રાણપરડા (ખારા), તા.પાલીતાણા.જી. ભાવનગર નાઓએ તેમના માતા "મણીબેન મનજીભાઈ ધામેલીયાનું મરણ/અવસાન તારીખ ૨૮/૦૪/૨૦૧૭ ના રોજ મું- રાણપરડા (ખારા), તા. પાલીતાણા મુકામે થયેલ છે. સદરહુ અવસાન/મરણની નોંધ રાણપરડા (ખારા) ગ્રામ પંચાયત કચેરીના મરણ રજીસ્ટ્રરમાં નોંધણી અંગે હુકમ કરવા સારૂ અરજદારે અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી દાખલ કરેલ છે. જે અરજી અંગે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો, તકરાર હોઈ તેમણે આધાર પુરાવા સાથે જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં મુદત તારીખ ૨૩/૧૦/૨૦૨૬ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે હાજર રહેવું અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જે આ જાહેર નોટીશ દ્વારા જાહેર જનતા જોગ જાણ કરવામાં આવે છે.

આજરોજ તારીખ ૦૭/૧૦/૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

**હુકમથી**
**(એસ.જે.પરાંજપે)**
**રજીસ્ટ્રાર**
**પ્રિન્સી.સિનિ.સિવિલ અને એડી.ચીફ જ્યુડી.મેજી. કોર્ટ, પાલીતાણા**

**તૈયાર કરનાર (આર.એમ.ચોપડા) આસિસ્ટન્ટ** — **કોર્ટનો સિક્કો** — **મુકાબલ કરનાર (એ.બી.કુરેશી) આસિસ્ટન્ટ**

---

**-:જાહેર નોટીશ :-**

**પાલીતાણાના મહે. એડી. ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં મું.પાલીતાણા.**

**અરજદાર તર્ફે વિ.વ.શ્રી :- એચ.બી. ગોહિલ**
**પર.ફોજદારી અરજી નં.૩૭૬/૨૦૨૬**
**મુદત તારીખઃ ૧૬/૧૦/૨૦૨૬**

**મુક્તાબેન ધીરુભાઇ ધામેલીયા**
**રહે. મું. નવાગામ (બડેલી), તા.પાલીતાણા, જી. ભાવનગર.**

**... અરજદાર**

**વિરુધ્ધ**

**તલાટી મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી નવાગામ (બડેલી), તા. પાલીતાણા, જી. ભાવનગર.**

**....સામાવાળા**

**બાબત :- જન્મ-મરણ અન્વયે જન્મની નોંધણી કરવા અંગેની અરજી...**

આથી જાહેર જનતાને સદરહુ નોટીશથી જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદાર મુક્તાબેન ધીરુભાઈ ધામેલીયા રહે. મું. નવાગામ (બડેલી), તા.પાલીતાણા, જી. ભાવનગરના પુત્રી અમિષાબેન ધીરુભાઈ ધામેલીયાનો જન્મ તારીખ ૧૨/૧૦/૧૯૯૧ ના રોજ મું. નવાગામ (બડેલી), તા. પાલીતાણા, જી. ભાવનગર મુકામે થયેલ છે. સદરહુ જન્મની નોંધ નવાગામ (બડેલી) ગ્રામ પંચાયત કચેરીના જન્મ રજીસ્ટ્રરમાં નોંધણી અંગે હુકમ કરવા સારૂ અરજદારે અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી દાખલ કરેલ છે. જે અરજી અંગે કોઇ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઇપણને વાંધો, તકરાર હોઇ તેમણે આધાર પુરાવા સાથે જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં મુદત તારીખ ૧૬/૧૦/૨૦૨૬ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે હાજર રહેવું અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જે આ જાહેર નોટીશ દ્વારા જાહેર જનતા જોગ જાણ કરવામાં આવે છે.

આજરોજ તારીખ ૦૫/૧૦/૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

**હુકમથી**
**(એસ.જે.પરાંજપે)**
**રજીસ્ટ્રાર**
**પ્રિન્સી.સિનિ.સિવિલ અને એડી.ચીફ જ્યુડી.મેજી. કોર્ટ, પાલીતાણા**

**તૈયાર કરનાર (આર.એમ.ચોપડા) આસિસ્ટન્ટ** — **કોર્ટનો સિક્કો** — **મુકાબલ કરનાર (એ.બી.કુરેશી) આસિસ્ટન્ટ**

---

**-:જાહેર નોટીશ :-**

**પાલીતાણાના મહે. એડી. ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં મું.પાલીતાણા.**

**અરજદાર તર્ફે વિ.વ.શ્રી :- એચ.બી. ગોહિલ**
**પર.ફોજદારી અરજી નં.૩૭૮/૨૦૨૬**
**મુદત તારીખઃ ૧૬/૧૦/૨૦૨૬**

**નાગજીભાઈ ભીખાભાઈ બારૈયા**
**રહે. મું. સાંજણાસર, તા.પાલીતાણા, જી. ભાવનગર.**

**... અરજદાર**

**વિરુધ્ધ**

**તલાટી મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી સાંજણાસર, તા. પાલીતાણા, જી. ભાવનગર.**

**....સામાવાળા**

**બાબત :- જન્મ-મરણ અન્વયે જન્મની નોંધણી કરવા અંગેની અરજી...**

આથી જાહેર જનતાને સદરહુ નોટીશથી જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદાર નાગજીભાઈ ભીખાભાઈ બારૈયા રહે. મું. સાંજણાસર, તા.પાલીતાણા, જી. ભાવનગરના દિકરી નીધીબેન નાગજીભાઈ બારૈયાનો જન્મ તારીખ ૧૨/૦૫/૨૦૦૬ ના રોજ મું. સાંજણાસર, તા. પાલીતાણા, જી. ભાવનગર મુકામે થયેલ છે. સદરહુ જન્મની નોંધ સાંજણાસર ગ્રામ પંચાયત કચેરીના જન્મ રજીસ્ટ્રરમાં નોંધણી અંગે હુકમ કરવા સારૂ અરજદારે અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી દાખલ કરેલ છે. જે અરજી અંગે કોઇ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો, તકરાર હોઇ તેમણે આધાર પુરાવા સાથે જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં મુદત તારીખ ૧૬/૧૦/૨૦૨૬ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે હાજર રહેવું અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જે આ જાહેર નોટીશ દ્વારા જાહેર જનતા જોગ જાણ કરવામાં આવે છે.

આજરોજ તારીખ ૦૫/૧૦/૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

**હુકમથી**
**(એસ.જે.પરાંજપે)**
**રજીસ્ટ્રાર**
**પ્રિન્સી.સિનિ.સિવિલ અને એડી.ચીફ જ્યુડી.મેજી. કોર્ટ, પાલીતાણા**

**તૈયાર કરનાર (આર.એમ.ચોપડા) આસિસ્ટન્ટ** — **કોર્ટનો સિક્કો** — **મુકાબલ કરનાર (એ.બી.કુરેશી) આસિસ્ટન્ટ**

---

**-:જાહેર નોટીશ :-**

**પાલીતાણાના મહે. એડી. ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં મું.પાલીતાણા.**

**અરજદાર તર્ફે વિ.વ.શ્રી :- એચ.બી. ગોહિલ**
**પર.ફોજદારી અરજી નં.૩૮૦/૨૦૨૬**
**મુદત તારીખઃ ૧૬/૧૦/૨૦૨૬**

**વાઘાણી જીતેન્દ્રભાઈ નારણભાઈ**
**રહે. મું. ખીજડીયા, તા.પાલીતાણા, જી. ભાવનગર.**

**... અરજદાર**

**વિરુધ્ધ**

**તલાટી મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી ખીજડીયા, તા. પાલીતાણા, જી. ભાવનગર.**

**....સામાવાળા**

**બાબત :- જન્મ-મરણ અન્વયે જન્મની નોંધણી કરવા અંગેની અરજી...**

આથી જાહેર જનતાને સદરહુ નોટીશથી જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદાર વાઘાણી જીતેન્દ્રભાઈ નારણભાઈ રહે. મું. ખીજડીયા, તા.પાલીતાણા, જી. ભાવનગરના દિકરી વાઘાણી બંસીબેન જીતેન્દ્રભાઈનો જન્મ તારીખ ૦૯/૧૨/૨૦૦૩ ના રોજ મું. ખીજડીયા, તા. પાલીતાણા, જી. ભાવનગર મુકામે થયેલ છે. સદરહુ જન્મની નોંધ ખીજડીયા ગ્રામ પંચાયત કચેરીના જન્મ રજીસ્ટ્રરમાં નોંધણી અંગે હુકમ કરવા સારૂ અરજદારે અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી દાખલ કરેલ છે. જે અરજી અંગે કોઇ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો, તકરાર હોઇ તેમણે આધાર પુરાવા સાથે જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં મુદત તારીખ ૧૬/૧૦/૨૦૨૬ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે હાજર રહેવું અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જે આ જાહેર નોટીશ દ્વારા જાહેર જનતા જોગ જાણ કરવામાં આવે છે.

આજરોજ તારીખ ૦૫/૧૦/૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

**હુકમથી**
**(એસ.જે.પરાંજપે)**
**રજીસ્ટ્રાર**
**પ્રિન્સી.સિનિ.સિવિલ અને એડી.ચીફ જ્યુડી.મેજી. કોર્ટ, પાલીતાણા**

**તૈયાર કરનાર (આર.એમ.ચોપડા) આસિસ્ટન્ટ** — **કોર્ટનો સિક્કો** — **મુકાબલ કરનાર (એ.બી.કુરેશી) આસિસ્ટન્ટ**

---

**-:જાહેર નોટીશ :-**

**પાલીતાણાના મહે. એડી. ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં મું.પાલીતાણા.**

**અરજદાર તર્ફે વિ.વ.શ્રી :- એચ.બી. ગોહિલ**
**પર.ફોજદારી અરજી નં.૩૭૩/૨૦૨૬**
**મુદત તારીખઃ ૧૬/૧૦/૨૦૨૬**

**મોભ હાદાભાઈ માણાભાઈ**
**રહે. મું. બેલડા, તા.તળાજા, જી. ભાવનગર.**

**... અરજદાર**

**વિરુધ્ધ**

**તલાટી મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી વડાળ, તા. પાલીતાણા, જી. ભાવનગર.**

**....સામાવાળા**

**બાબત :- જન્મ-મરણ અન્વયે જન્મની નોંધણી કરવા અંગેની અરજી...**

આથી જાહેર જનતાને સદરહુ નોટીશથી જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદાર મોભ હાદાભાઈ માણાભાઈ રહે. મું. બેલડા, તા.તળાજા, જી. ભાવનગરના દિકરા રાજદીપ હાદાભાઈ મોભનો જન્મ તારીખ ૩૦/૦૫/૨૦૦૮ ના રોજ મું. વડાળ, તા. પાલીતાણા, જી. ભાવનગર મુકામે થયેલ છે. સદરહુ જન્મની નોંધ વડાળ ગ્રામ પંચાયત કચેરીના જન્મ રજીસ્ટ્રરમાં નોંધણી અંગે હુકમ કરવા સારૂ અરજદારે અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી દાખલ કરેલ છે. જે અરજી અંગે કોઇ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો, તકરાર હોઇ તેમણે આધાર પુરાવા સાથે જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં મુદત તારીખ ૧૬/૧૦/૨૦૨૬ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે હાજર રહેવું અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જે આ જાહેર નોટીશ દ્વારા જાહેર જનતા જોગ જાણ કરવામાં આવે છે.

આજરોજ તારીખ ૦૫/૧૦/૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

**હુકમથી**
**(એસ.જે.પરાંજપે)**
**રજીસ્ટ્રાર**
**પ્રિન્સી.સિનિ.સિવિલ અને એડી.ચીફ જ્યુડી.મેજી. કોર્ટ, પાલીતાણા**

**તૈયાર કરનાર (આર.એમ.ચોપડા) આસિસ્ટન્ટ** — **કોર્ટનો સિક્કો** — **મુકાબલ કરનાર (એ.બી.કુરેશી) આસિસ્ટન્ટ**

---

**-:જાહેર નોટીશ :-**

**પાલીતાણાના મહે. એડી. ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં મું.પાલીતાણા.**

**અરજદાર તર્ફે વિ.વ.શ્રી :- એચ.બી. ગોહિલ**
**પર.ફોજદારી અરજી નં.૩૭૯/૨૦૨૬**
**મુદત તારીખઃ ૧૬/૧૦/૨૦૨૬**

**ગોહિલ મથુરભાઈ લાલજીભાઇ**
**રહે. મું. પીપરડી-૨, તા. પાલીતાણા, જી. ભાવનગર.**

**... અરજદાર**

**વિરુધ્ધ**

**તલાટી મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી પીપરડી-૨, તા. પાલીતાણા, જી. ભાવનગર.**

**....સામાવાળા**

**બાબત :- જન્મ-મરણ અન્વયે જન્મની નોંધણી કરવા અંગેની અરજી...**

આથી જાહેર જનતાને સદરહુ નોટીશથી જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદાર ગોહિલ મથુરભાઈ લાલજીભાઈ રહે. મું. પીપરડી-૨, તા. પાલીતાણા, જી. ભાવનગરના દિકરા જયભાઈ મથુરભાઈ ગોહિલનો જન્મ તારીખ ૨૫/૦૮/૨૦૦૮ ના રોજ મું. પીપરડી-૨, તા. પાલીતાણા, જી. ભાવનગર મુકામે થયેલ છે. સદરહુ જન્મની નોંધ પીપરડી-૨ ગ્રામ પંચાયત કચેરીના જન્મ રજીસ્ટ્રરમાં નોંધણી અંગે હુકમ કરવા સારૂ અરજદારે અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી દાખલ કરેલ છે. જે અરજી અંગે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો, તકરાર હોઇ તેમણે આધાર પુરાવા સાથે જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં મુદત તારીખ ૧૬/૧૦/૨૦૨૬ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે હાજર રહેવું અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જે આ જાહેર નોટીશ દ્વારા જાહેર જનતા જોગ જાણ કરવામાં આવે છે.

આજરોજ તારીખ ૦૫/૧૦/૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

**હુકમથી**
**(એસ.જે.પરાંજપે)**
**રજીસ્ટ્રાર**
**પ્રિન્સી.સિનિ.સિવિલ અને એડી.ચીફ જ્યુડી.મેજી. કોર્ટ, પાલીતાણા**

**તૈયાર કરનાર (આર.એમ.ચોપડા) આસિસ્ટન્ટ** — **કોર્ટનો સિક્કો** — **મુકાબલ કરનાર (એ.બી.કુરેશી) આસિસ્ટન્ટ**

---

**-:જાહેર નોટીશ :-**

**પાલીતાણાના મહે. એડી. ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં મું.પાલીતાણા.**

**અરજદાર તર્ફે વિ.વ.શ્રી :- એચ.બી. ગોહિલ**
**પર.ફોજદારી અરજી નં.૩૭૭/૨૦૨૬**
**મુદત તારીખઃ ૧૬/૧૦/૨૦૨૬**

**રમેશભાઈ ધનજીભાઇ ગોહિલ**
**રહે. મું. પીપરડી-૨, તા. પાલીતાણા, જી. ભાવનગર.**

**... અરજદાર**

**વિરુધ્ધ**

**તલાટી મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી પીપરડી-૨, તા. પાલીતાણા, જી. ભાવનગર.**

**....સામાવાળા**

**બાબત :- જન્મ-મરણ અન્વયે જન્મની નોંધણી કરવા અંગેની અરજી...**

આથી જાહેર જનતાને સદરહુ નોટીશથી જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદાર રમેશભાઈ ધનજીભાઈ ગોહિલ રહે. મું. પીપરડી-૨, તા. પાલીતાણા, જી. ભાવનગરના દિકરી રીકલબેન રમેશભાઈ ગોહિલનો જન્મ તારીખ ૨૪/૧૨/૨૦૦૨ ના રોજ મું. પીપરડી-૨, તા. પાલીતાણા, જી. ભાવનગર મુકામે થયેલ છે. સદરહુ જન્મની નોંધ પીપરડી-૨ ગ્રામ પંચાયત કચેરીના જન્મ રજીસ્ટ્રરમાં નોંધણી અંગે હુકમ કરવા સારૂ અરજદારે અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી દાખલ કરેલ છે. જે અરજી અંગે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો, તકરાર હોઇ તેમણે આધાર પુરાવા સાથે જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં મુદત તારીખ ૧૬/૧૦/૨૦૨૬ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે હાજર રહેવું અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જે આ જાહેર નોટીશ દ્વારા જાહેર જનતા જોગ જાણ કરવામાં આવે છે.

આજરોજ તારીખ ૦૫/૧૦/૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

**હુકમથી**
**(એસ.જે.પરાંજપે)**
**રજીસ્ટ્રાર**
**પ્રિન્સી.સિનિ.સિવિલ અને એડી.ચીફ જ્યુડી.મેજી. કોર્ટ, પાલીતાણા**

**તૈયાર કરનાર (આર.એમ.ચોપડા) આસિસ્ટન્ટ** — **કોર્ટનો સિક્કો** — **મુકાબલ કરનાર (એ.બી.કુરેશી) આસિસ્ટન્ટ**

---

**-:જાહેર નોટીશ :-**

**પાલીતાણાના મહે. એડી. ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં મું.પાલીતાણા.**

**અરજદાર તર્ફે વિ.વ.શ્રી :- એચ.બી.ગોહિલ**
**પરચુ. ફોજદારી અરજી નંબરઃ-૩૭૪/૨૦૨૬**
**મુદત તારીખઃ- ૧૬/૧૦/૨૦૨૬**

**વિક્રમભાઈ જીણાભાઇ વણારકા**
**રહે. ઠાડચ, તા. પાલીતાણા, જી. ભાવનગર.**

**... અરજદાર**

**વિરુધ્ધ**

**તલાટી મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી ઠાડચ, તા. પાલીતાણા, જી. ભાવનગર.**

**....સામાવાળા**

**બાબત :- જન્મ-મરણ અન્વયે મરણ/અવસાન નોંધણી કરવા અંગેની અરજી...**

આથી જાહેર જનતાને સદરહુ નોટીશથી જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદાર વિક્રમભાઈ જીણાભાઈ વણારકા રહે. ઠાડચ, તા. પાલીતાણા, જી. ભાવનગર તેમના પિતા જીણાભાઈ દુદાભાઇ વણારકાનું મરણ/અવસાન તારીખ ૧૬/૧૧/૧૯૯૮ ના રોજ મું. ઠાડચ, તા. પાલીતાણા મુકામે થયેલ છે. સદરહુ અવસાન/મરણની નોંધ ઠાડચ ગ્રામ પંચાયત કચેરીના મરણ રજીસ્ટ્રરમાં નોંધણી અંગે હુકમ કરવા સારૂ અરજદારે અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી દાખલ કરેલ છે. જે અરજી અંગે કોઇ ઇસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો, તકરાર હોઇ તેમણે આધાર પુરાવા સાથે જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં મુદત તારીખ ૧૬/૧૦/૨૦૨૬ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે હાજર રહેવું અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જે આ જાહેર નોટીશ દ્વારા જાહેર જનતા જોગ જાણ કરવામાં આવે છે.

આજરોજ તારીખ ૦૫/૧૦/૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

**હુકમથી**
**(એસ.જે.પરાંજપે)**
**રજીસ્ટ્રાર**
**પ્રિન્સી.સિનિ.સિવિલ અને એડી.ચીફ જ્યુડી.મેજી. કોર્ટ, પાલીતાણા**

**તૈયાર કરનાર (આર.એમ.ચોપડા) આસિસ્ટન્ટ** — **કોર્ટનો સિક્કો** — **મુકાબલ કરનાર (એ.બી.કુરેશી) આસિસ્ટન્ટ**

---

**-:જાહેર નોટીશ :-**

**પાલીતાણાના મહે. એડી. ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં મું.પાલીતાણા.**

**અરજદાર તર્ફે વિ.વ.શ્રી :- એચ.બી.ગોહિલ**
**પરચુ. ફોજદારી અરજી નંબરઃ-૩૭૫/૨૦૨૬**
**મુદત તારીખઃ- ૧૬/૧૦/૨૦૨૬**

**વિક્રમભાઈ જીણાભાઈ વણારકા**
**રહે. ઠાડચ, તા. પાલીતાણા, જી. ભાવનગર.**

**... અરજદાર**

**વિરુધ્ધ**

**તલાટી મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી ઠાડચ, તા. પાલીતાણા, જી. ભાવનગર.**

**....સામાવાળા**

**બાબત :- જન્મ-મરણ અન્વયે મરણ/અવસાન નોંધણી કરવા અંગેની અરજી...**

આથી જાહેર જનતાને સદરહુ નોટીશથી જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદાર વિક્રમભાઈ જીણાભાઈ વણારકા રહે. ઠાડચ, તા. પાલીતાણા, જી. ભાવનગર તેમના માતા દેવબાઈબેન જીણાભાઈ વણારકાનું મરણ/અવસાન તારીખ ૦૮/૦૪/૨૦૦૪ ના રોજ મું. ઠાડચ, તા. પાલીતાણા મુકામે થયેલ છે. સદરહુ અવસાન/મરણની નોંધ ઠાડચ ગ્રામ પંચાયત કચેરીના મરણ રજીસ્ટ્રરમાં નોંધણી અંગે હુકમ કરવા સારૂ અરજદારે અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી દાખલ કરેલ છે. જે અરજી અંગે કોઇ ઇસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો, તકરાર હોઇ તેમણે આધાર પુરાવા સાથે જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં મુદત તારીખ ૧૬/૧૦/૨૦૨૬ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે હાજર રહેવું અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જે આ જાહેર નોટીશ દ્વારા જાહેર જનતા જોગ જાણ કરવામાં આવે છે.

આજરોજ તારીખ ૦૫/૧૦/૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

**હુકમથી**
**(એસ.જે.પરાંજપે)**
**રજીસ્ટ્રાર**
**પ્રિન્સી.સિનિ.સિવિલ અને એડી.ચીફ જ્યુડી.મેજી. કોર્ટ, પાલીતાણા**

**તૈયાર કરનાર (આર.એમ.ચોપડા) આસિસ્ટન્ટ** — **કોર્ટનો સિક્કો** — **મુકાબલ કરનાર (એ.બી.કુરેશી) આસિસ્ટન્ટ**

# સાયબર છેતરપિંડી અટકાવવા માટે વૈશ્વિક માળખું આવશ્યક : પીએમ મોદી

## પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ નવી દિલ્હીના યશોભૂમિ ખાતે યોજાનાર ઈન્ડિયા મોબાઈલ કોંગ્રેસના ૧૦મા સંસ્કરણનું ઔપચારિક ઉદ્ઘાટન કર્યું

નવીદિલ્હી,

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ નવી દિલ્હીના યશોભૂમિ ખાતે યોજાનાર ઈન્ડિયા મોબાઈલ કોંગ્રેસના ૧૦મા સંસ્કરણનું ઔપચારિક ઉદ્ઘાટન કર્યું. ૭ થી ૧૦ ઓક્ટોબર સુધી ચાલનારા આ વૈશ્વિક ટેક કાર્યક્રમમાં ભારત અને વિશ્વભરના ટેલિકોમ અને આઈટી ક્ષેત્રના નેતાઓ હાજરી આપી રહ્યા છે. આ વર્ષનો આઈએમસી ભવિષ્યની ટેકનોલોજીઓ પર ધ્યાન કેન્દ્રિત કરશે, જેમાં ૬જી, એઆઈ દ્વારા પ્રેરિત ડિજિટલ ક્રાંતિ અને સાયબર સુરક્ષાનો સમાવેશ થાય છે.



ઈન્ડિયા મોબાઈલ કોંગ્રેસના ઉદ્ઘાટન દરમિયાન, પીએમ મોદીએ દિગ્ગજ બોલિવૂડ અભિનેતા નાના પાટેકરને યાદ કર્યા અને શ્રદ્ધાંજલિ આપી. સ્વર્ગસ્થ નાના પાટેકરના અભિનયની પ્રશંસા કરતા, પ્રધાનમંત્રીએ કહ્યું કે તેઓ એક પ્રતિભાશાળી કલાકાર હતા અને ખૂબ જ પ્રભાવશાળી વ્યક્તિત્વ ધરાવતા હતા. નાના પાટેકરના નિધનથી હિન્દી અને મરાઠી સિનેમાને મોટું નુકસાન થયું છે.

ભારતની ડિજિટલ ક્રાંતિનો ઉલ્લેખ કરતા, પીએમ મોદીએ કહ્યું કે ૨૦૨૨ માં આઈએમસી પ્લેટફોર્મ પરથી ૫ જી સેવા શરૂ કરવામાં આવી હતી. છેલ્લા ચાર વર્ષમાં, ભારતના દરેક જિલ્લામાં ૫જી નેટવર્ક પહોંચી ગયા છે. હાલમાં, ભારતમાં ૫.૫ લાખથી વધુ ૫ જી બેઝ સ્ટેશન છે. ભારતમાં હવે ૬ જી પર કામ ચાલી રહ્યું છે.

પોતાના ભાષણ દરમિયાન ૨૦૨૦ ના કોવિડ-૧૯ રોગચાળાને યાદ કરતા, તેમણે કહ્યું કે ડિજિટલ ક્રાંતિને કારણે જ લોકો આ મુશ્કેલ સમયમાં અલગ હોવા છતાં પણ તેમના પરિવારોની નજીક રહ્યા. સરકારે ડિજિટલ ક્રાંતિને અપનાવી છે. આજે, દેશભરના ખેડૂતોને કિસાન સન્માન નિધિ દ્વારા નાણાકીય સહાય મળી રહી છે. આ બધું ડિજિટલ ક્રાંતિ દ્વારા શક્ય બન્યું છે.

પીએમ મોદીએ ઇન્ડિયા મોબાઈલ કોંગ્રેસમાં કહ્યું કે આજે, લાખો લોકો વિશ્વભરમાં ગેમિંગ ક્ષેત્રમાં ભારત સાથે જોડાયેલા છે. ભારતીય યુવાનો ઇ-સ્પોર્ટ્સથી લઈને ગેમ સર્જકો બન્યા છે. ભારતમાં ઓડિયો-વિઝ્યુઅલ ગેમિંગ ઝડપથી વિકસ્યું છે. સંદેશાવ્યવહાર ક્રાંતિ અને સસ્તા ડેટા ગેમિંગ ક્ષેત્રમાં ઝડપથી રોજગારીનું સર્જન કરી રહ્યા છે. ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિસ્તરણ સાથે, સામગ્રી બનાવટ ઉદ્યોગ હજારો કરોડ રૂપિયા સુધી પહોંચી ગયો છે.

પીએમ મોદીએ તેમના ભાષણ દરમિયાન, ઝડપથી વિકસતી ડિજિટલ ક્રાંતિમાં સાયબર સુરક્ષા અને છેતરપિંડી અંગે ચિંતા વ્યક્ત કરી. તેમણે લોકોને સતર્ક રહેવાની જરૂરિયાત પર ભાર મૂક્યો. લોકોએ તેમના ફોન કોલ્સ, સંદેશાઓ અને ડિજિટલ ચુકવણીઓનું નિરીક્ષણ કરવું જોઈએ.

# પીએમ મોદીની ઓટાવા મુલાકાત પહેલા ભારત અને કેનેડા વચ્ચે સંબંધ સુધર્યા

## ભારત અન્ય દેશો સાથે તેના સંબંધોને મજબૂત બનાવવા માટે કાર્યરત

નવીદિલ્હી,

યુએસ પ્રમુખ ટ્રમ્પના બદલાતા વલણને ધ્યાનમાં રાખીને, ભારત અન્ય દેશો સાથે તેના સંબંધોને મજબૂત બનાવવા માટે સતત કામ કરી રહ્યું છે. પરિણામે, ભારત અને કેનેડા વેપારથી લઈને સંરક્ષણ સુધીના વિવિધ મુદ્દાઓ પર ચર્ચામાં સતત આગળ વધી રહ્યા છે. દરમિયાન, બંને દેશો વચ્ચે તાજેતરના સુરક્ષા વાટાઘાટો દરમિયાન, તેઓએ વ્યાપક આર્થિક ભાગીદારી કરાર માટે વાટાઘાટો આગળ વધારવાના પ્રયાસોનું સ્વાગત કર્યું. તેમણે નેતૃત્વના વિઝનને અનુરૂપ મજબૂત દ્વિપક્ષીય સંરક્ષણ સંબંધોને આગળ વધારવાની વધતી સંભાવના પર પણ ભાર મૂક્યો. પ્રધાનમંત્રી મોદી ટૂંક સમયમાં કેનેડાની મુલાકાત લે તેવી અપેક્ષા છે, જ્યાં બંને પક્ષો સીઈપીએ પર હસ્તાક્ષર કરશે.

સત્તાવાર સૂત્રો અનુસાર, પ્રધાનમંત્રી મોદીની મુલાકાત ૧૧-૧૩ ડિસેમ્બરના રોજ થવાની શક્યતા છે. આ મુલાકાત ય૨૦ સમિટના થોડા દિવસો પહેલા થશે, જેમાં પીએમ મોદી અને કેનેડાના વડા પ્રધાન માર્ક કાર્ની ફ્લોરિડામાં અન્ય વિશ્વ નેતાઓ સાથે હાજરી આપશે. ભારત અને કેનેડા હાલમાં સીઈપીએ વાટાઘાટોનો પાંચમો રાઉન્ડ ચલાવી રહ્યા છે. બંને દેશોએ મહત્વાકાંક્ષી અને પરસ્પર લાભદાયી સીઈપીએ માટે હાકલ કરી છે જે આર્થિક ભાગીદારી માટે મજબૂત પાયો પૂરો પાડશે અને ભારત અને કેનેડાને ૨૦૩૦ સુધીમાં દ્વિપક્ષીય વેપારને સીએડી ૭૦ બિલિયન (૪૯ બિલિયન) સુધી વધારવામાં મદદ કરશે.

ભારત અને કેનેડા બંને માને છે કે સીઈપીએ સંબંધોને સામાન્ય બનાવવાની પ્રક્રિયા યોગ્ય પરિણામ આપશે. ગયા વર્ષે કાર્નેવડા પ્રધાન તરીકે પદભાર સંભાળ્યા પછી આ પ્રક્રિયા શરૂ થઈ હતી, જ્યારે યુએસ સાથે વેપાર કરાર પર મડાગાંઠ હતી. સંરક્ષણ સહયોગ વધારવાના પ્રયાસો પણ નોંધપાત્ર પરિણામો આપી શકે છે, ખાસ કરીને પીએમ મોદીની મુલાકાત દરમિયાન, જે ખાલિસ્તાની અલગતાવાદીની હત્યા પર રાજદ્વારી વિવાદ પછી દેશની તેમની પ્રથમ દ્વિપક્ષીય મુલાકાત હશે.

# SIR અંગેના વિરોધ વચ્ચે CEC જ્ઞાનેશ કુમારની સુરક્ષા સઘન કરવામાં આવી

નવી દિલ્હી,

મતદાર યાદીઓની 'સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન' (SIR) પ્રક્રિયામાં કથિત અનિયમિતતાઓને લઈને ચાલી રહેલા વિરોધ પ્રદર્શનો વચ્ચે, મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારની 'ઢ+' સુરક્ષા વ્યવસ્થાને વધુ મજબૂત કરવા માટે સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રિયલ સિક્યુરિટી ફોર્સ (CISF) દ્વારા વધારાના રિઝર્વ જવાનો તૈનાત કરવામાં આવ્યા છે, તેમ અધિકારીઓએ ગુરુવારે (૮ ઓક્ટોબર) જણાવ્યું હતું.

દિલ્હીની ન્યૂ મોતી બાગ કોલોનીમાં કુમારના નિવાસસ્થાન, ચૂંટણી પંચની કચેરી અને તેમની અંગત સુરક્ષા વ્યવસ્થાના ભાગરૂપે વધારાના CISF જવાનોની તૈનાતી વધારવામાં આવી છે.

CISF દ્વારા 'વધારાના રિઝર્વ' જવાનોની સંખ્યામાં વધારો

અધિકારીઓએ જણાવ્યું હતું કે વધારાના રિઝર્વ જવાનોની સંખ્યા વધારવાના આદેશ બાદ ૭ ઓક્ટોબરે આ વધારાનું સુરક્ષા બળ તૈનાત કરવામાં આવ્યું હતું.

કુમાર પહેલેથી જ દેશની સુરક્ષા વ્યવસ્થાના બીજા સર્વોચ્ચ સ્તર ગણાતી 'ઢ+' સુરક્ષા શ્રેણી હેઠળ સુરક્ષિત છે. આનાથી ઉપરની એકમાત્ર શ્રેણી 'સ્પેશિયલ પ્રોટેક્શન ગ્રુપ' (SPG) સુરક્ષા છે, જે વડાપ્રધાન અને તેમના નજીકના પરિવારને આપવામાં આવે છે.

અધિકારીઓએ જણાવ્યું હતું કે આ નવીનતમ તૈનાતી તેમની હાલની સુરક્ષા શ્રેણીમાં કોઈ અપગ્રેડ (સ્તરમાં વધારો) સૂચવતી નથી. "તેના બદલે, વર્તમાન સુરક્ષા પરિસ્થિતિ અને જોખમની આકારણીના આધારે રિઝર્વમાં રાખવામાં આવેલા વધારાના જવાનોને તૈનાત કરવાની પ્રક્રિયા છે."

# જીએસટી કાઉન્સિલની બેઠકમાં મુખ્ય નિર્ણયો: વ્યવસાયો માટે રાહત, નોટિસ નિયમોમાં ફેરફાર

નવીદિલ્હી,

૫૭મી જીએસટી કાઉન્સિલની બેઠકમાં વ્યવસાયો અને કરદાતાઓ માટે ઘણા મોટા નિર્ણયો લેવામાં આવ્યા. સૂત્રોના જણાવ્યા અનુસાર, કાઉન્સિલે જીએસટી અધિકારીઓ માટે ધરપકડની શક્તિ નાબૂદ કરવા, વિવિધ વ્યવસાય-સંબંધિત ખર્ચાઓ પર ઇનપુટ ટેક્સ ક્રેડિટ આપવા અને નાના કર વિવાદો ઘટાડવા સંબંધિત દરખાસ્તોને મંજૂરી આપી હતી.

આ ઉપરાંત, ડિલિવરી સેવાઓ, રિટ્રેડેડ ટ્રેક્ટર ટાયર અને નાના કર બાબતો અંગે પણ મહત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવ્યા હતા. આ ફેરફારોથી એફએમસીજી, ફાર્માસ્યુટિકલ, ટેલિકોમ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ડિલિવરી અને કોર્પોરેટ ક્ષેત્રોને રાહત મળવાની અપેક્ષા છે.સૂત્રોના જણાવ્યા અનુસાર, જીએસટી કાઉન્સિલે જીએસટી અધિકારીઓ પાસેથી ધરપકડની શક્તિ પાછી ખેંચવાના પ્રસ્તાવને મંજૂરી આપી છે. આનો અર્થ એ છે કે કર અધિકારીઓ નિયમિત જીએસટી વિવાદોમાં સીધી ધરપકડ કરી શકશે નહીં. ગંભીર ફોજદારી કેસ અને ઈરાદાપૂર્વક કરચોરીના કેસ માટે ન્યાયિક કાર્યવાહી અપનાવવામાં આવશે. બેઠકના એજન્ડામાં પહેલાથી જ જીએસટી કાયદાની કલમ ૬૯ હેઠળ ધરપકડની જોગવાઈમાં સુધારો કરવાનો અને ગંભીર કેસ સિવાય ફોજદારી કાર્યવાહી મર્યાદિત કરવાનો પ્રસ્તાવ શામેલ હતો.

કર્મચારીઓના આરોગ્ય અને જીવન વીમા અંગે કંપનીઓ માટે એક મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, કંપનીઓને કર્મચારીઓ માટે લેવામાં આવેલા જૂથ આરોગ્ય અને જીવન વીમા પર ચૂકવવામાં આવતા જીએસટી પર આઈટીસીનો દાવો કરવાની મંજૂરી આપવામાં આવી છે. આનાથી કંપનીઓના આવા ખર્ચ પર અસરકારક ખર્ચ ઘટી શકે છે. ફેક્ટરી પરિસરની બહાર ટેલિકોમ ટાવર અને પાઈપલાઈન પર પણ આઈટીસી ઉપલબ્ધ છે જીએસટી કાઉન્સિલે ફેક્ટરી પરિસરની બહાર ટેલિકોમ ટાવર અને પાઈપલાઈન પર આઈટીસી દાખલ કરવાની મંજૂરી આપી છે. આનાથી ટેલિકોમ, પાઈપલાઈન, રિફાઈનિંગ, પેટ્રોકેમિકલ્સ, ગેસ વિતરણ અને માળખાગત સુવિધાઓમાં સંકળાયેલા વ્યવસાયોને ફાયદો થઈ શકે છે. આ ક્ષેત્રો સામાન્ય રીતે આવી સંપત્તિઓ પર નોંધપાત્ર મૂડી ખર્ચ કરે છે.ડિલિવરી ક્ષેત્ર માટે પણ રાહતના સમાચાર છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, બિન-નોંધાયેલ ડિલિવરી રાઈડર્સ દ્વારા પૂરી પાડવામાં આવતી સેવાઓ પરનો જીએસટી ૧૮% થી ઘટાડીને ૫% કરવાની મંજૂરી આપવામાં આવી છે. આનાથી નાના ડિલિવરી સેવા પ્રદાતાઓ અને ઈ-કોમર્સ ડિલિવરી વ્યવસાયો પર કરનો બોજ ઘટાડી શકાય છે.કંપનીઓ માટે બીજો મહત્વપૂર્ણ ફેરફાર આઉટડોર કેટરિંગને લગતો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, પાત્ર વ્યવસાયોને આઉટડોર કેટરિંગ સંબંધિત જીએસટી પર આઈટીસી મળશે. આનાથી કંપનીઓના આવા ખર્ચ સંબંધિત ખર્ચમાં ઘટાડો થવાની અપેક્ષા છે.

## કંપની ન્યુઝ

# એચડી ફાયર પ્રોટેક્ટ લિમિટેડનો આઈપીઓ ૧૩ ઓક્ટોબરે ખુલશે



એચડી ફાયર પ્રોટેક્ટ લિમિટેડનો આઈપીઓ ૧૩ઓક્ટોબરે ખુલશે શેરની પ્રાઈસ બેન્ડ શેર દીઠ રૂ. ૨૫૮ થી રૂ.૨૭૧નક્કી કરાઈ છે

બિડ/ઓફર ખુલવાની તારીખ ૧૩ ઓક્ટોબર, ૨૦૨૬ છે અને ૧૫ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ બંધ થશે ઓછામાં ઓછાં ૫૫ ઈક્વિટી શેર અને ત્યારબાદ ૫૫ ઈક્વિટી શેર ના ગુણાંકમાં બિડ કરી શકાશે. એન્કર ઈન્વેસ્ટર માટે બિડિંગ તારીખ ૧૨ ઓક્ટોબર રહેશે.

# મુંગેરમાં એક એન્જિનિયરના પરિસરમાં દરોડા, ૮૩.૫૩ લાખની સંપત્તિ પ્રાપ્ત કરવાનો આરોપ

## કાનૂની આવક સ્ત્રોતો કરતાં ૮૩.૫૩ લાખની સંપત્તિ પ્રાપ્ત કરવાનો આરોપ

પટણા,

પટણાના આર્થિક ગુના એકમે ભ્રષ્ટાચાર અને કાળા નાણાંના કેસમાં બિહારના મુંગેરમાં પોસ્ટ કરાયેલા આયોજન અને વિકાસ વિભાગના એક્ઝિક્યુટિવ એન્જિનિયર નારદ કુમાર દાસ પર પકડ મજબૂત બનાવી છે.

મળેલી માહિતી અનુસાર, નારદ કુમાર દાસ વિરુદ્ધ ૭ ઓક્ટોબરના રોજ ક્રાઈમ યુનિટ પોલીસ સ્ટેશન કેસ નંબર ૨૮/૨૬ હેઠળ તેમની આવક કરતાં વધુ સંપત્તિ મેળવવા બદલ એફઆઈઆર નોંધવામાં આવી હતી. ત્યારબાદ, સ્પેશિયલ વિજિલન્સ કોર્ટની પરવાનગીથી, ભાગલપુર, મુંગેર, પટના અને મુઝફ્ફરપુરમાં પાંચ અલગ અલગ સ્થળોએ દરોડા પાડવામાં આવ્યા હતા.ડીએસપી-સ્તરના અધિકારીઓના નેતૃત્વ હેઠળ દરોડા પાડવામાં આવ્યા હતા.ઈઓયુને આયોજન અને વિકાસ વિભાગના એક્ઝિક્યુટિવ એન્જિનિયર નારદ કુમાર દાસ સામે પ્રથમ દૃષ્ટિએ પુરાવા મળ્યા છે કે તેમણે તેમના જાણીતા કાયદેસર આવક સ્ત્રોતો કરતાં ૮૩.૫૩ લાખની સંપત્તિ પ્રાપ્ત કરી છે, જે તેમની જાણીતી આવકના આશરે ૬૫ ટકા અપ્રમાણસર છે. આ સંદર્ભમાં, અલગ અલગ ટીમોએ હનુમાન પથ, તિલકમાંઝી, ભાગલપુર; બેલાન બજાર, બંગાળી ટોલા, પોલીસ સ્ટેશન-કાસિમ બજાર, મુંગેર; લોકલ એરિયા એન્જિનિયરિંગ ઓર્ગેનાઈઝેશન વર્ક ડિવિઝન, સરકારી ઓફિસ, ફ્લેટ નંબર ૪, ૨એફ, રાધિકા એપાર્ટમેન્ટ, નયા ટોલા, કાઝી મોહમ્મદપુર, મુઝફ્ફરપુર; અને ૫, કુસુમપુરમ મોહલ્લા, પોલીસ સ્ટેશન-રૂપાસપુર, જિલ્લો-પટના સ્થિત તેમના નિવાસસ્થાનો પર શોધખોળ શરૂ કરી છે.

# બંગાળ સરકારે મિથુન ચક્રવર્તીને કેબિનેટ મંત્રીનો દરજ્જો આપ્યો

## સાંસ્કૃતિક બાબતોના વિભાગમાં સલાહકાર તરીકે નિયુક્ત



કોલકાતા,

પશ્ચિમ બંગાળ સરકારે અભિનેતા મિથુન ચક્રવર્તીને માહિતી અને સાંસ્કૃતિક બાબતોના વિભાગમાં સલાહકાર તરીકે નિયુક્ત કર્યા છે. સરકારે તેમને કેબિનેટ મંત્રીનો દરજ્જો પણ આપ્યો છે. સૂચના અનુસાર, મિથુનને તાત્કાલિક અસરથી માહિતી અને સાંસ્કૃતિક બાબતોના વિભાગમાં સાંસ્કૃતિક સલાહકાર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારીએ તાજેતરમાં જાહેરાત કરી હતી કે મિથુન ચક્રવર્તીને પશ્ચિમ બંગાળ સરકારના સાંસ્કૃતિક સલાહકાર તરીકે નિયુક્ત કરવામાં આવશે.

મિત્યુન ચક્રવર્તીની નિમણૂકની જાહેરાત મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારી દ્વારા સુપ્રસિદ્ધ અભિનેતા ઉત્તમ કુમારના જન્મ શતાબ્દી ઉજવણી સંબંધિત એક કાર્યક્રમ દરમિયાન કરવામાં આવી હતી. રાજ્ય સરકાર આ ઉત્સવો દ્વારા બંગાળના ફિલ્મ વારસાને પ્રોત્સાહન આપવા અને રાજ્યને એક મુખ્ય સાંસ્કૃતિક અને સિનેમેટિક હબ તરીકે સ્થાપિત કરવા પર ભાર મૂકી રહી છે.

# અનૈતિક ફાર્મા માર્કેટિંગ પર કાયદા માટે પેનલ બનાવવા સુપ્રીમ કોર્ટે કેન્દ્રને આદેશ આપ્યો

નવી દિલ્હી,

સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને એક નિષ્ણાત સમિતિ બનાવવાનો નિર્દેશ આપ્યો છે જે અનૈતિક ફાર્માસ્યુટિકલ માર્કેટિંગને રોકવા માટે એક વૈધાનિક પદ્ધતિ પર વિચાર કરે અને નક્કર ભલામણો સાથે પરત ફરે, જેથી નિયમનકારી સમીક્ષા ખુલ્લી કવાયત ન રહે.

ન્યાયાધીશ વિક્રમ નાથ અને સંદીપ મહેતાની બેન્ચે કેન્દ્રને કોર્ટના અગાઉના નિર્દેશો અને અવલોકનો અનુસાર સમિતિની રચના કરવાનો નિર્દેશ આપ્યો. "અમે ભારતીય સંઘને સમિતિની રચના કરવા અને અમારા અગાઉના નિર્દેશો અને અવલોકનોના સંદર્ભમાં તેની ભલામણો આપવાનો નિર્દેશ આપ્યો છે. કોર્ટના આદેશોનું પાલન દર્શાવવા માટે આ મામલો ૨૯ જાન્યુઆરી, ૨૦૨૭ ના રોજ કોર્ટ સમક્ષ મૂકવામાં આવશે," ન્યાયાધીશ મહેતાએ બેન્ચ માટે કાર્યકારી ભાગ વાંચતા કહ્યું.

આ નિર્દેશ મહત્વપૂર્ણ છે કારણ કે ફાર્માસ્યુટિકલ કંપનીઓની માર્કેટિંગ પ્રથાઓના નિયમનને કાયદાકીય સમર્થન આપવાનો પ્રશ્ન વર્ષોથી વણઉકેલાયેલો રહ્યો છે, કેન્દ્ર પોતે આ હેતુ માટે હાલના દવા અને આવશ્યક ચીજવસ્તુઓના કાયદાઓનો ઉપયોગ કરવામાં મુશ્કેલીઓ સ્વીકારે છે.ફેડરેશન ઓફ મેડિકલ એન્ડ સેલ્સ રિપ્રેઝન્ટેટિવ્સ એસોસિએશન ઓફ ઈન્ડિયા (FMRAI) દ્વારા ફાર્માસ્યુટિકલ માર્કેટિંગ પ્રથાઓ અને તબીબી વ્યાવસાયિકોને સંડોવતા કથિત અનૈતિક વર્તનને નિયંત્રિત કરવા માટે કાયદેસર રીતે બંધનકર્તા પદ્ધતિની માંગ કરતી અરજી પર આ મુદ્દો ઉભો થયો.આ અરજીમાં મોંઘા ભેટો, વિદેશ પ્રવાસો, અન્ય મફત ભેટો અને ડોકટરોને ચોક્કસ દવાઓ લખવા માટે પ્રેરિત કરવા માટે ઉચ્ચ દબાણવાળી માર્કેટિંગ યુક્તિઓનો ઉપયોગ પ્રકાશિત કરવામાં આવ્યો હતો.કેન્દ્રએ ગયા મહિને કોર્ટને જણાવ્યું હતું કે જ્યારે યુનિફોર્મ કોડ ફોર ફાર્માસ્યુટિકલ માર્કેટિંગ પ્રેક્ટિસ (UCPMP), ૨૦૨૪ સંતોષકારક રીતે કાર્ય કરી રહ્યું છે, ત્યારે અલગથી તપાસ કરવાની જરૂર છે કે શું ફાર્માસ્યુટિકલ કંપનીઓને કાયદાકીય શાસનમાંલાવવા જોઈએઅનેજોએમ હોય, તો આવા માળખાનું સ્વરૂપ શું

# ૨૦ વર્ષમાં વિમાન દુર્ઘટનામાં ૮,૭૭૮ લોકોના મોત : લગભગ ૯% કેસોમાં પાઈલટ્સ સંડોવાયેલા

નવીદિલ્હી,

હવાઈ મુસાફરી પહેલા કરતાં ઘણી સુરક્ષિત બની ગઈ છે, પરંતુ હવે ઉડ્ડયન ઉદ્યોગ માટે એક અલગ પ્રકારના ખતરા વિશે ચર્ચા થઈ રહી છે. આ ખતરો વિમાનમાં જ હોઈ શકે છે, એટલે કે પાયલોટ જાણી જોઈને વિમાનને નુકસાન પહોંચાડવાનો પ્રયાસ કરી શકે છે. તાજેતરની ફ્લાયદુબઈ ઘટનાએ ફરી એકવાર પ્રશ્ન ઉઠાવ્યો છે કે વિમાન અને સેંકડો મુસાફરોને પાયલોટ દ્વારા ઈરાદાપૂર્વકના પગલાંથી કેવી રીતે સુરક્ષિત રાખવા.

ઇન્ટરનેશનલ એર ટ્રાન્સપોર્ટ એસોસિએશનના ડેટા અનુસાર, ૨૦૦૫ થી ૨૦૨૫ દરમિયાન, વાણિજ્યિક ઉડ્ડયનમાં ૨૭૦ જીવલેણ અકસ્માતો થયા હતા, જેના પરિણામે ૮,૪૭૦ લોકો વિમાનમાં સવાર હતા. અન્ય મૃત્યુઆંક ઉમેરવાથી આ આંકડો ૮,૭૭૮ પર પહોંચે છે. દરમિયાન, વોલ સ્ટ્રીટ જર્નલ અનુસાર, આ જ સમયગાળા દરમિયાન, વિમાન અકસ્માતોમાં ઓછામાં ઓછા ૮૦૦ મૃત્યુ થયા હતા જેને યુએસ અધિકારીઓએ પાયલોટની ઈરાદાપૂર્વકની કાર્યવાહીને જવાબદાર ગણાવી છે અથવા જ્યાં આવી કાર્યવાહીની પુષ્ટિ થઈ છે.

જોકે, સ્થાનિક તપાસ એજન્સીઓના તારણો દરેક કેસમાં યુએસ અધિકારીઓના તારણો સાથે મેળ ખાતા નથી. કેટલાક અકસ્માતોની અંતિમ તપાસ હજુ પૂર્ણ થઈ નથી. આમાં ૨૦૧૪ મલેશિયા એરલાઇન્સ સ્ઉઁ૩૭૦ ક્રેશ, ૨૦૨૨ ચાઇના ઈસ્ટર્ન ક્રેશ અને ૨૦૨૫ એર ઈન્ડિયા ક્રેશનો સમાવેશ થાય છે. ત્રણેય કિસ્સાઓમાં, યુએસ અધિકારીઓએ ઈરાદાપૂર્વકની કાર્યવાહીની શંકા વ્યક્ત કરી છે, પરંતુ સ્થાનિક તપાસ હજુ સુધી આવા અંતિમ નિષ્કર્ષ પર પહોંચી નથી. ૨૦૧૫નો જર્મનવિંગ્સ ક્રેશ એકમાત્ર કેસ છે જેને સત્તાવાર રીતે ઈરાદાપૂર્વકનો ક્રેશ માનવામાં આવે છે. કો-પાયલટે ફ્રેન્ચ આલ્પ્સમાં ઈરાદાપૂર્વક વિમાન ક્રેશ કર્યું હતું, જેમાં ૧૫૦ લોકો માર્યા ગયા હતા. આંકડા મુજબ, છેલ્લા બે દાયકામાં વૈશ્વિક હવાઈ મુસાફરીમાં આશરે ૩૭%નો વધારો થયો છે, જ્યારે ૨૦૦૫ થી ૨૦૨૫ દરમિયાન વાણિજ્યિક ઉડ્ડયનમાં મૃત્યુની સંખ્યામાં ૩૫%નો ઘટાડો થયો છે. સામાન્ય વિમાન અકસ્માતોમાં ઘટાડો થયો છે.

# ફક્ત ગેરકાયદેસર સંબંધના આરોપના આધારે વિધવાત્વ છીનવી ન શકાય: અલ્હાબાદ હાઈકોર્ટ

## અલાહાબાદ હાઈકોર્ટે કૌટુંબિક મિલકત અને વારસા સંબંધિત એક કેસમાં મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો

અલ્હાબાદ,

અલાહાબાદ હાઈકોર્ટે કૌટુંબિક મિલકત અને વારસા સંબંધિત એક કેસમાં મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે. વિધવા તરીકે સ્ત્રીનો કાનૂની દરજ્જો લગ્ન અને તેના પતિના મૃત્યુથી ઉદ્ભવે છે. કોર્ટે જણાવ્યું હતું કે જો કોઈ સ્ત્રી પર તેના પતિના મૃત્યુ પછી બીજા પુરુષ સાથે ગેરકાયદેસર સંબંધ હોવાનો આરોપ હોય, તો પણ વિધવા તરીકેની તેની કાનૂની દરજ્જો અને તેની સાથે સંકળાયેલા કાનૂની અધિકારો ફક્ત આ આધારે રદ કરી શકાતા નથી. કોર્ટે એમ પણ કહ્યું હતું કે વ્યક્તિના કાયદેસર બાળક અને કાનૂની વારસદાર બનવાના અધિકારને ફક્ત મૌખિક આરોપો અથવા દાવાઓના આધારે કાયદેસર બાળક અને કાનૂની વારસદાર બનવાના તેમના અધિકારથી વંચિત રાખી શકાય નહીં. બાળકની કાયદેસરતાને પડકારવા માટે, ભારતીય પુરાવા અધિનિયમ દ્વારા નિર્ધારિત ધોરણોમાં મજબૂત, સ્વતંત્ર અને વિશ્વસનીય પુરાવા રજૂ કરવા જરૂરી છે. બલિયા જિલ્લામાં ૨૦૦૧ થી પેન્ડિંગ સિવિલ વિવાદમાં પ્રથમ અપીલ સ્વીકારતી વખતે ન્યાયાધીશ અનિલ કુમારની સિંગલ બેન્ચે આ અવલોકન કર્યું હતું.કોર્ટે ૨૦૦૦ માં બલિયાના બીજા વધારાના જિલ્લા ન્યાયાધીશ દ્વારા પસાર કરાયેલા ચુકાદા અને હુકમનામાને સંપૂર્ણપણે રદ કર્યો હતો, જેમાં મહિલાને તેના સ્વર્ગસ્થ પતિની વિધવા તરીકે માન્યતા આપવાનો ઈનકાર કરવામાં આવ્યો હતો. હાઈકોર્ટે અપીલ સ્વીકારીને વાદી દ્વારા દાખલ કરાયેલ મૂળ દાવો ફગાવી દીધો.

આ સમગ્ર વિવાદ બલિયા જિલ્લાના એક પરિવાર સાથે સંબંધિત છે. માહિતી અનુસાર, સ્વર્ગસ્થ શ્રીપતિ પાંડેને ત્રણ પુત્રો હતાઃ રામ અવધ પાંડે, વિંધ્યાચલ પાંડે અને જગત નારાયણ પાંડે. વિંધ્યાચલ પાંડેના લગ્ન રાજેશ્વરી દેવી સાથે થયા હતા, અને વિંધ્યાચલ પાંડેનું ૧૯૩૮ માં કોઈ સંતાન વિના અવસાન થયું હતું. આ પછી, સ્વર્ગસ્થ રામ અવધ પાંડેના પુત્ર હરિશંકર પાંડેએ ૧૯૮૮ માં મૂળ સિવિલ દાવો દાખલ કર્યો હતો.

## તંત્ર અને દબાણકારો વચ્ચે સંતાકૂકડીની રમતઃ કરોડોની કિંમતી જમીનો પર બિનઅધિકૃત કબજો

# ચાવડીગેટ પાવર હાઉસની દીવાલે ઊભા કરાયેલા ઝૂંપડા પોલીસ બંદોબસ્ત વચ્ચે હટાવાયા

**વાહન વ્યવહારને અડચણરૂપ ૧૫થી વધુ અતિરિક્ત બાંધકામો પર જેસીબી ફેરવાયું; માલસામાન જપ્ત ન કરાતાં ફરી દબાણ થવાની વ્યાપક શક્યતા, ચોક્કસ નીતિના અભાવે ભાવનગરમાં મહાપાલિકાની દબાણ હટાવ કામગીરી બની રહી છે ફારસરૂપ !**







તસવીર : ધવલ વાજા

ભાવનગર,તા.૯

ભાવનગર મહાનગરપાલિકા તંત્ર દ્વારા આજે શહેરના ચાવડીગેટ વિસ્તારમાં આવેલા પાવર હાઉસની દીવાલે ઊભી કરી દેવાયેલી ગેરકાયદે ઝૂંપડપટ્ટી વસાહત પર બુલડોઝર ફેરવીને દબાણો દૂર કરવાની કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. રસ્તા પર આવતા-જતાં વાહનચાલકો અને રાહદારીઓ માટે ભારે નડતરરૂપ બનેલા આ ઝૂંપડાઓને ભૂતકાળમાં પણ હટાવવામાં આવ્યા હતા, પરંતુ દબાણકારો દ્વારા ફરીથી ત્યાં કાચું બાંધકામ ખડકી દેવામાં આવ્યું હતું. આજે પણ કાર્યવાહી દરમિયાન સ્થાનિક દબાણકારો અને મનપાની ટીમ વચ્ચે સામાન્ય ઘર્ષણની સ્થિતિ જોવા મળેલ. પોલીસ બંદોબસ્ત વચ્ચે કોર્પોરેશનની ટીમે જેસીબી મશીનની મદદથી ૧૫ જેટલા ગેરકાયદે ઝૂંપડાં હટાવ્યા હતા.

જોકે, આ સમગ્ર કાર્યવાહી બાદ પણ મનપા તંત્ર દ્વારા દબાણકારોનો માલસામાન જપ્ત કરવામાં આવ્યો ન હોવાથી સ્થાનિક જાગૃત નાગરિકોમાં ભારે અસંતોષ જોવા મળી રહ્યો છે. નાગરિકોનું કહેવું છે કે માલસામાન જપ્ત ન કરાતાં દબાણ કરનારા તત્વો ફરીથી એ જ જગ્યાએ અથવા તો આસપાસના અન્ય કોઈ સરકારી મેદાનમાં ઝૂંપડાં બાંધીને નવેસરથી ન્યૂસન્સ ઊભું કરશે.

ભાવનગરમાં સરકારના વિવિધ વિભાગો હસ્તકની કરોડો રૂપિયાની કિંમતી જમીનો રક્ષણ વગર બિનવારસી પડી હોવાના કારણે આવા ગેરકાયદે દબાણોનો અડ્ડો બની ગઈ છે. શહેરના જવાહર મેદાન તેમજ રસાલા કેમ્પ સામે આવેલા સરકારી મેદાન સહિતની ખુલ્લી જગ્યાઓમાં ભૂતકાળમાં અનેકવાર ગેરકાયદે વસાહતો ઊભી કરી દેવાઈ છે. નોંધનીય છે કે, સમયાંતરે શહેરમાં બનતા ગુનાખોરીના બનાવોની તપાસ દરમિયાન આ પ્રકારની વસાહતોમાં અસામાજિક તત્વો આશરો લેતા હોવાનું પણ સામે આવ્યું છે.એક તરફ ભાવનગર મનપા દ્વારા શહેરના બ્યુટીફીકેશન અને સ્વચ્છતા પાછળ કરોડો રૂપિયાનો ધુમાડો કરવામાં આવે છે અને અધિકારીઓ-કર્મચારીઓ દિવસ-રાત મહેનત કરે છે, તો બીજી તરફ ચોક્કસ અને કડક નીતિના અભાવે આવી ગેરકાયદે વસાહતો યોજનાઓ પર પાણી ફેરવી રહી છે. તંત્ર એક સ્થળેથી ઝૂંપડાં હટાવે કે તુરંત દબાણકારો બીજા સ્થળે કબ્જો જમાવી દે છે. તાજેતરમાં રસાલા કેમ્પ સામેથી દબાણો દૂર કરી તાર ફેન્સિંગ કરાતાં દબાણકારોએ જવાહર મેદાન અને આસપાસની જગ્યાઓ પર કબ્જો જમાવવાનું શરૂ કરી દીધું છે. આમ, કોઈ કાયમી નીતિ વગર કરાતી મનપાની આ કામગીરી માત્ર ફારસરૂપ બની રહી હોય તેમ લાગી રહ્યું છે.

# તળાજાના ધારડી ગામે કારે બાઈકને અડફેટે લેતા બે યુવકોના કરૂણ મોત

**મોરલીધર હોટલ નજીક બનેલા બનાવની અલંગ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ**

ભાવનગર,તા.૦૯

ભાવનગર જિલ્લાના તળાજા તાલુકાના ધારડી ગામ પાસે મોરલીધર હોટલ નજીક પૂરઝડપે આવી રહેલી એક ફોરવ્હીલ કારના ચાલકે મોટરસાઈકલને ટક્કર મારતા સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં બે યુવકોના ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત નીપજ્યા હતા. આ બનાવ અંગે અલંગ પોલીસ સ્ટેશનમાં કાર ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધ તપાસ હાથ ધરી છે.

બનાવ અંગે પ્રાપ્ત માહિતી અનુસાર, ત્રાપજ ગામના રહેવાસી પંકજભાઈ જીવણભાઈ વાસાણી (ઉ.વ. ૪૮) અને તેમના મિત્ર ગોવિંદભાઈ વેલજીભાઈ ભાલીયા (ઉ.વ. ૩૫) મોટરસાઈકલ નં. GJ-05-DS-3296 લઈને ધારડી ગામે મોરલીધર હોટલ પાસે રોડ ક્રોસ કરી રહ્યા હતા. તે દરમિયાન કાર નં. GJ-04-FA-2980ના ચાલકે પોતાના કબ્જાની કાર પૂરઝડપે અને બેફિકરાઈથી ચલાવી મોટરસાઈકલ સાથે જોરદાર ટક્કર મારી હતી.

આ અકસ્માતમાં બંને યુવકો રોડ પર ફંગોળાઈ જઈ ગંભીર રીતે લોહીલુહાણ હાલતમાં બેભાન થઈને પડ્યા હતા. આસપાસના લોકો દ્વારા ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરવામાં આવતા બંને ઈજાગ્રસ્તોને તળાજા સીએચસી સેન્ટર ખાતે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબે તપાસી (જુઓ પાનું ૬)»

# ઘોઘામાં વીજ ધાંધિયાથી કંટાળેલી જનતાનો આક્રોશઃ મોડી રાત્રે વીજ કચેરીએ હલ્લાબોલ

**સતત પાવર કટથી અસહ્ય ગરમીમાં બાળકો અને દર્દીઓ હેરાન; ૧૧૨ પોલીસ ટીમે પહોંચી મામલો થાળે પાડ્યો, સમસ્યા નહીં ઉકેલાય તો ઉગ્ર આંદોલનની ચીમકી**

ઘોઘા,તા.૯

ઘોઘા શહેરમાં છેલ્લા કેટલાક સમયથી અવિરતપણે ચાલી રહેલા વીજ ધાંધિયાથી કંટાળેલી સ્થાનિક જનતાની ધીરજનો અંત આવ્યો હતો. આખો દિવસ વીજળીની સતત આવન-જાવન (પાવર કટ)ના કારણે સમગ્ર વિસ્તારમાં ભારે હાલાકી સર્જાતાં આક્રોશે ભરાયેલા ગ્રામજનો અને સ્થાનિકોએ ગત મોડી રાત્રે ઘોઘા સ્થિત PGVCL (પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ) કચેરીએ ઘેરાવ કરી ઉગ્ર વિરોધ પ્રદર્શન સાથે હલ્લાબોલ કર્યો હતો.

સ્થાનિકોના જણાવ્યા અનુસાર, આખો દિવસ લાઈટ ગુલ થઈ જવાના કારણે વેપાર-ધંધા અને રોજિંદા કામકાજ ખોરવાઈ ગયા છે. સાથોસાથ અસહ્ય ગરમી અને બફારા વચ્ચે વૃદ્ધજનો, ગંભીર બીમારીથી પીડાતા દર્દીઓ તેમજ નાના ભૂલકાંઓની હાલત અત્યંત દયનીય બની ગઈ છે. વારંવાર રજૂઆતો કરવા છતાં વીજ કંપની દ્વારા કોઈ યોગ્ય કામગીરી ન કરાતાં લોકોનો રોષ ચરમસીમાએ પહોંચ્યો હતો.

PGVCL કચેરી ખાતે લોકોના ભારે વિરોધ અને નારેબાજીને કારણે વાતાવરણ તંગ બની ગયું હતું. બનાવની ગંભીરતાને ધ્યાને રાખીને તુરંત જ ૧૧૨ પોલીસ ટીમ ઘટનાસ્થળે દોડી આવી હતી. પોલીસે સ્થિતિ પર કાબૂ મેળવીને મામલો થાળે પાડવાનો અને લોકોના આક્રોશને શાંત કરવાનો પ્રયાસ કર્યો હતો.

રોષે ભરાયેલા નાગરિકોએ વીજ કંપનીના અધિકારીઓને સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપી છે કે જો ઘોઘા વિસ્તારની વીજ સમસ્યાનો તાત્કાલિક અને કાયમી ઉકેલ લાવવામાં નહીં આવે, તો આગામી દિવસોમાં વીજ બિલના નાણાં ન ચૂકવવા સહિત સ્થાનિક જનતા આકરા પાણીએ જઈ વધારે ઉગ્ર આંદોલન કરશે, જેની તમામ જવાબદારી સ્થાનિક PGVCL તંત્રની રહેશે.

# આક્ષેપ : મહુવાના દુધેરીમાં પ્રાથમિક શાળાના આચાર્ય દ્વારા બાળકોને ઢોર માર મરાયો

**સાત બાળકોને નિષ્ઠુરતાપૂર્વક માર મારતાં મોઢા-આંખે સોજા આવ્યા અને શરીરે ભરોળી પડી ગઈ; આચાર્ય સામે શિસ્તભંગનાં પગલાં ભરવા માંગ**

ભાવનગર,તા.૯

ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાના દુધેરી ગામની પ્રાથમિક શાળાના આચાર્ય રજનીભાઈ બારૈયા દ્વારા શાળામાં અભ્યાસ કરતા માસુમ બાળકોને અસહ્ય ઢોર માર મારવામાં આવ્યો હોવાની અને ગેરવર્તણૂક કર્યાની ગંભીર ફરિયાદ ઉઠી છે. આ મામલે શાળા વ્યવસ્થાપન સમિતિ (SMC) ના સભ્યો તથા વાલીઓએ એકત્ર થઈ ભાવનગર જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી (DPEO) ને લેખિતમાં સત્તાવાર રજૂઆત કરી કડક શિસ્તભંગના પગલાં ભરવાની માંગ કરી છે.

રજૂઆતમાં જણાવ્યા અનુસાર, ગત તા. ૧/૧૦/૨૦૨૬ ના રોજ શાળા સમય દરમિયાન આચાર્ય દ્વારા ધોરણ-૬ ના આશરે ૭ જેટલા બાળકોને અત્યંત નિર્દયી રીતે માર મારવામાં આવ્યો હતો. બાળકો ઘરે પહોંચતા




તેમના વાલીઓને આ બાબતની જાણ થઈ હતી. માર એટલો ક્રૂર હતો કે બાળકોના મોઢા તથા આંખો પર ગંભીર સોજા આવી ગયા હતા અને આંખે દેખાતું બંધ થઈ જવા સુધીની સ્થિતિ સર્જાઈ હતી. આ ઉપરાંત બાળકોના શરીર પર મારના કારણે લોહી ઉપસી આવતાં ચકામાં (ભરોળો) પડી ગયા હતા.

SMC સભ્યોએ પત્રમાં આક્ષેપ કર્યો છે કે જ્યારે વાલીઓ કે SMC સભ્યો આચાર્યને રજૂઆત કરવા જાય છે ત્યારે તેઓ ગંભીરતા લેવાના બદલે અહંકારી સ્વભાવ બતાવી ગેરવર્તણૂક કરે છે. શાળાના વિકાસ માટે સરકારી ગ્રાન્ટો પૂરેપૂરી વપરાતી નથી અને સુવિધા વધારવામાં આવતી નથી. આચાર્યની આવી બેદરકારીના કારણે શાળામાં ભય અને તંગદિલીભર્યું વાતાવરણ ઊભું થયું છે, જેથી નાના બાળકોમાં ઊંડો ડર વ્યાપી ગયો છે.

આ મામલે SMC ના સભ્યોએ સહીઓ તથા અંગૂઠાના નિશાન સાથે જિલ્લા શિક્ષણ અધિકારી, જિલ્લા કલેક્ટર, DDO, નાયબ કલેક્ટર તથા TDO મહુવાને નકલ રવાના કરીને આચાર્ય સામે ત્વરિત અને કડક કાનૂની/નિયમાનુસાર શિસ્તભંગના પગલાં લેવા માગણી કરી છે.

## ભાવનગર પોલીસ દ્વારા "હર ઘર, સાયબર સુરક્ષિત ઘર" અભિયાન છેડાયું

એહવાલ પાના નં. ૬ પર

**ભાજપના પૂર્વ કોર્પોરેટર કિશોર ભટ્ટએ એકમાત્ર અવાજ ઉઠાવ્યો**

# રૂપાણીથી કેડી માણેક સર્કલના રોડ પર અંધારપટ : સ્ટ્રીટ લાઈટ સત્વરે શરૂ કરો

ભાવનગર,તા.૯

ભાવનગર શહેરના મુખ્ય ધોરીમાર્ગ ગણાતા રૂપાણી સર્કલથી કેડી માણેક સર્કલ (દીપક હોલ પાસે) સુધીના માર્ગ પર રાત્રિના સમયે સેન્ટર સ્ટ્રીટ લાઈટોના અભાવે અંધારપટ છવાઈ જતાં વાહનચાલકો અને નગરજનોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. આ રસ્તા પર ડ્રેનેજ લાઈનનું કામ પૂર્ણ થયા બાદ નવો રોડ બનાવીને સેન્ટર ડિવાઈડર તથા રેલિંગ પણ નાખી દેવામાં આવ્યા છે. આ કામગીરી પૂર્ણ થયાને ખાસો



સમય વીતી ગયો હોવા છતાં સેન્ટર સ્ટ્રીટ લાઈટ શરૂ ન કરાતાં રાત્રિના સમયે અકસ્માતનો ગંભીર ભય સતાવી રહ્યો છે.સ્થાનિક નાગરિકોની વ્યાપક ફરિયાદો અને રજૂઆતોને (જુઓ પાનું ૬)»

**ડ્રેનેજ, રોડ અને ડિવાઈડર રેલિંગનું કામ પૂર્ણ થયાને ખાસ્સો સમય વિતવા છતાં સ્ટ્રીટલાઈટનું કામ હજુ પણ ખોરંભે**


